ડીપવેબ : અંધારાની આડમાં ડિજિટલ જીવન

વેક્સિન વિશે ગ્રામ્ય વિસ્તારોમાં ભ્રમણા

ભારતીય મૂળના પત્રકારને પુલિત્ઝર પુરસ્કાર

૦૩ જુલાઈ, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹ ૨૫-૦૦

અભિયાન

સંબંધોનું ગણિત
સંખ્યાના આટાપાટા

રોનાલ્ડો, કોક, કોલ્ડ્રિન્ક્સ પબ્લિસિટીની પારાયણ

• સોફ્ટ ડ્રિન્ક્સ કયા કારણોથી હાર્ડ પડે છે?

VISIT…

RAJANI®
GROUP
Since : 1975

AUTHENTIC INDIAN
Chilli Powder

Only Books Magazine

FARM FRESH
Haldi Powder

RICH FLAVOUR
Coriander - Cumin

+91-98256 07989
www.rajanigroup.in

Shop Now On
amazon Flipkart

Follow Us

ધ મેડિકલ ટુરિઝમ હબ - વેલકેર હોસ્પિટલ, વડોદરા.

દુનિયાના સમૃદ્ધ દેશો પૈકી ભારત એક એવો દેશ છે જેમાં મેડિકલ ટુરિઝમનો ગ્રોથ છેલ્લા કેટલાક વર્ષોમાં સતત વધ્યો છે અને હજી પણ વધુ વિકાસ પામી રહ્યો છે. જેના મુખ્ય પરિબળોમાં સરકારના મેડિકલ વિઝા અંગેના નીતિ- નિયમો, દેશમાં મેડિકલક્ષેત્રે ઉપલબ્ધ વિકાસની તકો અને ડોકટર્સ તથા તેમને સંલગ્ન વ્યાપાર- ધંધા કે રોજગારની સાથે વિદેશની સરખામણીએ ભારતમાં ઓછા ખર્ચે મળતી સારી ટ્રીટમેન્ટ અને આસાન ટ્રાન્સપોર્ટેશન મુખ્ય છે. આ બાબતે દુનિયાના ટોપ દેશોમાં ભારત અગ્રેસર છે.

આ હકીકતને ધ્યાનમાં લઈએ તો આજે ગુજરાતના વડોદરા શહેરે પણ મેડિકલ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરવામાં સફળતા મેળવી છે. જેમાં વડોદરાની ઓર્થોપેડિક ક્ષેત્રે જાણીતી વેલકેર હોસ્પિટલ અને તેના સ્થાપક ડૉ.ભરતભાઇ મોદીનું નામ વડોદરાની ઓળખ આંતરરાષ્ટ્રિયસ્તરે મેડિકલ ટુરિઝમ સિટી તરીકે બનાવવામાં ઘણું મહત્વનુ રહ્યું છે. ડૉ.મોદીએ ઓર્થોપેડિકક્ષેત્રે પોતાની કાબેલિયત અને વિશિષ્ટ ટ્રીટમેન્ટ પદ્ધતિથી પોતાના દમ પર આ સિદ્ધિ પ્રાપ્ત કરી હોવાની હકીકત આજે મેડિકલક્ષેત્રે એક સીમાચિન્હરૂપ બાબત છે. એટલુ જ નહીં ડૉ. મોદી પોતાના આ વિશિષ્ટ યોગદાન બદલ આજે મેડિકલ જગતમાં એક રોલમોડેલ બની ચૂક્યા છે.

વેલકેર હોસ્પિટલ અંગે એક હકીકત એ છે કે કોઈપણ સંસ્થાના વખાણ દેશ- દુનિયાના લોકો કરે એજ એ વાતનો પુરાવો છે કે તેમાં કઈ'ક ખાસ વિશેષતા છે. હજ્જારો કિલોમીટર દૂરથી પોતાના જોખમ અને ખર્ચે અહી સુધી દર્દીઓ આવે આ બાબત સૂચવે છે કે ડો.મોદી અને વેલકેર હોસ્પિટલ પર તેમનો વિશ્વાસ કેટલો મજબૂત છે.સાચું કહીએ તો દુનિયાભરમાંથી આવતા દર્દીઓ માટે આજે ઘણા વિકલ્પો હોવા છતાં માત્ર વેલકેર હોસ્પિટલ જ તેમની સૌથી પહેલી પસંદ હોય તે વિચાર કરવા જેવી બાબત છે. આજ હકીકતને ઉદાહરણ આપી સમજીએ તો અસલ સોનાની પરખ યા ચકાસણી કસોટીના પત્થર પર જ થતી હોય છે તેમ આજે વેલકેર હોસ્પિટલે પણ દર્દીઓની ઉત્તમ સારવાર કરી એક કસોટીના સાચા પત્થર તરીકે પોતાને સાબિત કરી છે.

અહી એ બાબત ઉલ્લેખનીય છે કે વેલકેર હોસ્પીટલમાં વ્યવસ્થા ઉચ્ચ કોર્પોરેટ કક્ષાની છે પણ હુંફ એક ફેમિલી જેવી મળે છે. તેનું મુખ્ય કારણ ડૉ.મોદી અને તેમનો સમગ્ર પરિવાર હોસ્પિટલ માટે સમર્પિત છે. એટલે કે તેમના પત્ની ડો.હર્ષિદા મોદી પોતે એક તજજ્ઞ તરીકે હોસ્પિટલના મેનેજમેન્ટમાં સક્રિયરીતે કાર્યરત છે. જ્યારે તેમના બન્ને પુત્રો ડો.ક્ષિતજ મોદી અને ડો.આશય મોદી વર્લ્ડકલાસ લેવલનું એજ્યુકેશન મેળવી એક કુશળ અને તજજ્ઞ એવા પિતા ડો.ભરત મોદી સાથે હોસ્પિટલની ખ્યાતિમાં અભિવૃદ્ધિ થાય અને તેનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનાવવા સતત પ્રયત્નશીલ છે.

ગુજરાતની મોસ્ટ એડ્વાન્સ્ડ ઓર્થોપેડિક સ્પેશ્યાલિટી હોસ્પિટલ તરીકે વડોદરાની વેલકેર હોસ્પિટલની પોતાની આગવી ઓળખ છે. બિલ્ડીંગનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય કે હોસ્પીટલમાં અપાતી ટ્રીટમેન્ટ, ફેસિલિટી કે અત્યાધુનિક સુવિધાઓ દરેક બાબતે પોતાના નામ અને કામથી પેશન્ટસને સેટિસ્ફાઇડ કરવામાં વેલકેર હોસ્પિટલ અવ્વલ છે. આજે અહી ઓર્થોપેડિકને લગતા તમામ દર્દોની સારવારમાં હિપ,ની અને સ્પાઇન સર્જરી, ફેક્ચર સર્જરી, આથ્રોસ્કોપી, જનરલ સર્જરી, ન્યૂરો સર્જરી, યુરોલોજી, પ્લાસ્ટિક સર્જરી,ગસ્ટ્રોલોજી,ઈએનટી,અને ફિઝિયોથેરાપી જેવી ટ્રીટમેન્ટ ઉપલબ્ધ છે.

અત્યાર સુધીમાં અહી દુનિયાભરમાંથી સ્પેશ્યલ ઓર્થોપેડિક ટ્રીટમેન્ટ માટે આવનાર પેશન્ટસમાં યુકે, યુએસએ, કેનેડા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા સહિત ગલ્ફકન્ટ્રીના કુવૈત, ઈરાન, ઈરાક, બેહરીન, દુબઈ, યુએઈ, તથા આફ્રિકન કન્ટ્રીના કેન્યા, યુગાન્ડા, નાઈઝીરિયા, તાન્ઝાનિયા, ઝામ્બિયા મુખ્યત્વે સામેલ છે. ફિજી દેશના માજી વડાપ્રધાન સીતીવેની રાંબુકા ડો.ભરત મોદીનું નામ સાંભળી તેમની પાસે બન્ને ઘુંટણની સર્જરી કરાવવા વેલકેર હોસ્પિટલમાં આવ્યા હતા. આજે તેઓ ફિજીના રાજકારણમાં ઓપોજીશનના નેતા તરીકે સક્રિય ભાગ ભજવી રહ્યા છે. આમ, વિદેશી પેશન્ટસ સાથે સમગ્ર ભારત દેશમાંથી આવેલા દર્દીઓ મળી વર્ષોની ઝળહળતી કારકિર્દી દરમ્યાન ડો. ભરત મોદી અત્યાર સુધીમાં કુલ ૪૦ હજારથી વધુ સર્જરી કરી ચૂક્યા છે.

એટલુ જ નહીં ડો.મોદી સાથે નેક્સ્ટ જનરેશન એટલે કે હવે પછીની પેઢીરૂપે તેમના પુત્ર ડો.ક્ષિતિજ મોદી પણ હોસ્પિટલમાં સામેલ થતાં અનુભવની સાથે હવે લેટેસ્ટ ટેક્નોલૉજીનો સમન્વય થયો છે. જે એક રીતે સોનામાં સુગંધ ભળી હોય તેમ હોસ્પીટલની વિશેષતામાં વધારો થયો છે અને તેની સાથે એક નવો જોમ-જુસ્સો ઉમેરાયો છે તેમ કહી શકાય. ડો. ક્ષિતિજ મોદી દેશના યંગેસ્ટ આથ્રોસ્કોપી સર્જન પૈકીના એક છે.

ડૉ.ક્ષિતિજ મોદી - નૈરોબી,કેન્યાના પેશન્ટ સાથે...

ડૉ.હર્ષિદા મોદી - ઈરાકના પેશન્ટ સાથે...

ફિજી દેશના માજી વડાપ્રધાન સીતીવેની રાંબુકા ડો.ભરત મોદીનું નામ સાંભળી તેમની પાસે બન્ને ઘુંટણની સર્જરી કરાવવા વેલકેર હોસ્પિટલમાં આવ્યા હતા. આજે તેઓ ફિજીના રાજકારણમાં ઓપોજીશનના નેતા તરીકે સક્રિય ભાગ ભજવી રહ્યા છે.

Only Books Magazine

દુનિયાભરમાંથી હજ્જારો કિલોમીટર દૂરથી પોતાના જોખમ અને ખર્ચે આવતા દર્દીઓ માટે આજે ઘણા વિકલ્પો હોવા છતાં માત્ર વેલકેર હોસ્પિટલ જ તેમની સૌથી પહેલી પસંદ હોય છે તે વિચાર કરવા જેવી બાબત છે.

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૦૩ જુલાઈ **૨૦૨૧**
વર્ષ: ૩૭ અંક: ૦૩ સળંગ અંક: ૧૮૩૮

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોઘાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે, ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્કયુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૬૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ

૧૮ રોનાલ્ડો, કોક, કોલ્ડ્રિન્ક્સ પબ્લિસિટીની પારાયણ

ગયા ફેબ્રુઆરીમાં દુનિયામાં ફેસબુક, ઇન્સ્ટ્રાગ્રામ અને ટ્વિટર પર સૌથી વધુ ફેન્ડ ફોલોઅર્સ મેળવનાર રોનાલ્ડો પ્રથમ વ્યક્તિ બન્યો. આ રોનાલ્ડોએ ગયા સપ્તાહમાં થોડો હાથ હલાવ્યો તેમાં કોકા-કોલા કંપનીને જબરો ધક્કો લાગી ગયો. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રોનાલ્ડોએ કોકા-કોલાની બોટલો ઊંચકીને બાજુ પર મૂકી દીધી. રોનાલ્ડોના આ કાર્યકલાપની જગતમાં ખૂબ ચર્ચા થઈ.

૨૬ કોરોનાના કારણે સ્કૂલો બંધ થવાની સંખ્યા વધશે



૨૮ 'ફ્લાઇંગ શીખ' મિલ્ખા સિંહનો જીવન બોધપાઠ

૩૧ વેક્સિન : ગ્રામ્ય વિસ્તારમાં ભ્રામક માન્યતા પ્રવર્તે છે

૧૫ ડીપવેબ: અંધારાની આડમાં ડિજિટલ જીવન

૩૪ પશ્ચિમી જગતે પ્રજાને ફાધર્સ ડેના રવાડે ચડાવ્યા

ફેમિલી ઝોન

૩૮ બાળકોના માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવો

નિયમિત કોલમ

૦૫ પંચામૃત
૪૦ વિઝા
૪૩ ભાવિ
૪૪ લઘુ-નવલ

Only Books Magazine

Only Books Magazine

તર્ક-વિતર્કથી નહીં, શ્રદ્ધા દ્વારા ઊંડી સમજ



પોતાને ઘેર વિઝિટે બોલાવનાર એક વેપારીને જતાં જતાં ડોક્ટરે કહ્યું : 'એક આટલું જ યાદ રાખવું કે ડોક્ટર પાટાપિંડી કરે છે. બાકી ઝખમ રુઝાવાનું કામ ભગવાન કરે છે અને ઘા રુઝાવનારો મોટો ભગવાન બહાર જ્યાં હોય ત્યાં પણ એનો કોઈક કમ્પાઉન્ડર તમારી અંદર જ છે. બધી દવાઓ પણ તમારી અંદર છે. કોઈક કમ્પાઉન્ડર તેમાંથી સાચી દવા પસંદ કરીને તેને અસરકારક બનાવે છે.'

આ સુખી વેપારી કોઈ અપવાદરૂપ કિસ્સો નથી. સુખી કે દુઃખી, બુદ્ધિજીવી કે મહેનતકશ બધાં જ પુખ્ત સ્ત્રી-પુરુષો કોઈ ને કોઈ વાર આવી લાગણી અનુભવે છે. ઘણા માણસો મનની અંદર ખરાબ-ખોટા-અનિષ્ટ વિચારોને વિખેરી નાખવામાં સફળ થાય છે. કોઈ ઇષ્ટ દેવનું સ્મરણ કરે છે, પ્રાર્થના કરે છે, પોતાનાં માતા કે પિતાનું સ્મરણ કરે છે. આમાં કશી નિર્બળતા જોવાની જરૂર નથી. માણસ જેમ જેમ વધુ ને વધુ જાણે છે તેમ તેમ તેનું ખોટું અભિમાન ઊતરી જાય છે. આપણા અલ્પજ્ઞાનનું આપણને પારાવાર અભિમાન હોય છે. આકાશ આસમાની છે તેનું આ કારણ છે. આકાશ આટલું ઊંચું છે (?) મેઘધનુષ રચવાનું કારણ આ છે ત્યાંથી માંડીને અસંખ્ય બાબતો વિશેનું આપણું સહેજસાજ જ્ઞાન પણ આપણને જ્ઞાનના ડુંગર જેવું લાગે છે, પણ જગતના મહાનમાં મહાન વિજ્ઞાનીઓ આપણા સાધુસંતો સાથે સ્પર્ધામાં ઊતરી શકે તેટલા નમ્ર લાગે છે, કારણ કે તેમણે તેમના સૂક્ષ્મ જ્ઞાનની ખૂબ લાંબી છતાં સીમિત નળીમાંથી જોઈ લીધું છે કે જે કંઈ બહાર છે અને જે કંઈ આપણી અંદર છે તેનો પાર પામી શકાય તેવું નથી. બુદ્ધિથી, માત્ર પૃથક્કરણથી, માત્ર સિદ્ધાંતથી કે કોઈ પ્રયોગથી આ પાર પામી શકાય તેવું નથી.

એટલે માણસ ઝાઝા તર્કવિતર્કમાં પડ્યા વગર શ્રદ્ધા દ્વારા એક ઊંડી સમજ કેળવી શકે છે. જીવનના નાના-મોટા અનંત દીપ પ્રગટાવનારી જે મહાશક્તિ છે તેનો કાંઈક અંશ દરેક જીવનમાં પડેલો છે. આપણે આપણી અંદર પડેલી આ શક્તિને ઢંઢોળી શકીએ છીએ અને તેને કલ્યાણકારક બનાવી શકીએ છીએ. અમેરિકાના મનોવિજ્ઞાનના પિતા વિલિયમ જેમ્સ કહે છે કે તમારા અજ્ઞાત મનમાં ડુંગર ડોલાવવાની શક્તિ છે. અમેરિકાનો ચિંતક રાલ્ફ વાલ્ડો એમર્સન કહે છે કે તમે જેવું વિચારો છો તેવા તમે બનો છો.

આપણો પુરુષાર્થ બહારના ક્ષેત્રે ચાલ્યા જ કરે છે, પણ દરેક માણસ જાણ્યે-અજાણ્યે એક આંતરિક પુરુષાર્થ પણ કરતો હોય છે. તેણે પોતાની જાતનું ઘડતર કરવાનું છે. પોતાની શી ગુંજાશ છે તે પારખવાનું છે અને તે ખરેખર શું મેળવવા ઇચ્છે છે તે પણ નક્કી કરવાનું છે. એક ડોક્ટર કે એક એન્જિનિયર વિદ્યા-તાલીમ લઈને પોતાનો બાહ્ય પુરુષાર્થ પુરવાર કરે છે, પણ તેના આંતરિક પુરુષાર્થનું પૂરેપૂરું બળ તેમાં ભળેલું નહિ હોય તો તે કોઈ વિશિષ્ટ પ્રદાન કરી નહીં શકે. હકીકતે આ આંતરિક પુરુષાર્થ ખૂબ મહત્ત્વનો છે, કેમ કે આમાં ખેતીનો નિયમ લાગુ પડે છે. તમે એક બીજ વાવ્યું હોય તો દસ બીજ તમે પામો છો.

મોટા વિજ્ઞાનીઓએ, દાક્તરોએ, ઉદ્યોગપતિઓએ, કલાકારોએ અને ઋષિમુનિઓએ પણ અજ્ઞાત મનના, અંતઃસ્રોતના, અંતરની પ્રેરણાના ચમત્કારો સ્વાનુભવે જોયેલા-જાણેલા છે. આ કાંઈ એકવીસમી સદીની વિશિષ્ટ દેન નથી. સિગમન્ડ ફ્રોઇડે 'અજ્ઞાત મન'ની વાત કરી તે પહેલાં સેંકડો વર્ષોથી તમામ ધર્મોએ તેની હસ્તી જાહેર કરેલી છે. ફ્રોઇડે ત્યાં માત્ર એક જડ જોઈ, પણ તેનાં મૂળ સુધી ઊંડા જવાનો સમય ના રહ્યો. છેલ્લાં વર્ષોમાં કેન્સરની એક પછી એક શસ્ત્રક્રિયા કરાવી રહેલા ફ્રોઇડ લગભગ છેલ્લા દ્વાર પર પહોંચ્યા હતા, પણ પાછા વળી ગયા! બધી વૃત્તિઓ-પ્રવૃત્તિઓનાં મૂળમાં કામવૃત્તિ છે તેવું તેણે કહ્યું હતું, પણ આનું પણ મૂળ છે અને આ બાબતનો કોઈ અલગ મર્યાદિતરૂપે વિચાર પણ કરી શકાય તેમ નથી. હમણા એક પ્રથમ પંક્તિના વિજ્ઞાનીએ કહ્યું છે કે, "બહુ જ ઘટ રીતે અને બહુ જ ખૂબીથી ગૂંથાયેલો આ ચંદરવો છે. ગ્રહો તો ઠીક, 'માણસ પણ ઠીક' પણ એક ઝીણામાં ઝીણી હસ્તીની, વસ્તુની પણ અસર છે. બધું જ એકબીજા પર અવલંબે છે, અસર પાડે છે. અસંખ્ય ચક્રો સર્જન-વિસર્જનનાં નિરંતર ચાલ્યા જ કરે છે. મનથી, જ્ઞાનથી, સાધનથી માપી ના શકાય તેવું આ જે અનંત-વિરાટ તંત્ર ચાલે છે, તેની પિછાન મેળવવા પૂર્વના ઋષિમુનિઓ પાસે જ જવું રહ્યું. બીજા કોઈની પાસે તેની વ્યાખ્યા પણ નહિ જડે. એ લોકો આ બધાને માયા કે લીલા કહેતા હોય તો તે એક વાસ્તવિક વર્ણન છે, તેમ એક વૈજ્ઞાનિક તરીકે મારે કહેવું જોઈએ."

અજ્ઞાત મન આપણી અંદર ઈશ્વર કે પરમ શક્તિનું આસન છે તેમ સમજીને તેને શુભ વિચારો, શુભ સંદેશાઓ-સંકલ્પો આપવા જોઈએ.

સુબત બક્ષી

(લેખકના પુસ્તકમાંથી)

૨ જાન્યુઆરી, ૨૦૨૧

દાનવીર ઉદ્યોગપતિઓની દુનિયા...

સરસ કવર સ્ટોરી છે. વિપ્રોના માલિક અઝીમ પ્રેમજી દાનવીર છે એ વાત તો જાણીતી છે, પણ દેશમાં સૌથી વધુ દાન તેમણે આપ્યું છે એ જાણીને આનંદ થયો. આમ તો રતન ટાટા દાન આપવામાં અગ્રેસર છે એ વાત સર્વવિદિત છે. આપણે ત્યાં કહેવત છે કે એક હાથે દાન કરીએ તો બીજા હાથને પણ ખબર ન પડવી જોઈએ. કદાચ અઝીમ પ્રેમજી આ જ વાતમાં માનતા લાગે છે. આ ઉપરાંત શિવ નાડાર, સુધા મૂર્તિ અને નારાયણ મૂર્તિ, નિલેકણી દંપતી, મુકેશ અંબાણી વગેરે બિઝનેસમેનો સીએસઆર હેઠળ ડોનેશન આપતા જ હોય છે, પણ જ્યારે કોઈ જ સ્વાર્થ વગર અન્યોની મદદ માટે સેવાના ભાવથી સંપત્તિનું દાન કરવામાં આવે તે વિચાર અને આચાર બિરદાવવા યોગ્ય છે.

તુષાર ઉપાધ્યાય, ભાવનગર

પ્રતિભાવો મોકલવા એકદમ સરળ

આપના પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. અભિયાનમાં શું ગમ્યું? શું ન ગમ્યું? આપનાં અન્ય સૂચનો પણ આવકાર્ય છે. આપના પ્રતિભાવ હવે તમે પત્ર ઉપરાંત ઈ-મેઇલ મોકલી શકો છો.

આ આઇડી ઉપર ઈ-મેઇલ કરો :
abhiyaan@sambhaav.com

પત્ર લખવા માટેનું સરનામું
'આત્મીયતા' અભિયાન, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

પંજાબી સાગ અને મક્કે કી રોટી...

ખેડૂત આંદોલન પર તાર્કિક કટાક્ષવાળો લેખ. ગળે ઊતરે એવી વાત. હું ખેડૂતોનો વિરોધી નથી, પણ અવિચારી આંદોલન કરવાના અને વિરોધ કરવાની રીતનો વિરોધી છું. હું સમજી શકું છું કે કેટલાક અંશે ખેડૂતોની માગણી કદાચ યોગ્ય હશે, પણ સરકાર સાથે વાટાઘાટ કરીને તેનું નિરાકરણ લાવી શકાય. સરકાર પણ વાટાઘાટો માટે તૈયાર જ છે. જોકે, ખેડૂત આંદોલનને રાજકીય રમતનો હથકંડો બનાવવું સહેજ પણ યોગ્ય નથી. આમાં તો જગતના તાતનું જ અપમાન છે. ખેર, ગૌરાંગભાઈએ પંજાબના પરિપ્રેક્ષ્યમાં જે વાસ્તવિકતા રજૂ કરી છે તે સાચી છે.

પવન ખૂંટ, મુંબઈ

મમતાના ગઢના કાંગરા ખરી રહ્યા છે...

પ.બંગાળનું દેશના રાજકારણમાં હંમેશાંથી પ્રભુત્વ રહ્યું છે, પણ મોટા ભાગે નિરર્થક રીતે. આ વખતે પ.બંગાળની ચૂંટણી રસાકસીભરી લાગી રહી છે, કારણ કે ભાજપે ત્યાં ડેરો જમાવ્યો છે. ખેર, પ.બંગાળની ગ્રામ્ય પ્રજામાં જો સમજદારી હોત તો આટલાં વર્ષો સુધી તે ગરીબી અને દારુણ પરિસ્થિતિનો સામનો ના કરી રહી હોત. જોઈએ, આ વખતે હવે મમતા બેનરજી મુખ્યમંત્રી બને છે કે નહીં. બાકી પોલિટિકલ ડાન્સ જોવાની મજા આવી રહી છે.

સુબોધ નારંગ, સુરત

ગુરુ અને શનિ, જીવ અને શિવ...

સોશિયલ મીડિયા વિભાગમાં તાજેતરમાં જે ખગોળીય ઘટના ઘટી તેની નોંધ લેવામાં આવી, જે વાંચીને આનંદ થયો. આ ખગોળીય ઘટના વિશે સાયન્સમાં રસ ધરાવતા લોકો સિવાય ભાગ્યે જ કોઈને ગતાગમ પડી હશે.

અનિરુદ્ધ રાંદેરિયા, ગાંધીનગર

જ્યાં દરેક વળાંકે ઇતિહાસ છે...

કોલકાતા કોલિંગમાં ભવાનીપુર વિશે માહિતી આપવામાં આવી છે. વાંચવાની મજા ખૂબ આવી. એવું લાગતું હતું કે જાણે શબ્દે શબ્દે ચિત્ર જીવંત થતું હોય. કોલકાતા કોલિંગ વિભાગમાં પ.બંગાળની વાતો જાણવાની અને વાંચવાની મજા આવે છે.

પ્રોફેસર રંજના શિરોમણિ, પાટણ

કોરોનાના દર્દીઓને પ્રોત્સાહિત કરતું બેન્ડ..

કોરોનાના દર્દીઓને પ્રોત્સાહિત કરતા અહેસાસ બેન્ડની સ્ટોરી 'અભિયાન'માં વાંચી. સ્ટોરી પ્રેરણાદાયી છે. અહેસાસ બેન્ડના સભ્યોને પણ અભિનંદન અને ધન્યવાદ. જે રોગમાં દર્દી પાસે સગા જતા ડરે એવા માહોલમાં બેન્ડના સભ્યો દર્દીઓનું મનોબળ વધારવાનું કામ કરે છે તે પ્રશંસનીય છે. આ રીતની પ્રેરણાત્મક અને સમાજોપયોગી સ્ટોરી 'અભિયાન'ના પાને વાંચવા મળતી રહેશે એવી અપેક્ષા સહ...

રમેશ બ્રહ્મભટ્ટ, અમદાવાદ

દાડમના પાક તરફથી મોઢું ફેરવતા ખેડૂતો

કચ્છના ખેડૂતો ખેતીમાં પ્રયોગો કરવા જાણીતા છે. જોકે, દાડમના પાકમાં બહુ વળતર મળતું ન હોવાને કારણે હવે કચ્છના ખેડૂતો બાગાયત પાક તરફ વળી રહ્યા છે એ વાત સાચી છે. કચ્છના ખેડૂતોની સમસ્યાને વાચા આપવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તે સારો છે. સાચી અને માહિતીસભર સ્ટોરી.

જાનકી ગઢવી, ભુજ

માહિતીપ્રદ છે ફેમિલી ઝોન...

મોટા ભાગે બાળકોને કોઈ અસહજ બીમારી થઈ હોય તો ઝટ ખ્યાલ નથી આવતો. એમાંય રોગ શારીરિક કરતાં માનસિક વધુ હોય ત્યારે તો મુશ્કેલી વધી જાય છે. ખેર, ફેમિલી ઝોન વિભાગમાં બાળકોને પોલાકીરિયા બીમારી વિશે વાત કરવામાં આવી છે એ માહિતીપ્રદ છે. પેરેન્ટ્સ માટે ઉપયોગી છે.

ફિરદોશ ત્રિવેદી, નડિયાદ

મજેદાર હોય છે મૂવી ટીવી...

જલ્લીકટ્ટુ ફિલ્મ ઓસ્કાર માટે નોમિનેટ થઈ. આ પ્રકારની ફિલ્મો ખરેખર બનવી જોઈએ. આપણે લોકો મસાલા ફિલ્મોના આદિ બની ગયા છે. સમાજની વાસ્તવિકતાથી વેગળા થઈ રહ્યા છે. જલ્લીકટ્ટુ જેવી ફિલ્મો આપણને અરીસો બતાવે છે.

સૌમિલ દાતાર, જૂનાગઢ

નવી ક્ષિતિજ વિભાગ સરસ અને માહિતીપ્રદ વાંચનનો સ્રોત છે. - દેવાંશી પાઠક, નવસારી

Only Books Magazine

વિદેશમાં નામ રોશન કરનારા ભારતીયો...

વિદેશમાં મોટી સંખ્યામાં ભારતીયો છે. આ બધામાં ઘણા બધા ભારતીયો એવા છે જેમણે વિવિધ ક્ષેત્રોમાં નામના મેળવી છે. આ અંગે 'અભિયાન'માં જે કવર સ્ટોરી આપવામાં આવી છે, તે વાંચવાની મજા આવી. મોટા ભાગે અમેરિકા, બ્રિટનમાં નામના મેળવનારા ભારતીયો વિશે લોકોને ખ્યાલ હોય છે. જોકે, અન્ય દેશોમાં પણ ભારતીયોએ કાઠું કાઢ્યું છે એ વાત રોમાંચકારી અને ગર્વ અપાવનારી છે. ઘણા ભારતીયો એવા છે, જેમણે ખરેખર ઊંચા પદ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યા છે. જોકે, મીડિયાની નજરે નથી આવતા. આવા લોકો પણ વિદેશી ધરતી પર ભારતનું નામ રોશન કરવાનું કામ કરે છે. સરસ અને માહિતીપ્રદ કવર સ્ટોરી.

અનસૂયા પટેલ, મહેસાણા

પ્રતિભાવો મોકલવા એકદમ સરળ

આપના પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. અભિયાનમાં શું ગમ્યું? શું ન ગમ્યું? આપનાં અન્ય સૂચનો પણ આવકાર્ય છે. આપના પ્રતિભાવ હવે તમે પત્ર ઉપરાંત ઈ-મેઇલ મોકલી શકો છો.

આ આઇડી ઉપર ઈ-મેઇલ કરો :
abhiyaan@sambhaav.com

પત્ર લખવા માટેનું સરનામું
'આત્મીયતા' અભિયાન, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

૯ જાન્યુઆરી, ૨૦૨૧

નેચરને નવ્વાણુ નમન...

વર્ષ ૨૦૨૦ના કોરોના કાળ દરમિયાન ઘણા લોકોએ સોલર પેનલ લગાવડાવી. સાઇકલ ચલાવવા લાગ્યા. પર્યાવરણને લઈને સજાગ થયા. ચર્નિંગ ઘાટ વિભાગમાં જે વાત કરવામાં આવી છે તદ્દન સાચી છે. લેખકે કેટલું સરસ લખ્યું છે કે આપણે વાસ્તવમાં પર્યાવરણ નથી બચાવી રહ્યા, આપણે આપણી જાતને બચાવી રહ્યા છીએ. મથાળું છે - નેચરને નવ્વાણુ નમન. ખરેખર યોગ્ય છે. નવ્વાણુ નહીં-સો એ સો ટકા નમન કરવા જ રહ્યા.

કપિલ યાદવ, અમદાવાદ

રસીકરણ અભિયાન વચ્ચે નવા સ્ટ્રેનની એન્ટ્રી....

રસીકરણ અભિયાન જોરશોરથી શરૂ કરવામાં આવ્યું છે. હવે સૌ કોઈ સમજી રહ્યા છે કે કોરોના સામે રક્ષણ મેળવવા માટે રસી જ અસરકારક ઉપાય છે. જોકે, રસીકરણ અભિયાન જોઈએ એટલી ઝડપ નથી મેળવી શક્યું અને આ બધાની વચ્ચે નવા સ્ટ્રેનની એન્ટ્રીના સમાચાર આવી રહ્યા છે. કોરોનાની બીજી લહેરની જે આશંકાઓ સેવાઈ રહી છે, તે સાચી ન ઠરે તો સારું.

કરણ પારધી, નવસારી

કિસાન આંદોલન નુકસાનકારી...

કિસાન આંદોલન ખરેખર હવે દેશ માટે નુકસાનકારી સાબિત થઈ રહ્યું છે કે ખેડૂતો માટે નુકસાનકારી સાબિત થઈ રહ્યું છે એ વિચારવા જેવી બાબત છે. રાજકાજમાં ખેડૂત આંદોલનના સંદર્ભમાં જે સંવેદનાઓ વ્યક્ત કરવામાં આવી છે તે વિચાર માગી લે એવી છે.

રામભાઈ દાંતણિયા, સૌરાષ્ટ્ર

સરસ કવર સ્ટોરી...

'વિદેશમાં નામ રોશન કરનારા ભારતીયો' માહિતીસભર સ્ટોરી છે. જોકે, મને હંમેશાંથી વિચાર આવે છે કે આપણે વિદેશમાં વસતા ભારતીયોની પ્રતિષ્ઠા પર આટલો ગર્વ લેતા હોઈએ છીએ તો એ લોકો ભારત કે ભારતીયો માટે શું કામ કરે છે કે કર્યું છે તેની માહિતી પણ મળવી જોઈએ.

જાનકી નાયક, વડોદરા

કચ્છનો માછીમારી વ્યવસાય કોરોનાનો ભોગ બન્યો...

કચ્છના લોકોની સમસ્યાને વાચા આપવાનું કામ 'અભિયાન' મેગેઝિન કરે છે. આ રીતે જ કામ કરતા રહેશો એવી અપેક્ષા છે.

વાસુદેવ ગડા, કચ્છ

લગ્ન સંસ્કાર અને પ્રિનપશલ કરાર...

લગ્ન સંસ્કાર ભારતીય અને હિન્દુ સંસ્કૃતિનું અભિન્ન ને પવિત્ર અંગ છે. તેને હવે લોકો પોતપોતાની રીતે વ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન કરે છે. એક્ચ્યુઅલીમાં વાયદો કરવો મુશ્કેલ નથી, પણ વાયદો નિભાવવો એ સૌથી મુશ્કેલ છે. જ્યારે વ્યક્તિને પોતાને વિશ્વાસ નથી હોતો કે તેણે આપેલું વચન એ પાળી બતાવશે ત્યારે એ આવા બધા કરારોનો સહારો લે છે. પ્રિનપશલ કરાર અંગે પહેલીવાર જાણ્યું. સરસ સ્ટોરી છે.

ગુણરંજન કાવડિયા, અમરેલી

અતીતને આશ્રય...

કોલકતા કોલિંગ કોલમમાં અતીતને આશ્રય અંતર્ગત દુર્લભ વસ્તુઓનો જે સંગ્રહ કર્યો છે તેના વિશે વાંચવાની મજા આવી. આવા લોકોને કારણે જ ઇતિહાસ સચવાઈ રહેતો હોય છે.

કશ્યપ ચૌધરી, આણંદ

ફેમિલી ઝોન અણમોલ...

ગૃહિણીના ગૃહકાર્યની કિંમત રૂપિયામાં આંકી શકાય. ગૃહિણી ચોવીસ કલાક જે રીતે ઘર-પરિવાર અને પોતાની જાતને સાચવે છે તે અનમોલ છે. તેમ છતાં ગૃહિણીના કાર્યની કિંમત અંકાવી જોઈએ અને તેને એનું વેતન મળવું જ જોઈએ એવું મારું દ્રઢપણે માનવું છે. જોકે, વાસ્તવિકતા એ છે કે આ મુદ્દો સમયાંતરે ઊઠતો જ રહે છે, પણ તેની પર ક્યારેય કોઈ ઠોસ કામ કરવામાં નથી આવતું.

અંકિની પંકેશ, મુંબઈ

માહિતીપ્રદ વિઝા વિમર્શ

વિઝા વિમર્શમાં નવા વર્ષમાં નિયમો હળવા થવાની વાત કરાઈ છે. સાચી ઠરે તો સારું.

કિંજા સોની, સુરત

નવી ક્ષિતિજમાં ફ્લોરિકલ્ચરિસ્ટ વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી છે. - હાર્દિક ગજ્જર, પાલનપુર

Only Books Magazine

કોરોના સંક્રમણ ઘટતાં રાજકીય ચેતના જાગી

દેશભરમાં કોરોના સંક્રમણના કેસોની સંખ્યામાં ઝડપભેર ઘટાડો થવાની સાથે આંશિક લૉકડાઉનમાં હળવાશ અપાઈ રહી છે, વ્યવસાય-રોજગાર ફરી રાબેતા મુજબ થવા જઈ રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય રાજકારણમાં પણ હલચલ વધી રહી છે. આ સપ્તાહે વડાપ્રધાને જમ્મુ-કાશ્મીરના રાજકીય પક્ષોના ૧૪ અગ્રણીઓને ચર્ચા માટે બોલાવ્યા છે. જમ્મુ-કાશ્મીર માટે તેને એક મોટી રાજકીય પહેલ માનવામાં આવે છે. કેન્દ્ર સરકાર આગામી વર્ષે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજવા ઉત્સુક હોવાનું જણાય છે. જમ્મુ-કાશ્મીરના રાજકીય પક્ષોના આ મુદ્દે સ્પષ્ટ દૃષ્ટિકોણ સંભવતઃ આ બેઠકમાં જાણવા મળશે. સપ્તાહના આરંભે પીડીપી અને કોંગ્રેસ વડાપ્રધાનની બેઠકમાં હાજરી આપશે કે કેમ એ અનિશ્ચિત હતું, પરંતુ સોમવારની ગુપકર જૂથની બેઠકમાં ચર્ચા પછી પીડીપી નિર્ણય કરવાની હોય તો મહદ્અંશે એ નિર્ણય બેઠકમાં હાજરી આપવાનો જ હશે. કેમ કે જમ્મુ-કાશ્મીરની વર્તમાન પરિસ્થિતિમાં વડાપ્રધાન સાથે ચર્ચા કરવાની અને પોતાના અભિપ્રાયોને અને વિચારોને પ્રત્યક્ષ વડાપ્રધાનને જણાવવાની આ તક ગુમાવવા મહદ્અંશે કોઈ તૈયાર નથી. વડાપ્રધાન સાથે ચર્ચા કર્યા સિવાય તેમની પાસે વિકલ્પ પણ શું છે? આ અગાઉ જમ્મુ-કાશ્મીરમાં પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી ત્યારે આરંભમાં આ ચૂંટણીનો બહિષ્કાર કરવાનું ગુપકર જૂથે જાહેર કર્યું હતું, પરંતુ પછીથી એ ભૂલને સુધારીને ચૂંટણીમાં સહભાગી થયા હતા અને અનેક સ્થળોએ ગુપકર જૂથના પક્ષોએ વિજય મેળવ્યો હતો. ગુપકર જૂથમાં નેશનલ કોન્ફરન્સ અને પીડીપી સહિતના કેટલાક રાજકીય પક્ષો અને જૂથો સામેલ છે. તેમની મૂળભૂત માગણી તો રાજ્યમાં કલમ-૩૭૦ ફરી લાગુ કરવાની છે, પરંતુ સમયની સાથે આ માગણીનું ઔચિત્ય ખતમ થઈ રહ્યું છે. આ વાસ્તવિકતા સ્વીકારવામાં ગુપકર જૂથ જેટલો વિલંબ કરશે તેટલું તેમને નુકસાન છે. જમ્મુ-કાશ્મીરની નવી બંધારણીય સ્થિતિ અનુસાર ત્યાંના પ્રાદેશિક પક્ષોએ અનુકૂલન સાધવું પડશે.

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ નાબૂદ થયે લગભગ પોણા બે વર્ષ થયા છે. આ સમયગાળા પહેલાં અને પછી ત્યાંના પ્રાદેશિક નેતાઓએ ઉચ્ચારેલી ચેતવણીઓ અને વ્યક્ત કરેલી ધારણાઓ તદ્દન નિરાધાર પુરવાર થઈ છે. જમ્મુ-કાશ્મીરમાં આ બે વર્ષ દરમિયાન કોઈ મોટી ઊથલપાથલ થઈ નથી. પાકિસ્તાનના તનતોડ પ્રયત્નો છતાં આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીરના મુદ્દાને કોઈ મહત્ત્વ મળ્યું નથી અને દુનિયાએ તેને ભારતનો આંતરિક મામલો ગણાવીને પૂર્ણવિરામ મુકી દીધું છે. વડાપ્રધાને બોલાવેલી રાજકીય પક્ષોની બેઠકથી પાકિસ્તાનના પેટમાં જરૂર ચૂંક ઊપડી છે. તેના વિદેશ મંત્રાલયે નિવેદન બહાર પાડ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રીને પાકિસ્તાનના વિદેશ પ્રધાને પત્ર પણ લખ્યો છે, પરંતુ આ બધું ભારતની આંતરિક બાબતોમાં બિન જરૂરી દખલના પ્રયાસ સિવાય કશું નથી.

જમ્મુ-કાશ્મીરમાં ચૂંટાયેલી પંચાયતો ગ્રામ્ય સ્તરે કામ કરતી થઈ ગઈ છે, પરંતુ કેન્દ્ર સરકારે રાજ્યમાં રોજગારીના નિર્માણના આપેલા વચનને પૂર્ણ કરવાનું બાકી છે. રાજ્યના યુવાનો રોજગાર માટે ઈંતેજાર કરે છે. જમ્મુ-કાશ્મીર ચેમ્બર ઓફ કોમર્સે આંકડા જાહેર કરીને કહ્યું છે કે કલમ-૩૭૦ની નાબૂદી પછી બેરોજગારી વધી છે. લગભગ ચાર લાખ લોકોએ નોકરી ગુમાવી છે. આ વાત ચોંકાવનારી છે. જમ્મુ-કાશ્મીરમાં અત્યારે વિધાનસભાના મતવિસ્તારોના પુનઃસીમાંકનનું કામ ચાલી રહ્યું છે. એ પૂર્ણ થાય પછી જ ચૂંટણી યોજી શકાશે. આ કામગીરી પૂર્ણ કરવાની મુદ્દત માર્ચ-૨૦૨૨ સુધીની છે. એ કામ પૂર્ણ થાય પછી જ ચૂંટણી પંચ ચૂંટણી માટે તૈયારી દર્શાવશે, પરંતુ રાજકીય પક્ષો પહેલેથી જ તૈયારીમાં વ્યસ્ત બને એ શક્ય છે.

> એક વાત નિશ્ચિત બની છે કે વિપક્ષી એકતાના કેન્દ્રમાં શરદ પવાર રહેશે અને યશવંત સિંહા પણ કોઈ મહત્ત્વની ભૂમિકા ભજવવા તત્પર છે

રાષ્ટ્રીય સ્તરે મહત્ત્વની ગણાય એવી ઘટના ૨૨ જૂને શરદ પવારના નિવાસ સ્થાને રાષ્ટ્ર મંચના નેજા હેઠળ વિપક્ષી નેતાઓની યોજાયેલી બેઠકની છે. બેઠકનો સંદર્ભ તો આગામી સંસદીય ચૂંટણી પૂર્વે વિપક્ષી એકતાના પ્રયાસનો જ હતો. બેઠકમાં થયેલી ચર્ચા વિશે વિગતો જાહેર થાય ત્યારે ખરું, પરંતુ આ બેઠક દ્વારા એક વાત નિશ્ચિત બની છે કે વિપક્ષી એકતાના કેન્દ્રમાં શરદ પવાર રહેશે અને યશવંત સિંહા પણ કોઈ મહત્ત્વની ભૂમિકા ભજવવા તત્પર છે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી પણ ૨૪ જૂનની કોંગ્રેસના મોવડીઓની બેઠકમાં ખાસ કરીને પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના મુદ્દે મોંઘવારી વિરુદ્ધ રાષ્ટ્ર વ્યાપી આંદોલનનો વ્યૂહ જાહેર કરી શકે છે. કોરોના મહામારીની સ્થિતિ હળવી બનતાં રાજકીય ચેતનાનો આ સળવળાટ આશાસ્પદ સંકેત છે. ■

Only Books Magazine

પવાર-પ્રશાંત કિશોર કઈ યોજના વિચારે છે?

એનસીપીના વડા શરદ પવાર કહે છે કે તેમનાં પુત્રી સુપ્રિયા સુલેના આગ્રહને કારણે પ્રશાંત કિશોર સાથે બેઠક યોજી હતી. પ્રશાંત કિશોર સાથેની પવારની આ પહેલી બેઠક લગભગ ત્રણ કલાક ચાલી હતી. બંનેનો ઉદ્દેશ એક જ છે -ભાજપને પરાસ્ત કરવો અને આગામી સંસદીય ચૂંટણીમાં કોંગ્રેસને નિયંત્રણમાં રાખવી. પવાર એવું ઇચ્છે છે કે આ પ્રોજેક્ટ માટે પ્રશાંત કિશોર મુખ્ય કર્તાહર્તા તરીકે કામ કરે. પ્રશાંત કિશોર પોતે ખુદની રાજકીય કારકિર્દી માટે મહત્ત્વાકાંક્ષી છે. તેઓ સંભવતઃ તૈયાર પણ થયા છે. તેની યાદીમાં

મમતા બેનરજી તો છે જ, તેના જૂના ગ્રાહકો એમ.કે. સ્ટાલિન, જગનમોહન રેડ્ડી અને અરવિંદ કેજરીવાલ પણ તેમાં જોડાશે એવી કિશોરને આશા છે. આ ઉપરાંત કોંગ્રેસના અમરિન્દરસિંઘ પણ તેની સાથે આવશે એવી ધારણા છે. એ પછી તાજેતરમાં પ્રશાંત કિશોર પવારને બીજી વખત મળી ચૂક્યા છે. પવારે 'રાષ્ટ્ર-મંચ'ના ઓઠા હેઠળ પોતાના નિવાસે યોજેલી વિપક્ષી નેતાઓની બેઠકની પૂર્વ સંધ્યાએ પવાર-પી.કે.ની મુલાકાત થઈ હતી. એ મુલાકાત પછી જોકે તેમણે મીડિયાને આગામી સંસદીય ચૂંટણીમાં ત્રીજા મોરચાના આશાસ્પદ ભાવિનો ઇનકાર કર્યો હતો. મતલબ, પ્રશાંત કિશોરની થિયરી મોદીને ચૂંટણીમાં સીધી ટક્કર આપવાની છે. એ દિશામાં વિપક્ષી નેતાઓ કેટલા આગળ વધે છે એ જોવાનું રહે છે. જોકે ઉલ્લેખનીય વાત એ પણ છે કે પ્રશાંત કિશોર હજુ વડાપ્રધાનના સંપર્કમાં પણ રહે છે. ■

આર્કાઇવ્ઝના સ્થાનાંતરણમાં દસ્તાવેજોની સુરક્ષા અંગે ચિંતા

Only Books Magazine

સેન્ટ્રલ વિસ્ટાના નિર્માણના ભાગરૂપે નેશનલ આર્કાઇવ્ઝ એક્સટેન્શનના સ્વાભાવિક સ્થાનાંતરણને કારણે આ આર્કાઇવ્ઝમાં રાખવામાં આવેલા દસ્તાવેજો અને સરકારી રેકોર્ડ્ઝને નુકસાન થવાની સંભાવના અંગે ભારતના અને વિદેશના વિદ્વાનોએ ઘેરી ચિંતા વ્યક્ત કરી છે. વાસ્તવમાં સૌથી વધુ ચિંતા તો આ આર્કાઇવ્ઝમાં પડેલી અમૂલ્ય સામગ્રીને અંગે વ્યક્ત કરવામાં આવે છે. તેમાં પણ ખાસ કરીને ૧૯૫૦ અને ૧૯૬૦ના આરંભનાં વર્ષોની અમૂલ્ય પુરાતાત્ત્વિક સામગ્રીને અંગે દહેશત પ્રવર્તે છે. તેનું એક કારણ એ છે કે જવાહરલાલ નહેરુ અને ઇન્દિરા ગાંધીના વડાપ્રધાનપદના કાર્યકાળના અંગત કાગળો, દસ્તાવેજો આ બંનેનાં નિવાસસ્થાનોની ઑફિસમાં રાખવામાં આવ્યા છે, વડાપ્રધાનના સચિવાલયમાં નહીં અને તેના પર ગાંધી પરિવાર એક તરફી રીતે કુલમુખત્યારનો અધિકાર ધરાવે છે. તેઓ એવું માને છે કે આ દસ્તાવેજો તેમના પરિવારના છે, દેશના નહીં. સોનિયા ગાંધીએ તિનમૂર્તિ લાઇબ્રેરીને તે ભેટમાં આપેલા છે, એવી શરતે કે તેમની મંજૂરી વિના તે કોઈને બતાવી શકાશે નહીં. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી આ દસ્તાવેજો પાછા આપવા સોનિયા ગાંધીએ જણાવેલું પરંતુ તેનો ઇનકાર કરાયો હતો. ■

મહેશ જેઠમલાણીની રાજ્યસભામાં નિયુક્તિથી અનેકોને આશ્ચર્ય

રાજ્યસભામાં મહેશ જેઠમલાણીની નિયુક્તિએ અનેક લોકોને આશ્ચર્ય અને આઘાત આપ્યો છે. આવી લાગણી અનુભવનારા આ બધા લોકો પણ નિયુક્તિ માટેની અપેક્ષા રાખનારા હતા. રાજ્યસભાની આ બેઠક શિલ્પકાર રઘુનાથ મોહપાત્રાના અવસાનથી ખાલી પડી હતી. આશ્ચર્યનું કારણ એ છે કે મહેશ જેઠમલાણીએ ૨૦૧૨માં ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું અને મહેશ તેમ જ તેમના દિવંગત પિતા રામ જેઠમલાણી સતત ભાજપથી દૂરી રાખતા હતા. આમ છતાં કેટલાંક પરિબળો આ ખ્યાતનામ ધારાશાસ્ત્રીની તરફેણમાં કામ કરી ગયા હોવાનું જણાય છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ રામ જેઠમલાણીના આભારી રહ્યા છે, કેમ કે યુપીએના શાસનકાળ દરમિયાન સોહરાબુદ્દીન કેસ અને અન્ય બાબતોમાં તેમની કાનૂની સલાહ અત્યંત મૂલ્યવાન બની રહી હતી. હવે મહેશ જેઠમલાણીની રાજ્યસભામાં નિયુક્તિથી તેમની કાનૂની ક્ષમતા અને કુશળતા



ભાજપને ગૃહમાં કપિલ સિબ્બલ, અભિષેક સિંઘવી, કેટીએસ તુલસી અને વિવેક તન્ખા જેવા કોંગ્રેસના ટોચના કાનૂની નિષ્ણાતોના પ્રતિકારમાં મદદરૂપ બનશે.

આ ઉપરાંત મહેશ જેઠમલાણી મુંબઈના હોવાથી ઉદ્ધવ ઠાકરે સરકારની પરેશાનીના દબાણ હેઠળ કામ કરતા ભાજપના કાર્યકરોને પણ સ્થાનિક સ્તરે કાનૂની મદદ મેળવવાનું સરળ બની રહેશે. ■

ભારતીય મૂળના પત્રકારને પુલિત્ઝર પુરસ્કાર

અમેરિકન સરકાર દ્વારા દર વર્ષે પત્રકારત્વ, સાહિત્ય અને સંગીત ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનારી વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવે છે. વર્ષ ૧૯૧૭થી જોસેફ પુલિત્ઝરની યાદમાં એકવીસ જેટલી જુદી જુદી કેટેગરીમાં આપવામાં આવતું આ સન્માન આ વર્ષે મેઘા રાજગોપાલને મેળવ્યું છે. મેઘા પુલિત્ઝર પ્રાઇઝ જીતનારી પહેલી ભારતીય મૂળની પત્રકાર છે. મેઘાએ ઇન્ટરનેશનલ જર્નાલિઝમ કેટેગરીમાં આ સન્માન મેળવ્યું છે. અફકોર્સ, આ પ્રાઇઝ જીતવામાં મેઘાએ દિવસ રાત જીવના જોખમે મહેનત કરી છે, પણ મજાની વાત એ છે કે જે સ્ટોરી પર પત્રકાર કામ કરી રહી હતી, તેને ચીન રદિયો આપતું રહ્યું હતું. આખરે દૂધ નું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું. દુનિયા સમક્ષ સત્ય પ્રકટ થઈ ગયું.

મેઘાની સાથે અન્ય બે પત્રકારો પણ પુલિત્ઝર પ્રાઇઝથી સન્માનિત કરવામાં આવ્યા. ઇન્ટરનેશનલ જર્નાલિઝમ કેટેગરીમાં સન્માન મેળવનારી મેઘાએ ચીનમાં ઉઇગર મુસલમાનોને જે ડિટેન્શન કેમ્પમાં રાખવામાં આવે છે, તેના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ચિતાર આપતી સ્ટોરીની સિરીઝ ચલાવી હતી. ચીન દ્વારા ડિટેન્શન કેમ્પમાં રાખવામાં આવતા મુસલમાનો પર કેવા કેવા અત્યાચાર કરવામાં આવે છે, આ ડિટેન્શન કેમ્પનું માળખું કેવું છે તેનો તાગ આપતો અહેવાલ મેઘાએ રજૂ કર્યો હતો. આ સ્ટોરી પર એલિસન કિલિંગ અને ક્રિસ્ટો બુશેક નામના અન્ય બે પત્રકારો પણ મેઘાની સાથે કાર્યરત હતા. એ બંનેને પણ પુલિત્ઝર પ્રાઇઝથી નવાજવામાં આવ્યા.

વાત કરીએ જે સ્ટોરી માટે મેઘાને આ સન્માન મળ્યું છે એની. તો વાત છે વર્ષ ૨૦૧૭ની. ચીને ઉઇગર મુસ્લિમોને ડિટેન્શન કેમ્પમાં મોકલવાનું કામ આરંભ્યું હતું. તેમને શારીરિક અને માનસિક યાતના આપવામાં આવતી. હવે આ મુસલમાનોને જે કેમ્પમાં રાખવામાં આવતા તેનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર પણ એ પ્રકારનું હતું કે એ લોકો હેરાન-પરેશાન થઈ જતા. આ ઉપરાંત ચીને જે કેમ્પ તૈયાર કર્યા હતા તેને તે દુનિયા સમક્ષ પ્રસ્તુત નહોતું થવા દેતું. ઘણી બધી ફેક્ટરીઓનો ઉપયોગ પણ ડિટેન્શન કેમ્પ તરીકે કરવામાં આવતો. આ ફેક્ટરીઓમાં ઉઇગર મુસ્લિમોને દયનીય સ્થિતિમાં રાખવામાં આવતા અને કામ લેવડાવવામાં આવતું. મુદ્દે ચીને માનવઅધિકારનું હનન કરવાનો અપરાધ કર્યો હતો. છતાંય ચીન ઉઇગર મુસ્લિમ ડિટેન્શન કેમ્પની વાતને નકારતું રહ્યું હતું. પરિસ્થિતિની વાસ્તવિકતા તપાસવા માટે મેઘા પોતે ડિટેન્શન કેમ્પની મુલાકાતે ગઈ હતી, પરંતુ ચીને તેનો વિઝા કેન્સલ કરીને અમેરિકા પાછી મોકલી દીધી હતી. જોકે, મેઘા આટલેથી અટકી નહોતી. તેણે પોતાની સ્ટોરી પર કામ ચાલુ રાખ્યું હતું અને કઝાકિસ્તાનની મુલાકાતે ગઈ હતી. ત્યાં જઈને તેણે ડિટેન્શન કેમ્પમાં રહી આવેલા બંદીઓ સાથે વાત કરી હતી. ચીનમાં ડિટેન્શન કેમ્પ માટે દસ હજાર જેટલી સાઇટો કાર્યરત છે એવી માહિતી મેઘાએ તેના અહેવાલમાં આપી હતી.

બઝફીડ ન્યૂઝ નામની ડિજિટલ મીડિયા કંપની માટે કામ કરતા મેઘા અને તેના બે સાથીઓએ ડિટેન્શન કેમ્પના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો તાગ મેળવવા માટે ચીનનાં વિવિધ સ્થળોની સેટેલાઇટ ઇમેજ અને થ્રીડી મોડ્યુલનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત મેઘાએ બે ડઝન જેટલા લોકો સાથે વાતો કરીને ડિટેન્શન કેમ્પની માહિતી મેળવી હતી. આ લોકો ડિટેન્શન કેમ્પમાં રહી ચૂક્યા હતા. મેઘાએ તેમની વચ્ચે જઈ, તેમનો વિશ્વાસ જીતી ડિટેન્શન કેમ્પની માહિતી મેળવી હતી. ડિટેન્શન કેમ્પનું માળખું, બાંધકામ અને બંદીઓને આપવામાં આવતી યાતનાનો ઘટસ્ફોટ મેઘાએ તેની સિરીઝમાં કર્યો હતો અને મેઘાની આ મહેનતે તેને પુલિત્ઝર પ્રાઇઝ અપાવ્યું.

મેઘાએ ૨૩ જેટલા દેશોમાં રિપોર્ટિંગનું કામ કર્યું છે. તેના અહેવાલો સમયાંતરે સાત જેટલી ભાષાઓમાં અનુવાદિત થયા છે. ચીનના ઉઇગર મુસ્લિમ કેમ્પની મુલાકાત લેનારી પહેલી પત્રકાર મેઘાને વર્ષ ૨૦૧૮માં હ્યુમન રાઇટ્સ પ્રેસ ઍવૉર્ડથી નવાજવામાં આવી હતી. ઉઇગર મુસ્લિમો પર કરવામાં આવતા અત્યાચારનો મુદ્દો છેલ્લા કેટલાય સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે. ચીન પોતાની સારાઈને આંચ ન આવે એ માટે થઈને હંમેશાંથી આ મુદ્દાથી દૂર ભાગતું રહ્યું છે. જોકે, મેઘા રાજગોપાલન જેવા પત્રકારો નિર્ભીકપણે સત્ય પર પ્રકાશ પાડવાનું કામ કરતા રહે છે. ■

Only Books Magazine

સંબંધોનું ગણિત, સંખ્યાના આટાપાટા

જાણકારી ઓળખાણ સંબંધ સાથે કુલ આંકડાનો ઝોલ થાય છે
નેટવર્ક કનેકશન બોન્ડિંગ સાથે સરેરાશ સંગનો મોલ થાય છે

આપણે શબ્દ જે લાગણી આપે છે તેવી લાગણી બીજો કોઈ શબ્દ નથી આપતો. એમ તો હું બોલતા કે વિચારતા જે સ્પંદન અનુભવાય એ અનન્ય હોય છે. પહેલો પુરુષ આઈનું બહુવચન એટલે વી. આપણેની જેમ અમે હુંનું બહુવચન છે તેથી અમે એટલે વી. અમેમાં એકથી વધુ હું હોય. આપણેમાં એકથી વધુ અમે હોય. મામલો વિચાર કે વસ્તુ સમા નિર્જીવ કે અજીવનો હોય ત્યાં સુધી ઠીક. જ્યાં એકથી વધુ માણસ દૃશ્ય પર પ્રગટે છે ત્યાં સહજીવનના સમીકરણમાં અવનવા પ્રાણ ફૂંકાતા રહે છે. કોરોનાએ એક વર્ષથી વધુ સમયમાં માણસને શિખવાડ્યું કે એકલા રહેતા શીખવું પડે 'ને અમુકતમુક જ માણસો જીવનમાં તમારી સાથે ખરેખર સાથે જીવે છે કે જીવી શકે છે. બૃહદ સામાજિક મુલાકાત 'ને મહામેળવડા વિના જીવી શકાય છે. ખાસ કરીને મૃત્યુ તેમ જ લગ્ન જેવા મહત્ત્વના પડાવ પર ઓછી સંખ્યામાં માણસો હાજર રહેશે તો કામ નહીં થાય એવું નથી હોતું. એ જ કોરોનાએ સોશિયલ મીડિયા પર સામાન્ય કરતાં વધુ માણસોના સીધા 'ને આડકતરા સંપર્કમાં માણસને ગોઠવ્યા. સવાલ એ છે કે એક માણસ અન્ય કેટલા માણસ સાથે સંબંધ રાખી શકે એ માટે કોઈ પ્રાકૃતિક કે વૈજ્ઞાનિક પ્રકારનો નિયમ ખરો કે?

બાકી એકવીસમી સદીમાં આ ડિજિટલ અંતરાલમાં વ્યવહારુ જીવન એવું જટિલ થઈ ગયું છે કે લોકોને એકબીજાને મળવા માટે સ્પેશિયલ સમય કાઢવો પડતો. શહેરમાં તો કોઈના ઘરે આગોતરી જાણ કર્યા વિના પહોંચી જાવ તો યજમાનને આશ્ચર્ય થાય કે ચિંતા થાય. દરેકનું પોતાનું વ્યસ્તતાનું વ્યાકરણ છે. યુવાન યુવતીઓ ઇન્ટરનેટ પરથી ટાઇમ કાઢીને નવરા પડે ત્યાં હેંગઆઉટમાં બિઝી થઈ જતાં. ટ્રાફિક લોહી પી જાય. એવી ઘણી સમસ્યાઓ વચ્ચે પ્રગતિશીલ માણસોને લાગ્યું હતું કે સફળ થવા માટે નેટવર્ક જરૂરી છે. માણસોનું સર્કલ મોટું જોઈએ. વિવિધ એસોસિયેશન, ક્લબ 'ને ગેધરિંગમાં માણસ એક્ટિવલી ભાગ લે તો ફાયદો થાય 'ને આગળ આવે એવું ઘણા માને છે. પબ્લિક રિલેશન મૅનેજમૅન્ટ મોટો ધંધો છે. લોકો સાથે સંબંધ રાખવાનું કામ કેટલાયને રોજગારી આપે છે. રાજકારણ, સમાજસેવા 'ને ધાર્મિક કાર્ય સિવાય લોકસંપર્ક રાખનારા કરોડો માણસો છે. ઓળખાણ 'ને લાગવગ હવે ઉત્ક્રાંતિ પામીને રેફરન્સ બની ગયા છે.

લિન્ક્ડ ઇન જેવી નેટવર્ક સાઇટ પર જેનું નેટવર્ક મોટું હોય તેને જોબ ઍપ્લિકેશન 'ને સિલેક્શનમાં લાભ મળી શકે છે એવો ઘણાનો અનુભવ છે. ગ્રૂપ મોટું હોય તો ઘરમાં જ ઘણો બિઝનેસ મળી શકે છે. જીવનમાં કોઈ પ્રોબ્લેમ થયો કે ક્યાંક કોઈની જરૂર પડે ત્યારે સર્કલ મોટું હોય તો કામ સારું 'ને સરળતાથી નીકળી જાય એવું વડીલો યુવાવર્ગને સલાહ આપતા હોય છે. એરેન્જ મેરેજ કરવા હોય કે લવ, સર્કલ મોટું હોય તો ચોઇસ 'ને ચાન્સ વધી જાય છે. નવરાત્રિમાં ગ્રૂપ હોય 'ને મોટું હોય તો ગરબા રમવાની મજા આવે. એવું જ ઉત્તરાયણમાં. ફરવા જવામાં કંપની હોય તો મજા આવે. યાત્રા સંઘમાં કરવાના ઘણા લાભ છે એવું ઘણા કહેતા હોય છે. ઘણાએ માર્ક કર્યું હશે કે બાળક પ્રથમ ધોરણમાં આવે એ પહેલાંથી તેનો જન્મદિવસ ઊજવવાનું ચાલુ થઈ જાય છે. સત્યનારાયણની કથામાં કોને-કોને બોલાવવા એ માટે થોડા સાચાજૂઠા થઈ જાય તોય નવાઈ નહીં. ખ્રિસ્તીઓ રવિવારે માસ માણે. મુસ્લિમો જોડે નમાજ પઢે કે નમાજ પઢવા ભેગા થાય. જૈનો કહે છે, ચાલો નેમિનાથ.

વૉટ્સઍપ પર કેટલા લોકો સાથે કનેક્ટ

છો? ફેસબુક પર કેટલા ફ્રેન્ડ્ઝ? ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર 'ને યુ-ટ્યૂબ જેવું બીજું ઘણુ. વર્ષો અગાઉ બેસતા વર્ષના દિવસે મોટી સંખ્યામાં ઘર ગણવામાં આવતા. હવે એકથી વધારે રીતે માણસ દરરોજ ઘણા માણસોના સંપર્કમાં રહે છે. અમુકના સંપર્કમાં એ સામેથી પ્રયત્નપૂર્વક આવે છે તો અમુક માણસો પોતે કશું કર્યું ના હોય તોય પોતાના સંપર્કમાં આવી જાય છે. સરેરાશ સક્રિય ગૃહસ્થના મોબાઈલમાં કેટલા નંબર હશે? ઘણા તો પોતે રહેતા હોય છે ત્યાં, પોતાની ન્યાતમાં 'ને પોતાના શોખની કોઈ સંસ્થામાંય એક્ટિવ હોય છે. કામ પરનું ગ્રૂપ, સાસરીનું ગ્રૂપ, સ્કૂલનું ગ્રૂપ, કૉલેજનું ગ્રૂપ, કસરત કરવા જાય ત્યાંનું ગ્રૂપ, ફરવા ગયા હોય 'ને સાથે થઈ ગયા હોય એવા માણસોનું ગ્રૂપ એમ એક માણસના વિભિન્ન ગ્રૂપ હોય છે. રાજકીય પક્ષ જેવા મહાકાય સંગઠન તો તદ્દન નોખા. કીટી પાર્ટી 'ને ડ્રિન્ક પાર્ટીના ગ્રૂપ સ્વાભાવિક છે કે જુદા હોય. પેરેન્ટ્સ ગ્રૂપ. બ્રધર્સ કે સિસ્ટર્સ ગ્રૂપ. ગ્રૂપમાં ગ્રૂપ.

બોય કોઈ ગર્લને રિજેક્ટ કરે છે 'ને ગર્લ કોઈ બોયને ડમ્પ કરે છે, તેની પાછળ ઘણી વાર પોતપોતાનાં ગ્રૂપની સંખ્યા પણ કારણભૂત હોય છે. બ્રેકઅપ ઘણીવાર પ્રાઈવેટ કે પર્સનલ નહીં, પબ્લિક અફેર હોય છે. બિઝનેસમાં કોઈક સંબંધને કારણે ક્યારેક મોટી ખોટ ભોગવવી પડે છે. અમુક જૂથ સાથે સારા સંબંધ રાખવાથી નોકરીમાં હેરાન થનારા ઘણા છે. પાંચ સંબંધ સાચવતા છ સંબંધ બગડે એવું બનતું હોય છે. માણસ જાણે છે કે એ બધી બાજુ પહોંચી વળતો નથી. માણસને અનુભવ છે કે એ બધાને ખુશ રાખી શકતો નથી. એક જ તારીખે એકથી વધારે શુભ પ્રસંગ હોય છે એ ઘટના ઘણાને કાયમ માટે નડી ગઈ હશે. પારકા એ પારકા. સગાં તો ખાલી કહેવાના જ. એક જ ફ્લેટમાં રહીએ છે એટલું જ. અમારી નાતના છે, બાકી કશા કામના નહીં. પાંચ વર્ષ ઓર્ગેનાઈઝેશનની ફી ભરી, પણ હજુ એક રૂપિયાનો ફાયદો નથી થયો. માણસોને વધુ સંખ્યામાં સંબંધ હોવાથી જીવનમાં ભાર વધ્યો હોય એવું થયું છે. સંસાર અસાર છે એ ઉક્તિ સદીઓ પછીય માણસોને ક્યારેક તો પૂરેપૂરી સાચી લાગે જ છે.

મોટું સર્કલ હોય 'ને મોટું ગ્રૂપ હોય એટલે જીવન સરળ 'ને સક્ષમ બને એવું દેખાય છે એની ના નથી, પરંતુ શું હકીકતમાં એવું હોય છે? એક સમૂહનું નેટવર્ક અન્ય સમૂહ સાથે હોય એ ઘટના જુદી કહેવાય. માણસનું પોતાનું નેટવર્ક માણસના હાથમાં કહી શકાય. એવો પણ સો ટચનો કાયદો ના કહી શકાય કે નાનું જૂથ જ કામનું કે એકલા લડી લેવું જ લેખે લાગે. મૂળ સવાલ એ છે કે એક માણસ અન્ય કેટલા માણસ સાથે સંબંધ રાખી શકે એ માટે કોઈ પ્રાકૃતિક કે વૈજ્ઞાનિક પ્રકારનો નિયમ ખરો કે? ઓછા કે વધારેનો સંદર્ભ જ જવા દો. કરોડો વર્ષની ઉત્ક્રાંતિ પછી માણસનું આ શરીર 'ને મન અસ્તિત્વમાં આવ્યા છે. માણસને નહોતા શિંગડા કે નહોતા એવા નખ 'ને દાંત કે એ હિંસક જાનવરો સામે લડી શકે. કવિ, સાહિત્યકાર 'ને પત્રકાર ઘણીવાર માણસને અંદરોઅંદર લડનાર જાનવર તરીકે વર્ણવે છે, ત્યારે લાગણીના વહાવમાં આપણે ભૂલી જઈએ છીએ કે ઉત્ક્રાંતિનાં એ પાછલાં વર્ષોમાં માણસ સર્વાઈવ થયો 'ને એક્ઝિસ્ટ કરી ગયો તેનું એક મુખ્ય કારણ છે, માણસનું અન્ય માણસો સાથેનું સહજીવન.

મૂળ સવાલ એ છે કે એક માણસ અન્ય કેટલા માણસ સાથે સંબંધ રાખી શકે એ માટે કોઈ પ્રાકૃતિક કે વૈજ્ઞાનિક પ્રકારનો નિયમ ખરો કે? ઓછા કે વધારેનો સંદર્ભ જ જવા દો

બ્રિટિશ માનવશાસ્ત્રી રોબિન ડનબાર કહે છે કે, દરેક માણસના રિલેશન્સની મહત્તમ સંખ્યા દોઢસો છે. વર્ષોથી સંશોધન કરતાં ડનબારનું તારણ છે કે મગજના કદ 'ને જૂથની સંખ્યા વચ્ચે સીધો સંબંધ છે. માણસ સિવાયના પ્રાઈમેટ વર્ગના વાંદરા જેવા ઉચ્ચ વર્ગના સસ્તન પ્રાણીઓમાં એમણે આ જોયું છે. એ જીવોના મગજ 'ને તેમના વ્યવહારમાં વર્તન વગેરે કાર્યનું અવલોકન કરી ડનબારે ઊંડો અભ્યાસ કરી શકાય એટલો ડેટા ભેગો કરેલો છે. માણસના કોગ્નિશન એટલે કે સમજ તથા ભાષા સાથે સંકળાયેલા મગજના ભાગના વિકાસ પર માણસના સંબંધના વ્યાપનો આધાર હોય છે. સામાજિક સંબંધોની જટિલતા જે-તે માણસ કેટલી હદે સાંભળી શકે તેનો આધાર માણસના મગજના કદ પર હોય છે. ડનબાર 'ને તેમના સાથીદારોએ માણસોના ઇતિહાસ, રૂઢિગત પરંપરા 'ને માનસશાસ્ત્રીય ડેટાનો અભ્યાસ 'ને વિશ્લેષણ કર્યું. સામાન્ય 'ને સરેરાશ રીતે માણસનું ગ્રૂપ કેટલું મોટું થાય છે કે જે સંખ્યા પછી એ વિભાજિત થાય છે કે તૂટી પડે છે? તેમણે જવાબ મળ્યો એકસો પચાસ.

તમે જીવનમાં એક વાર તો નજરોનજર જોયું જ હશે કે વાંદરા પોતાના શરીરની માવજતમાં ઘણુ ધ્યાન આપે છે. એકબીજાના કાન સાફ કરી આપે 'ને શરીર પરના વાળ સરખા કરી આપે. રોબિન ડનબાર મૂળે એ સંશોધન કરતા હતા કે પ્રાયમેટ્સ પોતાના દેખાવ માટે આટલા સજાગ કેમ હોય છે? ત્યારે મેકિયાવેલિન ઈન્ટેલિજન્સ હાયપોથીસિસનો નવો સ્વીકાર થયેલો કે વાંદરાઓના મગજ મોટા હોય છે કેમ કે એ સામાજિક રીતે ગૂંચવણ ભરેલા જૂથમાં રહે છે. એ થિયરી પછી સોશિયલ બ્રેઈન હાયપોથીસિસ કહેવાઈ. એમણે શિકારી એવમ આદિવાસી માણસોના

જૂથના ડેટા તપાસ્યા. આજના જમાનામાં માણસો સામાજિક કે ધાર્મિક પ્રસંગે પોતાના ગણી કેટલા માણસોને પ્રસંગ ઊજવવા આમંત્રણ આપે છે? એવી અમુક માહિતી ચકાસી. અંતે એમને લાગ્યું કે દોઢસોની સંખ્યા કરતાં વધારે માણસોને હેન્ડલ કરવાની માણસની કેપેસિટી નથી. તથાપિ, તેમનો આ સિદ્ધાંત એક આંકડા પર અટકતો નથી.

દોઢસોનો ડનબાર નંબર એટલે દરેક માણસના કેઝ્યુઅલ સંબંધની સંખ્યા જે એ મોટો જમણવાર રાખે તો બોલાવે એ. એ આંકડો ત્રણના નિયમ મુજબ વધે કે ઘટે. ત્રીજો ભાગ અર્થાત્ પચાસ એટલે એ સંબંધોની સંખ્યા જેમને તમે વધુ મહત્ત્વના ગણો કે નજીકના ગણતાં હો. તેમની સાથે તમારે ઘણી વાર મળવાનું થતું હોય કે ફોન પર વાત થતી હોય. જરૂરી નથી કે પચાસમાંથી પચાસને તમે નિયમિત રીતે મળતા હો કે રેગ્યુલરલી તેમની સાથે વાત થતી હોય. પચાસમાંથી અમુક જ સંબંધ ઘનિષ્ઠ કે અંગત કહી શકાય એવા હોય. રોબિન ડનબાર કહે છે કે, એ પર્સનલ કે પ્રાઇવેટ ગ્રૂપ પંદર જણનું હોય. એ સગા, પાડોશી કે મિત્ર એવા હોય જેમના ખભે તમે કદાચ માથું મૂકી શકો 'ને જેમને મોટે ભાગે તમે ખભો આપી શકો, પરંતુ ભેટીને રડવા માટે જેને પોતાના ગણતાં હોય એ પંદરમાંથી અમુક જ. અર્ધી રાતે પોલીસ કે પૈસાનો પ્રોબ્લેમ હોય તો જેને આંખ મીંચીને ઉઠાડી શકાય એવા પાંચ હોય. મોબાઇલમાં ઇમરજન્સી કોન્ટેક્ટમાં એ પાંચમાંથી શક્ય એટલા નંબર દાખલ કર્યા હોય.

ડનબાર કહે છે કે, સર્કલ પાંચસોનું હોઈ શકે. પાંચસોની મર્યાદા છે, જેમનાં નામ તમને યાદ હોય 'ને જેમને તમારું નામ યાદ હોય. પાંચસોમાં ચહેરાની અવરજવર થઈ શકે છે


રોબિન ડનબાર

'ને જે ફાઇનલ ફાઇવ હોય એ બદલાઈ શકે છે. ડનબારને સંશોધન દરમિયાન શિકાર કરીને ખાવાનું એકઠું કરનાર આદિવાસીઓના જૂથની સરેરાશ સંખ્યા ૧૪૮.૪ મળી હતી. પ્રાચીન સમયથી મહદ્અંશે લશ્કરની એક ટુકડીમાં સિપાહીઓની સંખ્યા પણ દોઢસો આસપાસ રહેતી. સોવિયેટ યુનિયન, સ્પેન 'ને રોમન એમ્પાયર સિવાય ઘણા લશ્કરો દોઢસોની કંપનીને આગળ પચાસ 'ને અંતે દસ-પંદરમાં વિભાજિત કરતાં. જ્યારે દોઢસોની કંપનીઓ ભેગી કરીને જૂથ બનાવવાનું થતું ત્યારે સામાન્ય રીતે પાંચસો પચાસથી આઠસોની સંખ્યા રહેતી. આજે સોશિયલ મીડિયાનો નિયમિત વપરાશ શરૂ કરે માણસને દસકા કરતાં વધારે સમય થયો. ડનબારના આંકડાઓને પડકાર ફેંકે એવું વર્તન ઘણા યુઝરનું હોઈ શકે છે.

પણ, ડનબાર 'ને સાથીઓએ એ બાબતને ધ્યાનમાં રાખીને કરેલા સંશોધન 'ને સરવેનું પરિણામ એમની મૂળ થિયરીને અનુમોદન આપતું જ આવ્યું. વર્ચ્યુઅલ રિલેશન્સ વધે છે તો રિઅલ રિલેશન્સ ઘટે છે. સળંગ છ મહિનાના અંતરાલ દરમિયાન એમણે કરેલા સ્ટડીમાં તારણ એ આવ્યું કે રિલેશન્સની કુલ સંખ્યા લગભગ એની એ રહે છે. બેશક ફેસબુક ફ્રેન્ડ લિસ્ટમાં પાંચ હજાર મિત્ર હોય તો તેનો અર્થ એ નથી કે એક્ટિવ રિલેશન્સ પાંચ હજાર છે. ડનબાર કહે છે કે, ફેસબુક સફળ થયું તેનું એક કારણ એ છે કે ફેસબુક પર માણસો પોતાના મિત્રોના હાલચાલની તપાસ રાખી શકે છે, વાસ્તવિક દુનિયામાં ઘણી વાર સક્રિય સંબંધ હોય તે પણ ગુમ થઈ જતાં હોય છે. આપણો અનુભવ છે કે સોશિયલ મીડિયા પર સમય ફાળવીએ તો દોઢસો મિત્રના ખબરઅંતર જાણી શકીએ છીએ. ડનબાર કહે છે કે, દરેક વ્યક્તિ પાસે ઇન્વેસ્ટ કરવા માટે નિશ્ચિત 'સોશિયલ કેપિટલ' હોય છે. સમય આપવો પડે. મિત્રો વધે તો એ સોશિયલ કેપિટલનું મૅનેજમૅન્ટ ખોરવાઈ જાય.

સોશિયલ મીડિયા પર પણ મહદ્અંશે ગુણવત્તા સાથે સમય 'ને શક્તિ પચાસ, પંદર 'ને પાંચની સંખ્યામાં મિત્રો વચ્ચે ફળવાતો



હોય છે. ડનબાર કહે છે કે, શારીરિક સંપર્ક જેમાં મહત્ત્વનો હોય એવા સંબંધનું મહત્ત્વ અલગ છે. વાંદરા જેવા પ્રાયમેટમાં સ્પર્શનું મહત્ત્વ હોય તેવા સંબંધ પર એમણે અભ્યાસ કર્યો. એ કહે છે, સામાજિક સંબંધ માટે સ્પર્શ કેટલી મહત્ત્વની બાબત છે એ અંગે આપણી સમજ કાચી છે. ખભા પર સામાન્ય હાથ મૂકાય તે ઘણા શબ્દોમાં કહી શકાય એ વાત સરળતાથી સામેવાળા સુધી પહોંચાડી દે છે. શબ્દો વાપરવા સરળ છે, પરંતુ સ્પર્શ માણસ વિષે ઘણુ કહી જાય છે. એકદમ હળવો સ્પર્શ પણ એવા રસાયણનો સ્રાવ કરે છે જે લાંબા સમયના સંબંધ બાંધી દે છે. સમજવાનું એ છે કે સોશિયલ મીડિયા સ્પર્શની નકલ નહીં કરી શકે એટલે એ હંમેશાં મર્યાદિત રહે એવું બને. સોશિયલ મીડિયાના વધુ વપરાશ કે બંધાણને કારણે અમુક સામાજિક આવડત સમય જતા માણસ ભૂલી જાય એવું બને.

ડનબાર કહે છે, તમે પંદરસો માણસોને ઓળખતા હોય એવું બને. સંભવ છે કે ઘણાને બહિર્મુખી માણસોનું જીવન ડનબારના આંકડાઓની મર્યાદા તોડતું દેખાતું હોય. વારુ, આમાં સમજવાનું એય છે કે તમે કોના કામમાં આવો એમ છો? 'ને તમે કોના ક્યા કામમાં કેટલું આવો એમ છો? એવા પ્રશ્નો સંબંધની સંખ્યામાં ટર્નિંગ પાઈન્ટ બને છે.

સામાજિક સંબંધ માટે સ્પર્શ કેટલી મહત્ત્વની બાબત છે એ અંગે આપણી સમજ કાચી છે. ખભા પર હાથ મૂકાય તે ઘણા શબ્દોમાં કહી શકાય એ વાત સરળતાથી સામેવાળા સુધી પહોંચાડી દે છે

સ્વભાવ, સરનામું 'ને પ્રેક્ટિકલી રિલેશન મેન્ટેન કરવાની સગવડ જેવાં ઘણા પરિબળ મહત્ત્વનાં હોય છે. અમેરિકામાં ચામડીનો રંગ મહત્ત્વનો છે 'ને એ સિવાય મૂળ રાષ્ટ્રીયતા તેમ જ ધર્મ તો ભારતમાં ભલે સામસામી હિન્દુ હોય, જાતિ 'ને પ્રદેશ સંબંધનો આખો પાયો બદલી શકે છે. સ્ત્રીઓ સ્ત્રી સાથે વધુ સંબંધ રાખે 'ને યુવાનો યુવાન સાથે. સહજીવનમાં જીવન શબ્દ જેટલો ઊંડો છે તેટલો જ લાંબો 'ને પહોળો શબ્દ સહ છે. અમેરિકામાં ઘણા કહે છે, અમારું સામાજિક ઝૂમખું દોઢસોનું નહીં, બસો નેવુંનું છે. હિમાલયના પહાડી લોકોનો આંકડો અલગ હોય 'ને રાજકોટમાં બાજી રમનાર 'ને પૂડા પાર્ટી માણનારનો નંબર અલગ હોય.

રોબિન ડનબારનું સંશોધન ચાલુ છે. ડનબાર વૈજ્ઞાનિક છે એ સાથે માણસ છે. ઘણાના પોતાના, પપ્પાના 'ને દીકરાના થઈને દોઢસો મિત્ર ના થતાં હોય. ઘણા કહેશે, અમારે ત્રણસો જણ તો કુટુંબના જ થઈ જાય છે. વિચારવાનું એ છે કે શું આપણે આપણા દરેક સંબંધ સંતોષકારક રીતે યાને કે આદર્શ રીતે નિભાવી શકીએ છીએ? સંબંધો સાચવવામાં પોતાના જીવન પર શું અસર પડે છે 'ને જેટલા સંબંધ હોય એ બધા સાચવવા જતાં એકદમ અંતરંગ વર્તુળ પર શું અસર પડે છે? સંબંધો સાચવવાનો થાક લાગે છે? તમને તમારા બધા સંબંધો સાચવે છે? કયા સંબંધથી તમારા જીવનમાં શું ઉમેરાયું? તમારી શોકસભામાં કોણ આવશે 'ને ખરેખર દુ:ખી હશે? તમારા વગર તમારા ક્યા સંબંધમાં શું અટકે છે? જીવન નવેસરથી શરૂ કરવાનો મોકો મળે તો વર્તમાન યાદીમાંથી કયા સંબંધ તમે સામેથી ભવિષ્યમાં પણ રાખો જ? ઘણુ વિચારવાનું છે 'ને સમજવાનું છે. ડનબારના નંબર્સ કોઈ ખુદાનું ફરમાન નથી, પણ આપણે માર્ગદર્શિકા તરીકે વાપરી આપણા પોતાના નંબર્સની રેન્જ નક્કી કરી શકીએ.

બુઝારો

માણસની સામાજિક ઉત્ક્રાંતિ પાછળનું મુખ્ય પરિબળ છે ધર્મ. માણસોને એકબીજાથી વિરુદ્ધ હોવાની સંવેદનાના અંતે એકબીજાને મારી નાંખતા રોકવા કશુંક શબ્દોમાં હોય એ જરૂરી હતું. એક કે બીજી રીતે એ સ્પષ્ટ થયું છે કે નીતિનિયમો આપતા તમામ ધર્મોએ એક ભાવ સજર્યો હતો કે આપણે એક કુટુંબ છીએ.

- રોબિન ડનબાર ■

ડીપવેબ: અંધારાની આડમાં ડિજિટલ જીવન



આઇસબર્ગ એટલે દરિયાની સપાટી પર તરતો બરફનો મોટો પિંડ. સામાન્ય રીતે સપાટી પર દેખાતા એ પિંડ કરતાં આઇસબર્ગ નીચે રહેલો હિસ્સો ક્યાંય વિશાળ હોય છે. એટલે જ કોઈ પણ અત્યંત વિકરાળ સમસ્યા, બાબત, ઘટના ઇત્યાદિના પ્રત્યક્ષ દેખાતા સૂક્ષ્મ પાસા કે હિસ્સા માટે 'ધી ટીપ ઓફ આઇસબર્ગ' શબ્દ વપરાય છે. ઇન્ટરનેટે પાથરેલા સાથરાનો વ્યાપ કેટલો એ અંગે ક્યારેક વિચાર આવે તો સમજવાનું કે આપણે રોજબરોજના ઉપયોગ માટે ગૂગલ જેવા સર્ચ એન્જિનની મદદથી જે વાપરીએ છીએ, એ 'સરફેસ ઇન્ટરનેટ' તો અખિલ ઇન્ટરનેટની હિમશિલાની ટોચ માત્ર છે, જે પ્રચલિત અંદાજ મુજબ કુલ ઇન્ટરનેટનો ૪ ટકા હિસ્સો જ રોકે છે. બાકીનો છન્નું ટકા હિસ્સો ડીપવેબમાં સમાયેલો છે. ઘણા ડીપ વેબ સરફેસ વેબ કરતાં ચારસો-પાંચસો ગણુ વિશાળ હોવાનો પણ દાવો કરે છે. એના બીજા નામ ડાર્ક વેબ અને ડાર્કનેટ પણ છે.

દેખીતી વાત છે કે જે સપાટી નીચે હોય એ અંધારામાં હોય અને અંધારામાં વિકસતું હોય એની પ્રત્યે સામાન્ય માણસનો દૃષ્ટિકોણ શંકાસ્પદ હોય. જે રીતે શહેરની અંધારી ગલીઓ અપરાધ જગતનું કેન્દ્ર બની જાય, એ જ રીતે સામાન્ય લોકો, સમાજ અને સત્તાની પહોંચથી દૂર રહેલું ડીપવેબ પણ સમય સાથે વકરી રહેલા ગુનેગારો, ચાઇલ્ડ પોર્નોગ્રાફી, પ્રતિબંધિત ડ્રગ, ગેરકાયદેસર હથિયારો, વ્યક્તિની અંગત કે બેન્કની માહિતી વેચનારાઓ, માનવ તસ્કરી કરનારાઓ, માણસોનાં અંગો વેચનારાઓ, આતંકવાદીઓ, વગેરેનો અડ્ડો બની ગયું છે. ફેબ્રુઆરી ૨૦૧૧થી ઑક્ટોબર ૨૦૧૩ દરમિયાન એક્ટિવ રહેલી 'સિલ્કરોડ' નામક વેબસાઇટ ડાર્કનેટ પરનું સૌથી કુખ્યાત માર્કેટ હતું. ત્યાં યુઝરને દરેક જાતની ગેરકાયદેસર વસ્તુઓથી લઈને કોઈની હત્યા કરવા માટે હિટમેન પણ મળી રહેતો. એ સિવાય પણ અગોરા, યુટોપિયા, આલ્ફાબે, હાન્સા અને ડ્રીમ માર્કેટ જેવા ઘણા ઓનલાઇન સ્ટોર પણ એક સમયે એક્ટિવ હતા, પરંતુ એક વેબસાઇટ બંધ થતાં એની જગ્યાએ બીજી ઘણી નાની-નાની વેબસાઇટ ખૂલી જવાથી સ્થિતિ એવી ને એવી જ રહે છે. એમાં પણ બિટકોઇન જેવી ક્રિપ્ટો કરન્સીનો વપરાશ વધવાથી ખરીદ-વેચાણ સરળ બની રહ્યું છે. ઓનલાઇન ફોરમ પર અમુક લોકો આવા સ્ટોરના સમર્થનમાં એવો પાંગળો બચાવ પણ કરે છે કે, ખાસ કરીને ડ્રગના કિસ્સામાં, ડાર્કમાર્કેટ પ્લેસ પર એનું વેચાણ થવાથી રસ્તા પરની હિંસાઓ ઘટી છે, કારણ કે ખરીદનાર અને વેચનાર સંપર્કમાં આવતા નથી, વિરોધી ગેંગ વચ્ચે સ્ટ્રીટ વૉર ઓછી થાય છે અને છેતરવાની ઘટના પણ અટકે છે! ૨૦૧૫માં કાયલ સોસ્કા અને નિકોલસ ક્રિસ્ટીને એક પુસ્તકમાં બાંધેલા અંદાજ પ્રમાણે ડીપ વેબના તમામ માર્કેટપ્લેસ આશરે પંદરથી અઢાર કરોડ ડૉલરની વાર્ષિક રેવન્યૂ જનરેટ કરે છે.

જોકે એવું જરૂરી નથી કે ડીપવેબની ગલીઓમાં જઈને અંધારાની આડ ફક્ત નઠારા કામ કરનારાઓ જ લેતા હોય. ક્યારેક સામા મોઢે સચ્ચાઈ ઉજાગર કરવામાં જોખમ હોય ત્યારે પત્રકારો અને વિસલબ્લોઅર પણ ડીપવેબનો આશરો લે છે અને હકીકતમાં તો આ પ્રકારનું સિક્રેટ નેટવર્ક નાગરિકોના હકો અને અધિકારો માટે લડતા લોકો દ્વારા અને એવા લોકો માટે જ ડેવલપ થયું હતું, પરંતુ હંમેશ જેમ નઠારા માણસો સારા ઉદ્દેશ સાથે સર્જાયેલાં સાધન કે ટેક્નોલોજીનો ખોટા કાર્ય માટે ઉપયોગ

આપણે ગૂગલ જેવા સર્ચ એન્જિનની મદદથી જે વાપરીએ છીએ, એ 'સરફેસ ઇન્ટરનેટ' અખિલ ઇન્ટ.ની હિમશિલાની ટોચ માત્ર છે, જે પ્રચલિત અંદાજ મુજબ કુલ ઇન્ટ.નો ૪ ટકા હિસ્સો જ રોકે છે

કરવાનું શીખી જ લે છે. એ રીતે ડીપવેબ પણ અપરાધીઓના અડ્ડા તરીકે બદનામ થઈ ગયું છે.

સરળ શબ્દોમાં સમજીએ તો ડાર્કનેટ ઈન્ટરનેટનું એવું નેટવર્ક છે, જ્યાં યુઝરનો ટ્રાફિક ગુપ્ત રહે છે અને યુઝર કોઈ પણ પ્રકારનું પગેરું છોડ્યા વગર ઈચ્છે તે ઓનલાઈન પ્રવૃત્તિઓ કરી શકે છે. આ નેટવર્ક યુઝરને સંપૂર્ણ ઍનોનિમિટીની ખાતરી આપે છે. ડાર્કનેટની વેબસાઈટના સર્વર પણ સતત બદલાતાં રહે છે, જેથી કોઈ પ્રકારની લિંક ક્યારેક યુઝરને એક જગ્યાએ લઈ જાય તો ક્યારેક બીજી જગ્યાએ. ગૂગલ અને બિંગ જેવા સર્ચ એન્જિન જાણીતાં ડોમેઈન નેમ, જેમ કે ડોટ કોમ, ડોટ ઓઆરજી, ડોટ ઈડીયુ, ઈત્યાદી સાથે ઓનલાઈન હોય એવી વેબસાઈટોને જ સૂચિમાં સમાવે છે. જ્યારે એ સિવાયના ડોમેઈન સાથેની વેબસાઈટો સર્ચ એન્જિનની નજરથી બાકાત રહે છે. એમના સુધી પહોંચવા માટે ગૂગલ ક્રોમ કે સામાન્ય મોઝિલા ફાયરફોક્સને બદલે અલગ પ્રકારનાં બ્રાઉઝર વાપરવા પડે. ટોર પ્રોજેક્ટ, ઈન્વિઝિબલ ઈન્ટરનેટ પ્રોજેક્ટ, ફ્રીનેટ પ્રોજેક્ટ, એમ્નિઝિયૅક ઈન્કૉગ્નિટોલાઈવ સિસ્ટમ વગેરે પ્રકારના પ્રોજેક્ટ ડીપવેબ એક્સેસ કરવાની સુવિધા આપે છે. આમાં ટોર બ્રાઉઝર સૌથી વધારે પ્રચલિત છે, જે 'ઓનિયન' ડોમેઈન નેમ વાપરે છે. ડુંગળીનું પ્રતિક સૂચવે છે કે વપરાશકર્તાની ઓળખ ગુપ્ત રાખવા પડ ઉપર પડ ચડાવીને સુરક્ષાની ખાતરી અપાય છે. ટોર પ્રોજેક્ટનો પહેલોવહેલો સિદ્ધાંત યુએસ નૌસેનાની રિસર્ચ લેબ દ્વારા વિકસિત કરાયેલો અને એને સૌથી વધારે આર્થિક મદદ યુએસ સરકાર તરફથી મળી હતી, પરંતુ આગળ જઈને આ જ સાધન સરકારની ગેરનીતિઓ અને કાળાં કર્મો જાહેરમાં લાવવા માટે વપરાવા લાગ્યું. માહિતીને લગતા અધિકારો માટે કામ કરતી 'રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર' નામક આંતરરાષ્ટ્રીય સંસ્થાએ ૨૦૧૩માં પત્રકારો માટે 'સર્વાઈવલ કિટ'ની યાદીમાં ટોર બ્રાઉઝરનો સમાવેશ કરેલો.

વિશ્વભરની સરકારો જ્યારે ડાર્કનેટ સિવાયના સરફેસ ઈન્ટરનેટ પર સર્વેલન્સ દ્વારા ચાંપતી નજર રાખે છે, ત્યારે જીવ હથેળી પર લઈને સંવેદનશીલ કે સ્ફોટક ન્યૂઝ સ્ટોરી પર કામ કરતા સજાગ પત્રકારો પણ હવે માહિતી અને એ આપનારા સોર્સને ગુપ્ત રાખવા ડાર્કનેટ તરફ વળી રહ્યા છે. સરમુખત્યાર પ્રકારની સરકારો ધરાવતા નોર્થ કોરિયા, ચીન અને મિડલ ઈસ્ટના દેશોમાં પત્રકારોને સાઈબર સિક્યૉરિટી માટે ડાર્કનેટનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. એલન પિયર્સ આ બાબતે જાગૃતિ લાવવાનું કાર્ય કરતો એક્ટિવિસ્ટ છે. ફ્રીમાં મળતાં સોફ્ટવેર અને ઍપ ડાઉનલૉડ કરીને, એના દ્વારા ઈન્ટરનેટ પર ઓળખ સંતાડવાની, જાસૂસી કરનારાઓથી બચવાની, સુરક્ષિત કમ્યુનિકેશન સ્થાપિત કરવાની અને કોઈ ટ્રેસ ના કરી શકે એ રીતે માહિતીની આપલે કરવાની યુક્તિઓ શીખવાડતું પુસ્તક તેણે લખેલું છે. તે સ્ટોગ્નોગ્રાફી અર્થાત્ સામાન્ય લાગતી ફાઈલ કે સંદેશમાં ગુપ્ત માહિતી સંતાડવાની પદ્ધતિ વાપરવાનો આગ્રહ કરે છે. જેમાં માહિતી સાચવવાની હોય એ ફાઈલના નામ પણ ભળતા રાખવા અને એને પોતાના કોઈ ડિવાઈઝમાં રાખવાને બદલે ડીપવેબમાં અપલૉડ કરવાની સુવિધા આપતી સાઈટ પર સંતાડી દેવી. તે કહે છે કે એન્ક્રિપ્ટેડ મેસેજિસ ખાસ ઉપયોગી નથી હોતા. તમારા પર નજર રાખનારા એનો તોડ શોધી જ કાઢે છે. ઉલટાનું એન્ક્રિપ્ટેડ મેસેજ વડે પત્રકારો કે સામાન્ય યુઝર પણ સામેથી જાસૂસી કરતી સરકારી સંસ્થાઓની નજરે ચડવાનું કામ કરે છે. એના કરતાં બહેતર છે કે નજરમાં આવ્યા વગર કામ કરવું. ચાઈલ્ડ એબ્યુઝ, ડ્રગની તસ્કરી કે આતંકવાદી ઘટનાની કોઈ ન્યૂઝ સ્ટોરી પર કામ કરતી વખતે પણ એલન પિયર્સ સામાન્ય સર્ચ એન્જિનને બદલે ટોર જેવા બ્રાઉઝર ઉપયોગ કરવાનું સૂચન કરે છે, કારણ કે સતત દરેક પ્રકારની ઓનલાઈન એક્ટિવિટી મોનિટર કરનારા સર્વેલન્સ પ્રોગ્રામ આવા શબ્દોથી ટ્રિગર થઈને તમને શંકાસ્પદની યાદીમાં ઉમેરી દે છે.

ડિજિટલ જીવન પણ હવે આપણા સૌનાં રોજબરોજનાં જીવનનો એક મહત્ત્વનો ભાગ બની ગયો હોવાથી, આવનારા સમયમાં સાઈબર સિક્યૉરિટીનું જ્ઞાન વ્યક્તિગત સ્તરે ઘણુ આવશ્યક બની રહેશે. ઈન્ટરનેટનું ઝડપથી થઈ રહેલું કૅપિટલાઈઝેશન પણ ખતરાનું સૂચક છે. ડેટાનો વપરાશ કરવા માણસ પૈસા સર્વિસ પ્રોવાઈડ કંપનીને ચૂકવે છે, પણ ઈન્ટરનેટનો વપરાશ કરવાનો કોઈ ચાર્જ હોતો નથી. એટલે ઘણાને એવું લાગે કે ઈન્ટરનેટ જગતના હિત માટે મફતમાં મળેલું માધ્યમ છે, પરંતુ અંગ્રેજીમાં એક પ્રચલિત વિધાન છેઃ જો તમે કોઈ પ્રોડક્ટ માટે પૈસા નથી ચૂકવી રહ્યા, તો તમે ખુદ જ પ્રોડક્ટ છો. અર્થાત્, ઈન્ટરનેટ પર આપણી હાજરી અને પ્રવૃત્તિથી જે બિગ ડેટા એટલે કે સામૂહિક માહિતીનો ભંડાર ઊભો થાય છે, એ પોતાનામાં જ એક પ્રોડક્ટ બની જાય છે. ઈન્ટરનેટનો પ્રસાર જ્ઞાન, માહિતી, વ્યક્તિવિકાસ, શિક્ષણ અને ઝડપી કમ્યુનિકેશનના શુભ આશયથી થયેલો, પરંતુ તજજ્ઞો ભય દર્શાવે છે કે આવનારા સમયમાં ઈન્ટરનેટ એક એવું વિશાળ માર્કેટ પ્લેસ બની જશે, જેનું સંચાલન અને નિર્દેશન વિશ્વની જાયન્ટ કંપનીઓ પોતાના સ્વાર્થ પ્રમાણે કરશે. સરફેસ ઈન્ટરનેટ પર એમની પકડ મજબૂત બનશે ત્યારે ન્યૂટ્રલ ઓનલાઈન પ્લેસ તરીકે ડીપવેબ મજબૂત બનશે.

કૉફી-સ્કિપ્ટ :

આપણને એવો સમાજ ના જોઈએ, જ્યાં બે માણસો જો વાત કરવા ઈચ્છતા હોય તો એમણે ફરજિયાતપણે ત્રીજા માણસ દ્વારા ફાઈનાન્સ કરાયેલી વ્યવસ્થાનો ઉપયોગ કરવો પડે, જેથી એ ત્રીજો માણસ પોતાનો સ્વાર્થ સાધવા આ બંનેને ખોટી રીતે પ્રભાવિત કરી શકે. - જેરોન લેનિયર ■

તજજ્ઞો ભય દર્શાવે છે કે આવનારા સમયમાં ઇન્ટરનેટ એક એવું વિશાળ માર્કેટ પ્લેસ બની જશે, જેનું સંચાલન અને નિર્દેશન વિશ્વની જાયન્ટ કંપનીઓ પોતાના સ્વાર્થ પ્રમાણે કરશે

બધા મનુષ્યો મારી પ્રજા છે... જગતના નાથનું વચન છે!

ઉત્સવના દિવસો નજીક છે. રથયાત્રા પહેલાં મેદાનમાં ફૂટબોલ ઊછળવા લાગે, નાનાં ભૂલકાંઓથી મોટાં મંદિરો રથ બનાવવા અને શણગારવામાં વ્યસ્ત થઈ જાય. નવી નવલકથા, નવું નાટક, શારદીય સાહિત્ય અને દુર્ગાપૂજા માટે મૂર્તિઓ ઘડવાનું કાર્ય આરંભ થાય. વરસાદ અને સર્જનનો કુદરતી મેળ જામી જાય. મહેશ-શ્રીરામપુર, ઈસ્કોન-માયાપુર સાદગી સાથે રથયાત્રા પર્વ ઊજવવાનું જાહેર કરી ચૂક્યા છે.

લોકો જ્યારે રથના દોરડા ખેંચતાં હોય ત્યારે અનોખો ઉત્સાહ હોય છે. ઉત્સવ બધું ભૂલાવીને સમાજમાં સમરસતા લાવે છે. રથનાં પૈડાં ખેંચાય, ઘંટનાદ અને શંખનાદ સાથે પૂજાપર્વનું આગમન થઈ જાય. મેળા ભરાય, ધૂમ ખરીદી થાય. રથયાત્રા એક સંદેશ છે, ઈશ્વરનો સંકેત છે, કોઈ પણ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી ધીરજ રાખવી જોઈએ. અધીરાઈ સર્જનને અપૂર્ણ રાખે છે!

કોલકાતામાં ફૂટબોલ જોઈને ગમે તે ઉંમરના બાબુ જોશમાં આવી જાય. આ વર્ષે અનેક ક્લબોને સારી ગુણવત્તા ધરાવતાં ફૂટબોલ ભેટ મળ્યા છે. વરસાદ અને કાદવમાં પણ ફૂટબોલ રમવાની મજા છે, પણ ફૂટબોલ રમી શકાય કે દર્શકો ભેગા થાય એ સંભવ નથી. દરેક ગલીમાં એકાદ ક્લબ મળી જાય, મેદાન ન મળે તો સાંકડી ગલીમાં મેચ રમાય.

પગ અને પૈડાં બંને થંભી ગયા છે. ફૂટબોલ ઝડપી રમત છે, તાલમેલની સાથે રમાય છે, બળ અને બુદ્ધિ સાથે બોલ એક ખેલાડીથી બીજા ખેલાડી સુધી આગળ વધે છે. એક કે બે ખેલાડી જ રમતમાં હોય તો મુશ્કેલીઓ છે. નિર્ણય લેવામાં ચૂક થાય સમય વીતી જાય છે. રમત નીરસ અને નિર્ણય વગર પુરી થઈ જાય છે. તેમાં બે ગોલ પોસ્ટ વચ્ચે રક્ષાત્મક અને આક્રમક ખેલ વચ્ચે રેફરીનો નિર્ણય છેવટનો હોય છે, પણ રમતની ઉત્તેજનામાં ઘણીવાર રેફરી જ ભોગ બની જાય છે. નવસર્જનની બદલે રમત કોયડા ઉકેલવાની બની ગઈ છે. વોટતંત્ર અને લોકતંત્ર વચ્ચે નાગરિકોનાં જીવન-ધોરણ અટવાયેલા છે. પૈડાંમાં નિયમ લાગુ પડે છે, તે એ કે પૈડાં એક જ દિશામાં વધી શકે છે. સગવડ મુજબની માટીમાં પૈડું નમી જાય તો આગળ વધવાની શક્યતા રહેતી નથી.

જાહેર જીવનમાં ચડતી અને પડતી બે પાસાં છે, પૈડાં નથી. સ્પર્ધા હોય તે સ્વાભાવિક છે, એક સફળતાને મોકળો માર્ગ સમજવાની ગફલતમાં જે સ્થાન મળ્યું છે તે વ્યર્થ જશે!

મતિ અને ગતિની પરીક્ષા છે. કોઈ પણ રમત ફક્ત બળથી રમાતી નથી. હંમેશાં જીતી શકાતી નથી. બળ અને કળ સાથે હોય તો રમતમાં રોમાંચ અને રસાકસી જોવા મળે છે. જે ઝડપથી દોડી શકે તે ઝડપથી તરી શકશે એવી માન્યતા ખોટી પડશે. અવરોધ ઘણીવાર લોકતાંત્રિક અધિકારની બદલે સ્વભાવ બની જાય છે. લક્ષ્ય સુધી પહોંચવા માટે મતિ સાફ અને ગતિ તેજ જોઈએ. દરેક નિર્ણયો માટે મુદ્દત નબળાઈઓ છતી કરી શકે છે. સમસ્યાઓ લંબાવવાથી વધુ મોટી બનતી જાય છે.

રથમાં ઘોડા જોડાય છે, પણ ભગવાન જગન્નાથનો રથ ભક્તો દોરડા વડે ખેંચે છે. કોલકાતામાં જ્યારે રથયાત્રા માર્ગ પર હજારોની ભીડ સાથે દેખાતી ત્યારે પુષ્પવર્ષા થતી. જય જગન્નાથના જયઘોષ સાથે નાના અને મોટા રથ ભગવાન જગન્નાથનો સંદેશ બની જતાં કે સામૂહિક શક્તિ ગમે તેવી આફતનો સામનો કરી શકે છે.

> જીવન રથને માર્ગ પર લાવવા સમજણની રમત જરૂરી છે. બે પગ વચ્ચે જેટલી સમજણ હોય છે તેટલી સફળતા ચાલવામાં અને દોડવામાં મળે છે

જીવન રથને માર્ગ પર લાવવા સમજણની રમત જરૂરી છે. બે પગ વચ્ચે જેટલી સમજણ હોય છે તેટલી સફળતા ચાલવામાં અને દોડવામાં મળે છે. જો જીતવું હોય તો કોઈ હારી જશે તેવી ધારણા ઠગારી નીવડતી હોય છે. રાજકારણ અર્થશાસ્ત્રનું પ્રતિબિંબ છે, તેની અવગણના થઈ શકે નહીં. જે ઝડપથી રાજકીય હવામાન બદલાય છે, તેનું આકલન સરળ નથી. પોતાના અને પારકા એવી ગણતરી મત મેળવવા માટે કામ આવી શકે, પણ વિસ્તાર કરવા માટે પારકાને પોતાના કરવા પડશે!

પુરાણમાં એવી કથા છે કે સ્વયં વિશ્વકર્મા જગન્નાથ, સુભદ્રા અને બલરામની મૂર્તિઓ ઘડવા આવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં વિશ્વકર્મા પૂજા કલકારખાનાઓમાં થાય તે પછી સાથે પૂજાની શરૂઆત થાય છે. ખેતી અને ઉદ્યોગો આર્થિક રથનાં મજબૂત પૈડાં બની ગતિમાં દોડશે તો કલ્યાણની રમત વેગ પકડશે..! વિકાસનો રથ નીકળશે..! ■

રોનાલ્ડો, કોક, કોલ્ડ્રિન્ક્સ પબ્લિસિટીની પારાયણ

ગયા ફેબ્રુઆરીમાં દુનિયામાં ફેસબુક, ઇન્સ્ટ્રાગ્રામ અને ટ્વિટર પર સૌથી વધુ પચાસ કરોડ ફેન્ડ ફોલોઅર્સ મેળવનાર ફૂટબોલર રોનાલ્ડો પ્રથમ વ્યક્તિ બન્યો. એણે માર્ચ સુધીમાં ૭૭૦ ગોલ નોંધાવીને બ્રાઝિલના પેલેનો રેકોર્ડ તોડ્યો છે. આ રોનાલ્ડોએ ગયા સપ્તાહમાં થોડો હાથ હલાવ્યો તેમાં કૉકા-કોલા કંપનીને જબરો ધક્કો લાગી ગયો. સમજો કે કંપની લોહીલુહાણ થઈ ગઈ. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રોનાલ્ડોએ કૉકા-કોલાની બોટલો ઊંચકીને બાજુ પર મૂકી દીધી. રોનાલ્ડોના આ કાર્યકલાપની જગતમાં ખૂબ ચર્ચા થઈ. બીજા ખેલાડીઓએ તેનું અન્યત્ર અનુકરણ કર્યું.

સચિન તેંડુલકર સૌથી ધનવાન ક્રિકેટર છે. રમત અને જાહેરખબરોના એન્ડોર્સમેન્ટ થકી એ રૂપિયા ૧૨૪૧ કરોડનો માલિક ગણાય છે. પ્રોપર્ટી અને અન્ય રોકાણો કરી રાખ્યા હોય તો સાચો ફિગર ખૂબ ઊંચો હોઈ શકે. ભારતમાં તેની સ્પષ્ટ ગણતરી મુશ્કેલ છે. ફોર્બ્સ દ્વારા ધનાઢ્ય ખેલાડીઓની યાદી દર વરસે જાહેર થાય છે. ૨૦૧૫માં દુનિયાના તમામ ખેલોના ખેલાડીઓની યાદીમાં સૌથી વધુ કમાતા ખેલાડીઓની યાદીમાં સચિનનો

૨૩મો ક્રમ હતો. આમ ક્રિકેટ ભલે મહત્ત્વની રમત છે, પરંતુ સર્વવિદિત છે કે સૌથી અઢળક ધન ફૂટબોલમાં રોકાયેલું છે.

ગયા વરસે પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી ક્રિસ્તિયાનો રોનાલ્ડો ફૂટબોલ જગતમાં એક અબજ ડૉલર (રૂપિયા ૭૩૦૦ કરોડની આસપાસ)થી વધુ રકમ કમાઈ ચૂકેલો જગતનો પ્રથમ ખેલાડી બન્યો. ભારતના યુવાનોને પપ્પાના દાદાના નામની ખબર નહીં હોય, પરંતુ રોનાલ્ડો પોર્ટુગલનો છે એ જરૂર ખબર હશે. જોકે પોર્ટુગલ ચોક્કસ કઈ જગ્યાએ આવ્યું તેની પણ ખબર નહીં હોય, પણ રોનાલ્ડો ગોલ ફટકારે તો કેટરીના કેફ પરણવા રાજી થઈ હોય તેમ બે મુક્કાઓ આકાશમાં ઝુલાવીને દસ બાય આઠની કોટડી ગજાવી મૂકશે. આધુનિક હોવા કરતાં લાગવું જરૂરી છે.

ગયા ફેબ્રુઆરીમાં દુનિયામાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર સૌથી વધુ પચાસ કરોડ ફેન્ડ ફોલોઅર્સ મેળવનાર રોનાલ્ડો પ્રથમ વ્યક્તિ બન્યો. એણે માર્ચ સુધીમાં ૭૭૦ ગોલ નોંધાવીને બ્રાઝિલના પેલેનો રેકોર્ડ તોડ્યો છે. હાલમાં એ જુવેન્ટસ નામની ફૂટબોલ ક્લબ સાથે ચાર વરસના કરારથી બંધાયેલો છે અને વરસે સરેરાશ છ કરોડ ચાલીસ લાખ ડૉલર ક્લબ પાસેથી મેળવે છે. આ કરાર ૨૦૨૨માં પૂરો થશે. નાઇકી શૂ કંપની સાથે એનો આજીવન બ્રાન્ડ એમ્બેસેડર તરીકેનો કરાર છે. બાકીની કંપનીઓ અલગ દુનિયામાં સૌથી વધુ કમાતા ખેલાડીઓમાં એનો ક્રમ ત્રીજો છે. તેમાં ગોલ્ફ, રગ્બી, ટેનિસ જેવી બધી જ રમતો આવી જાય. ગયા વરસે દુનિયાના પ્રથમ હરોળના એકસો નામાંકિત લોકોમાં એનો ક્રમ ચોથો હતો.

આ રોનાલ્ડોએ ગયા સપ્તાહમાં થોડો હાથ હલાવ્યો તેમાં કૉકા-કોલા કંપનીને જબરો ધક્કો લાગી ગયો. સમજો કે કંપની લોહીલુહાણ થઈ ગઈ. યુરો ૨૦૨૦ ફૂટબોલ ચેમ્પિયનશિપ નિમિત્તે રોનાલ્ડો એક પ્રેસ કોન્ફરન્સને સંબોધવા આવ્યો ત્યારે વિધિ મુજબ ટેબલ પર મૂકવામાં આવેલી કૉકા-કોલાની બે બોટલોને રોનાલ્ડોએ હાથમાં ઉપાડી બાજુએ મૂકી દીધી અને સાથે બોલ્યો કે, 'પાણી પીઓ, કૉકા-કોલા નહીં' રોનલ્ડોના આ બોલવાની અસર એટલી હદે થઈ કે કૉકા-કોલાના શેરધારકોને થયું કે રોનાલ્ડોના બોલવાથી કંપનીના ઠંડા પીણાની ખપત ઓછી થશે અને કંપનીનો નફો ઘટશે. કંપનીના શેરોની કિંમત ઘટી ગઈ. તેની નેટવર્થમાં ચાર અબજ ડૉલર અર્થાત્ ૨૯ (ઓગણત્રીસ) હજાર ડૉલરથી વધુ રકમનું ગાબડું પડ્યું. જોકે જાણકારો કહે છે કે, પ્રેસ કોન્ફરન્સ શરૂ થઈ તે અગાઉ જ કિંમતોમાં એક અબજ ડૉલર ઘટાડો અન્ય વેપારી પરિબળોને કારણે થઈ ચૂક્યો હતો. શક્ય છે કે નિરાશાના વાતાવરણમાં રોનાલ્ડોના વિધાને વધુ નિરાશા ઉમેરી હોય.

રોનાલ્ડોના આ કાર્યકલાપની જગતમાં ખૂબ ચર્ચા થઈ. બીજા ખેલાડીઓએ તેનું અન્યત્ર અનુકરણ કર્યું. કેટલાકે ગંભીરતા પૂર્વક તો અમુકે રમૂજ ખાતર હકીકતમાં રોનાલ્ડો પોતે એક સમયે કૉકા-કોલાનો બ્રાન્ડ એમ્બેસેડર રહી ચૂક્યો છે અને કૉલા ગટગટાવતો હોય તે દર્શાવતો જૂનો વીડિયો પણ મીડિયામાં ફરવા માંડ્યો. અમુક લોકોએ લખ્યું કે રોનાલ્ડો આજે અઢળક સંપત્તિ અને લોકપ્રિયતાનો માલિક છે. એ ફૂટબોલ જગતમાં ખૂબ પાવરફુલ છે એટલે જાહેરમાં કૉકા-કોલાનો તિરસ્કાર અથવા બહિષ્કાર કરવાનું એને પોસાય. જ્યારે ખાસ ધનવાન ન હતો ત્યારે પણ કૉલા ડ્રિન્ક્સની સવળી અસરોથી જગત વાકેફ હતું છતાં રોનાલ્ડોએ કૉલા માટે મોડેલિંગ કર્યું જ હતું. રોનાલ્ડો પોતાના શરીરની ચુસ્તી અને સ્ફૂર્તિની એટલી કાળજી લે છે કે દિવસમાં છ વખત, નિષ્ણાતોની સલાહ મુજબ પોષક અને તંદુરસ્ત આહાર લે છે. એમ પણ હોઈ શકે કે અગાઉ કૉલાનું મૉડેલિંગ કરતી વેળા આરોગ્ય પરની નકારાત્મક અસરથી રોનાલ્ડો વાકેફ નહીં હોય, પરંતુ આજથી પચ્ચીસ ત્રીસ વરસ અગાઉ હૈદરાબાદ, ભારતના ગોપીચંદ ફૂલેલા દુનિયાની બેડમિન્ટન સ્પર્ધા જીતી આવ્યા બાદ સોફ્ટ ડ્રિન્ક્સ (જેને સોડા તરીકે પણ ઓળખાવાય છે)ની કંપનીઓએ ગોપીચંદને બ્રાન્ડ એન્ડોર્સ કરવા માટે મોટી રકમની ઑફર કરી હતી. ત્યારે આર્થિક રીતે મધ્યમ વર્ગના ગોપીચંદે એ ઑફર ઠુકરાવી દીધી હતી અને એ ઘટના ભારતીય અખબારોમાં હેડલાઈન બની હતી. ગોપીચંદે એમ કહીને તે ઑફર નકારી કે, 'હું એક ખેલાડી છું, જે આરોગ્યપ્રદ ખોરાક અને જીવનશૈલી માટેનો રોલ મૉડેલ હોવો જોઈએ. સોડા ડ્રિન્ક્સ આરોગ્ય માટે હિતકારી નથી તેથી તેનો પ્રચાર હું નહીં કરું.'

ગોપીચંદની આ હિંમતને ખૂબ પ્રશંસા મળી હતી. બીજી તરફ બાબા રામદેવ છે. એમના પ્રારંભના ચડતીના કાળમાં ગુજરાતમાં અને ભારતમાં એમની શિબિરો યોજાતી ત્યાં એ પેપ્સી-કોલા, કૉકા-કોલાનો બહિષ્કાર કરવાની સલાહ આપતા હતા અને જ્યારે પતંજલિના નામથી ધંધો ચાલતો થયો ત્યારે ખુદ કૉલ્ડ ડ્રિન્ક્સ બનાવીને બજારમાં વેચવા માંડ્યા. જોકે એમને ન તો મેગીમાં સફળતા મળી, ન કૉલ્ડ ડ્રિન્ક્સમાં, પણ એમનું ચરિત્ર જાહેર થઈ ગયું કે બાબાને પૈસા કમાવામાં જ રસ છે. લોકોના આરોગ્યની ઐસી તૈસી.

સોડા ડ્રિન્ક્સની શોધ ૧૭૯૮માં જોસેફ પ્રિસ્ટલીએ કાર્બોનેટેડ વૉટર તરીકે કરી હતી. ગોળીવાળી સોડા બોટલોનો એક લાંબો ગાળો ચાલ્યો. મહેમાનોનું સ્વાગત સોડાથી થવા માંડ્યું હતું. ૧૮મી સદીમાં ફાર્મસીવાળાઓએ કૉલા ડ્રિન્ક્સ બનાવીને વેચવાની શરૂઆત કરી. વાસ્તવમાં રોનાલ્ડોએ ખાસ કૉકા-કોલાનો જ વિરોધ કર્યો નથી, પરંતુ તમામ સોડા ડ્રિન્ક્સ, જેમાં પેપ્સી અને બીજા તમામ આવી જાય તેનો વિરોધ કર્યો છે. એ અર્થમાં પેપ્સીના શેરના ભાવ પણ ઘટવા જોઈએ. જોકે લોકોની આ પ્રતિક્રિયા પણ સોડા વૉટર

જેવી જ હોય છે. એક વખત ઊભરો આવે અને શમી જાય. પેપ્સી અને કોકા-કોલા વચ્ચે ઘણી વખત તફાવત પાડવો મુશ્કેલ છે. આજથી ૫૦ વરસ અગાઉ કોકા-કોલા અને ફેન્ટા પ્રખ્યાત થયા હતા. ગુજરાતમાં, ખાસ કરીને સુરતમાં સોસિયો પ્રખ્યાત હતું. ગોલ્ડ સ્પોટ નામનું ઓરેન્જ ડ્રિન્ક્સ હતું. બાદમાં મોરારજી દેસાઈની સરકાર આવી અને વિદેશી પીણા કંપનીઓ ભારતમાં બંધ કરાવી દીધી. નરસિંહ રાવની સરકારના સમયમાં કોકા-કોલા નવેસરથી ભારતમાં આવી, ત્યારે તેનો નવો સ્વાદ લોકોને ગળે ઊતર્યો ન હતો. જૂનો ક્લાસિક સ્વાદ લોકો ઇચ્છતા હતા. કોકા-કોલાના સ્વાદમાં અનેક વખત ફેરફારો થયા છે. ક્લાસિક સ્વાદ અમેરિકામાં પણ પ્રચલિત હોય તેમ જણાતું નથી, પરંતુ હોંગકોંગ અને ચીનમાં તે મળી રહે છે.

કોકાકોલાને બાજુએ હડસેલી દેવાની રોનાલ્ડોના એ કામની નકલો થવા માંડી. ઇટાલીની ટીમના મીડફિલ્ડર ફૂટબોલર મેન્યુઅલ લોકાટેલીએ પણ કોલાની જગ્યાએ પાણીની માગણી કરી. ફ્રાન્સની ટીમના ખેલાડી પૌલ પોગ્બાએ પણ એક પ્રેસ કોન્ફરન્સમાં નેધરલેન્ડ્સના પ્રખ્યાત હાઇનીકન બીઅરની બોટલોને ટેબલ પરથી દૂર કરી હતી. પોગ્બાના આ કૃત્યને વાજબી ઠેરવવામાં આવ્યું. એટલા માટે કે પોગ્બા પોતે મુસ્લિમ છે અને ઇસ્લામમાં શરાબ વર્જ્ય છે. જોકે હાઇનીકન કંપનીએ નિવેદન બહાર પાડીને જાહેર કર્યું કે જેની મરજીમાં જે ડ્રિન્ક આવે તે પી શકે છે અથવા પીવાની ના પણ પાડી શકે છે. હાઇનીકન કંપનીનો તે બાબતમાં કોઈ આગ્રહ નથી. કંપનીએ સ્પષ્ટતા કરી કે જે બીઅરની બોટલો ત્યાં રાખવામાં આવી હતી તે વાસ્તવમાં આલ્કોહોલ-ફ્રી હતી.

જોકે આ રમૂજની વાત હતી, પણ ગંભીર વાત એ છે કે એક ખેલાડી પોતાની નાનકડી ક્રિયાકલાપ દ્વારા અબજો રૂપિયાનું સ્પોન્સર કંપનીને નુકસાન કરાવે તો કોઈ પણ રમતગમત માટે ભવિષ્યમાં સારા સ્પોન્સર નહીં મળે. મળશે તો મોટી રકમ નહીં મળે. રોનાલ્ડોના

ગોપીચંદે પણ એડ.ને ના પાડી હતી

આ કામથી 'ધ યુનિયન ઓફ યુરોપિયન ફૂટબોલ એસોસિયેશન્સ' (યુઇએફએ) ખુશ નથી. યુરોપિયન ફૂટબોલની આ ગવર્નિંગ બોડી છે અને તેનું હેડક્વાર્ટર સ્વિત્ઝરલેન્ડમાં છે. આ સંસ્થાએ યુરોપના દેશોના તમામ નેશનલ ફેડરેશનોને વિગતવાર જણાવ્યું છે કે તેઓ ટીમને એવું શિખવાડે, સમજાવે જેથી તેઓના વર્તનની ખરાબ અસર સ્પોન્સરો પર ન પડે. યુરો ૨૦૨૦ ફૂટબોલ ચેમ્પિયનશિપ સ્પર્ધા જે કંપનીઓએ સ્પોન્સર કરી હતી તે પ્રત્યેક કંપનીએ સ્પોન્સરશિપ પેટે ત્રણ ત્રણ કરોડ ડૉલર અર્થાત્ ૨૨૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. રોનાલ્ડોને જે રકમ ફી તરીકે ચૂકવાય છે તે પણ આ કમાણીમાંથી જ આવે છે.

યુનિયને એસોસિયેશનોને શિખામણ એટલા માટે આપવી પડી છે કે ખેલાડીઓ માટે કાનૂની કે ગેરકાનૂની વર્તનનો ભેદ પાડતા કે સ્પષ્ટતા કરતા કોઈ કાયદાઓ અસ્તિત્વમાં નથી. વળી, ફૂટબોલ જગતમાં રોનાલ્ડો એટલો પાવરફુલ ખેલાડી છે કે સીધો એને જ સંબોધીને ઠપકો પણ આપી શકાય તેમ નથી. એક દલીલ એવી છે કે એસોસિયેશનો કે યુનિયનો જે કંપનીઓને સ્પોન્સર તરીકે સ્વીકારે તે કંપનીઓના કામકાજ વિશે ખેલાડીઓને પણ કશુંક કહેવાનો અધિકાર હોવો જોઈએ. પોતાનો ગમો અણગમો વ્યક્ત કરવાની છૂટ હોવી જોઈએ. તેઓ હૃદયથી જે વાત, વિગત કે વસ્તુમાં માનતા ન હોય તેનો તેઓ જ પ્રચાર કરે તેવી વ્યવસ્થા ન હોવી જોઈએ. આજકાલ તારાંકિત ખેલાડીઓ આ સંદર્ભમાં હોદ્દેદારો અને મીડિયાને પડકારતાં થયા છે. કંપનીઓ અને કોર્પોરેશનોએ પોતાની એક સંભાળપૂર્વક ઊભી કરેલી ઇમેજ હોય છે અને અમુક ખેલાડીઓ પણ નિષ્ઠાપૂર્વક અમુક મત ધરાવતા હોય છે. તે બંને વચ્ચેનું ઘર્ષણ એટલે હાલની ઘટના. હમણા જગતમાં અનૈતિક ઢબે ચાલતા ધંધા-બિઝનેસ વગેરેનું પ્રમાણ વધ્યું છે. દુનિયાના ઘણા લોકો માને છે કે એમેઝોન કંપનીના માલિક જેફ બેઝોસ નિખાલસતાથી નહીં, પરંતુ ચાલાકીથી ધંધો કરે છે. હમણા બેઝોસ પોતાના જ યાનમાં અવકાશી સફરે જવાના છે ત્યારે દુનિયાના હજારો લોકોએ સહી ઝુંબેશ આદરી છે કે જેફ બેઝોસ અવકાશમાંથી પાછા ન ફરે. ત્યાં જ રોકાઈ પડે. આ અશક્ય બાબત છે, પરંતુ લોકોની નફરત દર્શાવે છે. આમેય પૃથ્વી પર આઠ અબજ લોકોની વસ્તી એક સોસાયટી જેવી બની ગઈ છે. ઇન્ટરનેટના પ્રતાપે. તેમાં કરોડો લોકો પ્રેમ કરતા હશે તો અબજો લોકો નફરત કરતા હશે. દરેકને પોતપોતાનાં કારણો હશે. રોનાલ્ડો આરોગ્યના કારણસર વિરોધ કરે તો મુસ્લિમ ખેલાડીઓ ધાર્મિક કારણસર વિરોધ કરે. ઘણા મુસ્લિમ ખેલાડીઓએ આલ્કોહોલિક ડ્રિન્ક્સની પ્રોડક્ટ માટે પ્રચાર કરવાની ના પાડી દીધી છે. કેટલીક સત્તાવાર ગેમ્બલિંગ (જુગાર - કસીનો) કંપનીઓ માટે પણ તેઓ પ્રચાર કરતા નથી. રોનાલ્ડો પોતાની કસરત અને ફૂટબોલના રિયાઝની તસવીરો સોશિયલ મીડિયામાં શેઅર કરતો રહે છે. તેણે અનેક વખત બાળકોને સોફ્ટ ડ્રિન્ક્સની આદતો પાડવા સામે નારાજગી વ્યક્ત કરી છે. આરોગ્ય સાથે મેચ થાય તેવી જાહેરખબરો પણ હોય છે. જેમ કે નાઇકી શૂ અને હર્બાલાઇફના આરોગ્યપ્રદ ફૂડ્સ, ડ્રિન્ક્સ અને વિટામિન્સ, મિનરલ્સ વગેરે. જોકે આ લખનારનો પ્રત્યક્ષ અનુભવ છે કે હર્બાલાઇફના અમુક પ્રેપરેશન્સ, જેમ કે પ્રોટીન શેક વગેરે પચવામાં હળવા હોતા નથી અને દરેકના શરીરને માફક આવે તે જરૂરી નથી. ભારતના લોકોને તે ખૂબ મોંઘા પણ જણાય. રોનાલ્ડોના મતે તે આરોગ્યદાયી છે. કેન્ટકી ફાઇડ ચિકન (કેએફસી) પણ વારંવાર

ફ્રાન્સની ટીમના ખેલાડી પૌલ પોગ્બાએ પણ એક પ્રેસ કોન્ફરન્સમાં નેધરલેન્ડ્સના પ્રખ્યાત હાઇનીકન બીઅરની બોટલોને ટેબલ પરથી દૂર કરી હતી

આરોગવા તે તબિયત માટે સારી વાત નથી, પરંતુ અગાઉ રોનાલ્ડોએ તેના બ્રેન્ડ એમ્બેસેડર માટે કામ કર્યું હતું. ઘણા લોકો એ વાતની યાદ અપાવી રહ્યા છે કે રોનાલ્ડોએ એવા ઘણા વિજ્ઞાપનોમાં કામ કર્યું છે જેની પ્રોડક્ટ રોનાલ્ડોના જીવન-વિચારો સાથે મેચ થતી નથી. અમુક હોદ્દેદારોનું કહેવું છે કે રોનાલ્ડોના વર્તનમાં એકસૂત્રતા ઓછી અને વાંકદેખાપણુ વધારે છે. સ્પોર્ટ્સ માર્કેટિંગ એક્સપર્ટ ટીમ ક્રો કહે છે કે, રોનાલ્ડોના આ વર્તનને કારણે રમતગમત ઉદ્યોગમાં તમામની ભૃકુટિઓ ખેંચાઈ છે. કૉકા-કોલાના એક પૂર્વ અધિકારી રિકોર્ડો ફોર્ટ કહે છે, આ ઘટના એક અધિકારના ભંગ સમાન છે, જેમાં કૉકા-કોલા યોગ્ય રીતે વળતરનો દાવો માંડી શકે છે. એમના કહેવા મુજબ જે કંપનીઓએ સ્પોન્સરશિપ તરીકે મસમોટી રકમો ચૂકવી હોય છે, તેઓના માટે આ અકારણ લપડાક સહન કરવા બરાબર છે. એ પણ નાણા ચૂકવીને. રમત જગતમાં અનેક લોકોનાં પરસ્પર હિતો સમાયેલાં હોય. ઘણી વખત વિરોધીઓ વાંધો પાડે. ક્યારેક ઓર્ગેનાઇઝરો તો ક્યારેક ખેલાડીઓ વિઘ્ન પેદા કરે.

ટેબલ પર બોટલો ગોઠવવી તેવો કરાર યુઇએફએ દ્વારા કૉકા-કોલા અને હાઇનીકન બંને કંપનીઓ સાથે થયેલા છે. આ બંને કંપનીઓ યુઇએફએ પર વળતરનો દાવો માંડી શકે. જોકે હજી સુધી આ બંનેમાંથી કોઈ કંપનીએ વળતર માગ્યું નથી. કંપનીઓ દ્વારા નિર્મિત ડ્રિન્ક્સ પીવા માટે અપાય છે, પણ ખેલાડીઓ હવે પોતાની ઇચ્છા મુજબનું ડ્રિન્ક ડિમાન્ડ કરી શકે છે. ખેલાડીઓના એ અધિકારને માન્ય રાખવામાં આવ્યો છે, પણ જો તે અલગ ડ્રિન્ક્સની ઘટના દર્શકો મેદાનમાં કે મેદાનની બહાર ટીવી પરદા પર જુએ તો સ્પોન્સર કંપનીનાં ઉત્પાદનો વિશે શંકાઓ ફેલાય છે. ફલાણા ખેલાડી ફલાણુ ડ્રિન્ક પસંદ કરતા નથી. સ્પોન્સર કંપનીને ફાયદો થવાને બદલે નુકસાન થાય. પોતાની મરજીનું ડ્રિન્ક્સ પસંદ કરવાની વાતને યુઇએફએ મંજૂર રાખે છે, પણ કૉકા-કોલાએ આ બાબતે મૌન

કેન્ટ નિર્મિત આટામેકરની જાહેરખબરે વિવાદ જગાવ્યો હતો

જાળવી રાખ્યું છે.

ઇંગ્લેન્ડની ફૂટબોલ ટીમના મેનેજર ગારેથ સાઉથગેટ કોર્પોરેટ સ્પોન્સરશિપનો બચાવ કરે છે. એ કહે છે કે, એમનાં નાણા થકી જ રમતોનું તમામ સ્તરે આયોજન શક્ય બને છે. અન્ય ખેલાડીઓ પણ તે વાતને સમર્થન આપે છે. ઇંગ્લેન્ડના કેપ્ટન હેરી કાન કહે છે કે, કંપનીઓએ પોતાની ધારણા મુજબનાં પરિણામો (સ્પોન્સરશિપ માટેનાં પરિણામો) માટે પૈસા ચૂકવ્યા હોય છે અને તેથી તે પરિણામો તે મેળવવા માટે તેઓ હકદાર ઠરે છે.

ઘણીવાર ખેલાડીઓ પોતાની રીતે ખાનગીમાં પણ કોઈ કંપની સાથે એન્ડોર્સમેન્ટનો કરાર કરે છે. એવા દાખલાઓ મોજૂદ છે જેમાં ખેલાડીઓ પોતાના માર્કેટિંગ ડીલને વધુ મહત્ત્વ આપે અને તેની સરખામણીમાં ગ્રૂપે જે કંપની સાથે માર્કેટિંગ ડીલ કર્યું હોય તેને ઓછું મહત્ત્વ આપે. આ ખેલાડીની સ્વાર્થવૃત્તિ કહેવાય. વરસ ૧૯૯૨ના ઑલિમ્પિક્સમાં અમેરિકાના નામી બાસ્કેટબોલ ખેલાડી માઇકલ જોર્ડને એના ઓફિસિયલ યુનિફોર્મ પર રહેલો રીબોક શૂનો લોગો પર અમેરિકાના રાષ્ટ્રધ્વજનો બીલ્લો ચીપકાડી રીબોકનો લોગો ઢાંકી દીધો હતો. જોર્ડનના પર્સનલ સ્પોન્સર તરીકે નાઇકી શૂ કંપની હતી. નાઇકી પ્રત્યે વફાદારી દાખવવા જોર્ડને આમ કર્યું હતું. આજકાલ સોશિયલ મીડિયા સર્વત્ર ફેલાઈ ગયું છે તેથી ખેલાડીઓને પોતે જે બ્રેન્ડને એન્ડોર્સ કરતા હોય તેનો પ્રચાર કરવાનો ખૂબ મોકો મળી રહે છે. તે બ્રેન્ડના સંદર્ભમાં પોતાની સાચી ખોટી એક્ટિવિટીઓ તસવીરો અને વીડિયોના રૂપમાં તેઓ અપલોડ કરતા રહે છે.

ખેલાડીઓ પણ માનવીઓ છે. તેઓના પોતાના વિચારો, ડર, શરમ, અસલામતીઓ હોય છે. ઇંગ્લેન્ડનો એક નામી ફૂટબોલ ખેલાડી મેદાનમાં રમવાના ડરથી એટલો પીડાતો હતો કે મહત્ત્વની મેચના દિવસે એ છેલ્લી ઘડીએ ગેરહાજર રહેતો હતો. આખરે હોનહાર ખેલાડી ડિપ્રેશનમાં સરી પડ્યો. હજારોની મેદની સામે પરફોર્મ કરવાનું ખૂબ મુશ્કેલ હોય છે. ઘણા માટે તે સહજ હોય છે.

હજી એ વાતને મહિનો નથી થયો જ્યારે જાપાનની હોનહાર ટેનિસ ખેલાડી નાઓમી ઓસાકાએ ફ્રેન્ચ ઓપન ટૂર્નામેન્ટમાં રમવાનું છેલ્લી ઘડીએ ટાળ્યું. ૨૩ વરસની આ ખેલાડી દુનિયાની સૌથી વધુ કમાણી કરતી મહિલા ખેલાડી છે. તમામ રમતોનો આ યાદીમાં સમાવેશ થાય છે. તે ટેનિસની ચાર ચાર ઓપન ગ્રેન્ડ સ્લેમ જીતી છે. ફ્રેન્ચ ઓપનમાંથી વીથડ્રો કરવાની જાહેરાત નાઓમીએ ઇન્સ્ટાગ્રામ પર કરી તેમાં જણાવ્યું કે, 'હું ડિપ્રેશન અને ચિંતા, વ્યગ્રતાનો સામનો કરી રહી છું.' જોકે અગાઉ નાઓમીએ પોતાના ડિપ્રેશનનો જાહેરમાં ક્યારેય ઉલ્લેખ કર્યો ન હતો. એણે

આજકાલ સોશિયલ મીડિયા સર્વત્ર ફેલાઈ ગયું છે તેથી ખેલાડીઓને પોતે જે બ્રેન્ડને એન્ડોર્સ કરતા હોય તેનો પ્રચાર કરવાનો ખૂબ મોકો મળી રહે છે

સોફ્ટ ડ્રિન્ક્સ શા કારણોથી હાર્ડ પડે છે?

અમેરિકનો પાણીની જગ્યાએ કોક અને પેપ્સી પીવા માંડ્યા તેથી તે તબિયત માટે હાનિકારક બનવા માંડ્યા. ડાયેટ કોક, ડાયેટ પેપ્સી આવ્યા. હવે તો આ બંને કંપનીઓ પાણીની બોટલો અને સ્પ્રાઇટ, સેવન-અપ, થમ્સ અપ વગેરે વેચે છે, પરંતુ આ બધા એરેટેડ ડ્રિન્ક્સ તબિયતને અનેક પ્રકારે નુકસાન પહોંચાડે છે. પેપ્સીકોના પૂર્વ ચેરમેને ઇન્દિરા નૂયીને એક વખત મુલાકાતમાં અમેરિકન ન્યૂઝ ચેનલે પૂછ્યું હતું કે, એરેટેડ સોડા ડ્રિન્ક્સ આરોગ્યને હાનિ પહોંચાડે છે તે વાત ખરી છે? જવાબમાં નૂયીએ કહ્યું કે, તમે એક હદથી વધારે પીઓ તો નુકસાન પહોંચી શકે. એમણે કહ્યું કે, કોઈ પણ ચીજનું હદથી વધારે સેવન કરો તો નુકસાનકારક થઈ શકે છે. અમેરિકનોને પિત્ઝા, બર્ગર અને લંચ કે ડિનર સાથે સોફ્ટ ડ્રિન્ક્સ જોઈએ. એક અભ્યાસ પ્રમાણે સરેરાશ અમેરિકન વરસના ૫૬ ગેલન સોડા ડ્રિન્ક્સ પીએ છે. ભારતના લોકોની માફક ક્યારેક સોડા ડ્રિન્ક્સ પીએ તો આરોગ્યને કોઈ નુકસાન થતું નથી. રોજ એક કે બે બોટલ પીવાથી નુકસાન શરૂ થાય છે. સોડા ડ્રિન્ક્સની મુખ્ય વિપરીત અસરોમાં એક છે, મેદસ્વિતા અથવા સ્થૂળતામાં વૃદ્ધિ. જેટલાં વરસોથી સોડાનું સેવન વધ્યું છે તે પ્રમાણે સ્થૂળતામાં પણ વધારો થયેલો જોવા મળે છે. અભ્યાસ પ્રમાણે પ્રત્યેક ચારમાંથી એક અમેરિકન રોજની ૨૦૦ કેલરી તો માત્ર સોડા ડ્રિન્ક્સમાંથી મેળવે છે. આશ્ચર્યની વાત એ છે કે બેથી અગિયાર વરસનાં ૪૧ ટકા બાળકો રોજનું કમ સે કમ એક સાકરવાળું ડ્રિન્ક પીએ છે. બારથી સત્તર વરસનાં વયજૂથમાં આ પ્રમાણ વધીને ૬૨ ટકા બાળકોનું થાય છે. આ ડ્રિન્ક્સમાં હોય તે સાકરને છોડીને પ્રત્યેક અમેરિકન વધારાની બાવીસ ચમચીઓ (ટીસ્પૂન) સાકરનું સેવન કરે છે. શરીરની જરૂરિયાત કરતાં આ પ્રમાણ ચારસો ટકા વધારે છે. મહત્ત્વની ગંભીર બાબત એ છે કે ૬૦૦ મિલીની એક સોડા બોટલમાં ૧૭ ટીસ્પૂન જેટલી સાકર હોય છે.

વજન ન વધે તે માટે સાકરવાળા સોડા ડ્રિન્ક્સના વિકલ્પમાં ડાયેટ પીણા બજારમાં ઉતારવામાં આવ્યાં તે પણ એક મોટો ભ્રમ છે. એ પીણાઓમાં સાકર (ખાંડ)ના વિકલ્પમાં એવા સ્વીટનર પદાર્થો વાપરવામાં આવે છે જે સાકર કરતાં ૨૦૦થી ૬૦૦ ગણા મીઠા અથવા ગળ્યા હોય છે. પરિણામ એ આવ્યું કે જેઓ ડાયેટ સોડા પીતા થયા તેઓની પેટની આસપાસની ચરબીમાં ત્રણ ગણો વધારો થયો. લેવાના દેવા થઈ પડ્યા. ખાસ કરીને મોટી ઉંમરના લોકોમાં ચરબીનું પ્રમાણ વધ્યું.

કાર્બોનેટેડ ડ્રિન્ક્સમાં ફોસ્ફોરિક એસિડ હોય છે. તેના કારણે શરીરમાં કેલ્શિયમનો ઘટાડો થાય છે. સોડાને કારણે શરીર વિટામિન ડીનું શોષણ બરાબર કરી શકતું નથી. વિટામિન ડીની ઘટ પડે છે. આ સ્થિતિમાં અનુસંધાને નવી વિપરીત સ્થિતિઓ પેદા થાય છે. જેમ કે હાડકાં નબળાં પડે છે. ઓસ્ટીઓપોરોસિસ નામની

કબૂલ કર્યું કે, 'વરસ ૨૦૧૮માં યુએસ ઓપન રમી ત્યારથી ડિપ્રેશનના લાંબા તબક્કાઓ મને પજવી રહ્યા છે. તેનો સામનો કરવાનું મારા માટે ખૂબ મુશ્કેલ બની ગયું હતું.' એણે જાહેર કર્યું નથી કે હવે એ રમતગમતમાં પાછી ક્યારે ફરશે, પણ નિષ્ણાતોની સારવાર બાદ તે જરૂર સાજી થઈ જશે એટલી આશા રાખી શકાય.

નાઓમી ઓસાકા હૈતીના પિતા અને જાપાની માતાનું સંતાન છે. બાળપણથી એ અમેરિકામાં ટેનિસની તાલીમ લઈ રહી હતી અને પુખ્ત થયા બાદ જાપાનનું નાગરિકત્વ સ્વીકાર્યું છે. એ બેવડી નાગરિકતા ધરાવે છે, તેથી અમેરિકામાં રહી શકે છે. અવાર નવાર પ્રેસ કોન્ફરન્સ યોજવી પડે છે. નાઓમીને આ કોન્ફરન્સોમાં પત્રકારોના સવાલોના જવાબો આપવામાં ખૂબ ટેન્શન આવતું હતું. એ કહે છે કે, એ સ્થિતિને કલ્પના કરીને એ બીમાર પડી જતી હતી. એનું માનસિક આરોગ્ય ઘણુ કથળી ગયું છે. પોતે પ્રેસ સાથે વાત નહીં કરે એ આગ્રહ લઈને બેઠી હતી. ટેનિસના ટોચના અધિકારીઓ માને છે કે તમે જે રમત રમતા હો તેના વિકાસ માટે મીડિયા સાથે વાત કરવી જરૂરી છે. નાઓમી કબૂલ ન થઈ તો દુનિયાના ત્રણ ટેનિસ એસોસિયેશને મળીને એને પંદર હજાર ડૉલરનો દંડ ફટકાર્યો અને જો નાઓમી શરત પ્રમાણે વર્તન નહીં કરે તો ટેનિસની રમતમાંથી હાંકી કાઢવાની નોટિસ અપાઈ. ફ્રેન્ચ ઓપનના ટાંકણે જ સ્થિતિ આ રીતે વણસી તો નાઓમીએ પોતે જ ચેમ્પિયનશિપમાંથી અધવચ્ચે જ વીથડ્રો કરી લીધું. એ કહે છે, હાલમાં મારે મારા માનસિક આરોગ્ય પર ધ્યાન આપવાની ખાસ જરૂર છે. નાઓમી પર પ્રેસ સાથે વાત કરવાનું દબાણ લાવવા પર ટેનિસ એસોસિયેશનોની ટીકા થઈ. જવાબમાં એસોસિયેશનોએ કહ્યું કે, અમે નાઓમી સાથે એના માનસિક આરોગ્ય સંબંધમાં વાત કરવાની ઘણી કોશિશો કરી જોઈ, પરંતુ નાઓમીએ જ સંપર્ક કાપી નાખ્યો હતો.

હાડકાં બટકણા થવાની બીમારી વળગે છે. આ ઉપરાંત હાઈપરટેન્શન લાગુ પડે છે. લોહીનું દબાણ અનિયમિત બને છે. સાકરવાળા પીણા ડાયાબિટીસને પણ વેગ આપે છે. આ સ્થિતિઓ હૃદય માટે જોખમી નીવડી શકે છે. સ્થૂળતા વધવાથી પણ ડાયાબિટીસ વધે છે.

ભારતમાં યુરોપ - અમેરિકા જેવી સ્થિતિ નથી. ત્યાં એવું થયું છે કે મધુર પીણાઓને કારણે બાળકો યુવાનોમાં દૂધ આરોગવાનું પ્રમાણ ખૂબ ઘટી ગયું. તેથી પણ શરીર પર નકારાત્મક અસરો જણાઈ. આપણે ત્યાં ઘરનાં ગાય-ભેંસ ન હોય તો એવું દૂધ પીવા મળે છે કે તે પીઈને આબાલવૃદ્ધ સૌ બીમાર પડી જાય છે. સોફ્ટ ડ્રિન્ક્સ પીવાથી નીપજતી બીમારીઓ શ્રીમંતાઈની બીમારીઓ છે. ભારતમાં ડ્રિન્ક્સ પીવા જેટલી શ્રીમંતાઈ નથી તો દૂધની વાત ક્યાં કરવી? વળી આજે જગતમાં દૂધનો સાચો અને શુદ્ધ સ્વાદ મેળવવો હોય તો યુરોપમાં જવું પડે. અમેરિકામાં પણ નહીં. ત્યાં પણ પ્રોસેસ્ડ દૂધ જ વધુ મળે છે.

ઠંડા સોફ્ટ ડ્રિન્ક્સ પીવાથી દાંતમાં સડો થાય છે. તેમાં રહેલી સાકર અને ફ્રુકટોઝ સિરપને કારણે કેવિટી પડવાનું શરૂ થાય છે. તેજાબી તત્ત્વોને કારણે દાંતના ઇનેમલ (ઉપરના સફેદ કવચ)ને નુકસાન પહોંચે છે. સોડાનાં મીઠા પીણા પીવાથી તેમાંથી સાકર અને મોંમાં રહેલા બેક્ટેરિયા એક નવી પ્રક્રિયા શરૂ કરે છે જેને કારણે એસિડ પેદા થાય છે. આ એસિડ દાંતની મજબૂતાઈને ક્ષીણ કરે છે. રેગ્યુલર કે સ્યુગર-ફ્રી બંને સોડાને કારણે આ અસર થાય છે.

સોડા ડ્રિન્ક્સથી કમર, પેટનો ઘેરાવો વધે, કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધે, લોહીનું દબાણ વધે, ડાયાબિટીસ વધે. આ કંઈ ઓછું નુકસાન છે? અભ્યાસ દર્શાવે છે કે જે સ્ત્રી દિવસના એક કે બે સોફ્ટ ડ્રિન્ક્સ પીએ તેને ટાઇપ ટુ ડાયાબિટીસ લાગુ પડવાનું જોખમ વધે છે. સોફ્ટ ડ્રિન્ક્સમાં કાફેન હોય છે તેનું વ્યસન લાગી શકે છે. ડ્રિન્ક્સના એક કેનમાં ચાલીસથી પચાસ મિલીગ્રામ કાફેન હોય છે. લોકોને તે પીવાથી સારું લાગે, તાજગી વરતાય તે માટે મોટા ભાગના લોકો કોલા ડ્રિન્ક્સ પીતાં હોય છે, પરંતુ તેની નકારાત્મક અસરો ઘણી છે. કિડનીમાં સ્ટોન થાય છે. બાળકોની ઊંઘમાં વારંવાર ખલેલ પડે છે. તેઓ વ્યગ્ર બને છે. પથારીમાં પેશાબ કરે. જ્યારે આ રીતે કાફેનનું સંવન બંધ થાય ત્યારે તેના વિથડ્રોઅલ સિન્ડ્રોમ પણ ત્રાસદાયક હોય છે. માથાનો દુઃખાવો, અશક્તિ, થાક, બેચેની, તાજગીનો અભાવ અને ઉદાસીનતા જણાય.

બેન્ઝીન નામક કેન્સર પેદા કરનારું તત્ત્વ સોફ્ટ ડ્રિન્ક્સમાં પણ હોય છે અને આપણે જે પાણી પીઈએ છીએ તેમાં પણ હોય છે, પરંતુ ડ્રિન્કમાંના અન્ય ઘટકોને કારણે બેન્ઝીનનું ગઠન થવાની શક્યતા પાણી કરતાં ડ્રિન્ક્સમાં વધુ રહે છે.

જગતની ટૉપ રેન્કની ટેનિસ ખેલાડી આ રીતે અચાનક વર્તન કરે તેથી એની સ્પોન્સર કંપનીને નુકસાન તો જવાનું જ, પરંતુ માનસિક આરોગ્યની વાત છે તેથી નાઓમી પર કોઈ કાનૂની વળતરનો દાવો મંડાય એવી શક્યતા નહીંવત છે. જે વાત ખાસ વ્યક્ત કરવામાં આવતી નથી તે એ છે કે, નાઓમીના પિતા હૈતી (જે જૂના વેસ્ટ ઇન્ડીઝનો એક ભાગ છે)ના અશ્વેત હતા અને હમણા અમેરિકામાં અશ્વેતો વિરુદ્ધ જે વાતાવરણ રચાયું છે તેના કારણે નાઓમી ખૂબ ડિસ્ટર્ડ (વ્યથિત) રહે છે. જોકે બિનધાસ્ત અશ્વેત ટેનિસ પ્લેયર બહેનો વિનસ અને સેરેના વિલિયમ્સે નાઓમીને સધિયારો આપ્યો છે.

જાહેરખબરોની બાબતમાં હવે લોકો ખૂબ સંવેદનશીલ બની ગયા છે. પ્રેસ મિટિંગમાં ટેબલ પર કૉકની બોટલ હોય તે પેપ્સીની કે પાણીની શું ફરક પડે છે? કોઈ પરાણે આવીને પીવડાવી જતું નથી. છતાં રાજકીય અને સામાજિક નિવેદનો કરવા માટે આજે એડવર્ટાઈઝમેન્ટ અને બ્રેન્ડ એમ્બેસેડરોનો ઉપયોગ થાય છે. દિલ્હીના એક મોટા બિલ્ડરે મકાનોનું બાંધકામ પૂરું ન કર્યું તો લોકોએ એ કંપનીના બ્રેન્ડ એમ્બેસેડર એમ.એસ. ધોની પાસે જવાબો માગ્યા. ધોનીએ લોકોનું ઉપરાણું લેવું પડ્યું, કારણ કે ધોની પરના વિશ્વાસને કારણે ફલેટ વેચાયા હતા. આજ કાલ તારાંકિત લોકો કોઈ કંપનીના બ્રેન્ડ એમ્બેસેડર બનતા પહેલાં પણ ઘણી બાબતો ચકાસી લે છે. અગાઉ આવું ન હતું. એક સમયે ક્રિકેટર કપિલ દેવે અમદાવાદના એક પોન્ઝી સ્કીમના સ્કેમેસ્ટરની સ્કીમનો પ્રચાર કર્યો હતો. બદલામાં કપિલને મર્સિડીઝ ગાડી મળી હતી. પેલા જણ સામે લોકોને છેતરવાનો કેસ થયો અને પોલીસ કપિલ દેવના ઘરે જઈને મર્સિડીઝ ગાડી ઉપાડી આવી હતી. આવા સ્કેમેસ્ટરોને સાથ આપવો તે પણ ગુનો બને છે. કપિલે વિચાર્યું હશે કે વર મરો, કન્યા મરો, પણ કપિલનું તરભાણું ભરો. એ વખતે ચાલી ગયું. આજે ખૂબ ચોક્સાઈ રાખવી પડે.

હમણાં તનિષ્ક જ્વેલરીની જાહેરખબરે હોબાળો મચાવ્યો અને ટાટા ગ્રૂપ સાથે સંકળાયેલી આ કંપનીએ જાહેરખબર તત્કાળ પાછી ખેંચી લેવી પડી, તે ઘટનાથી દરેક વાકીફ છે. સોશિયલ મીડિયાએ બ્રેન્ડ એમ્બેસેડરોને, સેલિબ્રિટીઓને ફોલોઅર્સના રૂપમાં તાકાત આપી છે તો ફોલોઅર્સ સંગઠિત થઈને એક અવાજ પેદા કરી શકે છે. તનિષ્કની જાહેરખબર સંદર્ભમાં લોકોને એ વાંધો હતો કે દર વખતે હિન્દુ કન્યાને મુસ્લિમ કુટુંબમાં પરણાવવામાં આવે છે, ક્યારેક મુસ્લિમ કન્યાને હિન્દુ કુટુંબમાં તો પરણાવો. આવું નથી થતું, કારણ કે મુસ્લિમોને તે પસંદ નથી.

પચ્ચીસેક વરસ અગાઉ મિલિન્દ સોમણ અને મધુ સપ્રેને સંપૂર્ણ નગ્ન સ્થિતિમાં આલિંગનની મુદ્રામાં દર્શાવતી એક ટફ બ્રેન્ડના જૂતા કંપનીની જાહેરખબરે મોટો વિવાદ જગાવ્યો હતો. એમાં નહીં બતાવાતાં અંગ એક અજગર વડે ઢાંકવામાં આવ્યાં હતાં. પ્રિન્ટ મીડિયા માટે તે બનાવાઈ હતી. કલાત્મકતા અને ફોટોગ્રાફીની કલાત્મકતામાં તે પ્રોડક્શન અવ્વલ ક્રમનું હતું, પણ એક દિશાએથી વિરોધ થતાં તે પાછી ખેંચી લેવાઈ. પોલીસે જાહેરાત સાથે સંકળાયેલા લોકો ઉપરાંત મિલિન્દ અને મધુ પર અશ્લીલતાનો પોલીસ કેસ માંડ્યો હતો. એ પછી તો મીડિયામાં અશ્લીલતા બાબતે કોઈ મર્યાદા રહી નથી. કદાચ આજે એ ઍડ પ્રદર્શિત થાય તો લોકો ખાસ વાંધો ન પણ લે. એ સમયે ટફ કંપનીએ ઘણો ખર્ચ કર્યો હશે. મિલિન્દ અને મધુ દેશના ટોચનાં મૉડેલ્સ હતાં. જોકે વિવાદમાં પણ નામ મળે છે. ટફ કંપનીનું નામ આ વિવાદથી પણ ગાજતું થયું હતું. જોકે જૂની

જાપાની ટેનિસ સ્ટાર નાઓમી ઓસાકા

કંપનીઓમાં અમુક અપવાદ બાદ કરતાં કોઈ બ્રેન્ડ કાયમી ઈમેજ ધરાવતી નથી. વસ્ત્રો અને ફેશન ઉદ્યોગમાં પડેલી 'યુનાઇટેડ કલર્સ ઓફ બેનેટોન' નામક કંપની ખૂબ વિવાદાસ્પદ અને અચંબામાં નાખી દે તેવી જાહેરખબરો પ્રસિદ્ધ કરીને પોતાના નામને ચલણમાં રાખતી હતી. જેમ કે બે અશ્વનો સમાગમ; વગેરે. આવી તસવીરો અકારણ હોય, પ્રોડક્ટ સાથે તેનો કોઈ સંદર્ભ ન હોય છતાં દર્શાવાય ત્યારે પ્રોડક્ટની ગુણવત્તાને બદલે માત્ર ધ્યાન ખેંચવાનો જ પ્રયત્ન હોય છે. ભારતની એક પ્રખ્યાત સિમેન્ટ કંપની પોતાની ઍડની શરૂઆતમાં સમુદ્રના પાણીમાં ડૂબકી મારીને બહાર આવતી અર્ધનગ્ન મહિલાને બતાવતી હતી અને પછી પોતાની સિમેન્ટ કંપનીનું નામ બતાવતી હતી. બંને વચ્ચે કોઈ સંબંધ નહીં, જે રીતે અગાઉ દેશી બીડીની જાહેરખબર સાથે સુંદર સ્ત્રીની તસવીર બતાવવામાં આવતી હતી.

વરસોથી કેન્ટ કંપનીની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે અભિનેત્રી અને નેત્રી હેમા માલિની છે. કેન્ટ કંપની વૉટર પ્યોરીફાયર અને બીજા ઘરવપરાશનાં ઉપકરણો બનાવે છે. કંપનીએ ગયા વરસે જ રોટલી વગેરે માટે લોટ બાંધવાનું મશીન બજારમાં મૂક્યું હતું. આ આટામેકર મશીનની જાહેરખબરમાં જનતાને સવાલ કરવામાં આવ્યો હતો કે, 'શું તમે તમારી કામવાળી કે રસોઇયણને એના હાથે લોટ બાંધવા આપો છો? શક્ય છે કે એના હાથ ચેપી રોગના જંતુથી ખરડાયેલા હોય. આરોગ્ય સાથે સમાધાન ન કરો અને કેન્ટ બ્રેડ અને આટામેકર ખરીદો.'

અહીં લોકોને ગુસ્સો એ આવ્યો કે શું કામવાળીઓના હાથ જ જંતુયુક્ત અને ગંદા હોઈ શકે? કોઈ પણ વ્યક્તિના હોઈ શકે. આ ઍડને ભેદભાવ કરનારી, તિરસ્કાર દર્શાવનારી ગણાવાઈ. કાઈના પણ હાથ ગંદા હોઈ શકે, તેમાં કામવાળીને વચ્ચે લાવવાની શી જરૂર હતી? કંપની કહી શકી હોત તો હાથે લોટ મસળો તો શક્ય છે કે હાથ જંતુયુક્ત હોઈ શકે. સ્વાભાવિક છે કે સ્ત્રી સંસ્થાઓ તેની સામે વાંધો લે. દરેકે લેવો જોઈએ અને લેવાયો. હેમા માલિનીએ ખુલાસો કરતું નિવેદન જાહેર કરવું પડ્યું. કંપનીના માલિકોએ કહ્યું કે આ ભૂલ અજાણતા થઈ છે અને ક્યારેય તેનું પુનરાવર્તન નહીં થાય. જે એજન્સીઓ આવી ઍડના નિર્માણ માટે લાખો અને કરોડો રૂપિયા વસૂલે છે તેનો માણસ આવો બિનજરૂરી છબરડો વાળે ત્યારે લેવાના દેવા થઈ પડે. પશ્ચિમના દેશોમાં આવી ભૂલ થઈ જાય તો કંપની પર મસમોટી રકમના દાવાઓ માંડી શકાય. ભારતમાં કામવાળી બહેનો પ્રત્યે સૂગ રાખવામાં આવે છે તેવું વારંવાર કહેવામાં આવે છે. કેન્ટની જાહેરખબરે તે વાતને સમર્થન આપી દીધું.

ડિજિટલ મીડિયા જાહેરખબર ઉદ્યોગ માટે ફાયદાકારક અને નુકસાનકારક બંને પુરવાર થઈ રહ્યું છે. જાહેરખબરોનો મારો વધી ગયો છે. જાહેરખબરો ન જોવી હોય તો અમુક અમુક પ્લેટફોર્મ પર અમુક અમુક રકમ ભરવી પડે છે. વિદેશોમાં લોકો જાહેરખબરોનો મારો રોકે તેવા પગલાં લઈ રહ્યાં છે. પોતાનાં સાધનો સાથે ખાસ ઍપ્લિકેશનો જોડી રહ્યા છે. ૨૬ ટકા અમેરિકનોએ આવા નિષેધનાં કદમો ઉઠાવ્યા છે. સરવે પ્રમાણે ૮૦ ટકા લોકો માને છે કે જાહેરખબરોનું પ્રમાણ

કોકા-કોલાને આ કડવો અનુભવ પ્રથમ વખત થયો નથી. ૧૯૮૫માં કંપનીએ નવી ફોર્મ્યુલા અને તેના આધારે 'ન્યૂ કોક' બહાર પાડી હતી. જે નિષ્ફળ ગઈ હતી



કાર્બોનેટેડ વૉટરના જનક પ્રિસ્ટલી

ખૂબ વધી ગયું છે. જ્યાં જરૂર ન હોય ત્યાં અને તેવા સમયે બતાવાય છે. ઍરટેલની સર્વિસમાં ફોન જોડો ત્યારે હજુ પણ કોરોના વિષેની લાંબી લચક માથાકૂટ ચાલે છે. ઘણાને ઇમરજન્સીમાં વાત કરવી હોય ત્યાં આ ઍડ વચ્ચે બાધારૂપ બને છે. તે ખૂબ પ્રસારિત થઈ છતાં કોરોના રોકી શકાયો નથી તે પુરવાર થયું હોવા છતાં ઍરટેલ વિઘ્નસંતોષીની ભૂમિકા ભજવતી હોય તેમ લાગે. દિલ્હીની હાઈકોર્ટે તો આ લમણાઝીંકને દૂર કરવાનો હુકમ આપ્યો છે છતાં શા માટે ચાલુ રખાઈ છે? કંપનીએ સ્પષ્ટતા કરવી જોઈએ. આ અને આવી અનેક જાહેરખબરો પ્રજા માટે માથાનો દુખાવો બની શકે. કોવિડ કોઈ બ્રેન્ડ નથી, પણ જો કોઈ બ્રેન્ડ દ્વારા આ રીતે જાહેરખબરો માથે મરાય તો કંપનીની ઈમેજ સુધરવાને બદલે જરૂર બગડે. સ્ટેટિસ્ટાના જણાવ્યા પ્રમાણે ૨૦૧૭માં અમેરિકામાં થયેલા એક સરવેમાં ૩૩ ટકા અમેરિકનો જાહેરખબરો ન દર્શાવાય તે શરતે વધારે રકમ ચૂકવવા તૈયાર થયા હતા.

કોકા-કોલાને આ કડવો અનુભવ પ્રથમ વખત થયો નથી. ૧૯૮૫માં કંપનીએ નવી ફોર્મ્યુલા અને તેના આધારે 'ન્યૂ કોક' બહાર પાડી હતી. તે અગાઉ જાહેરખબરોનો મારો ચાલ્યો. તેમાં જણાવાયું કે એક સ્વતંત્ર સંસ્થા દ્વારા સરવે હાથ ધરાયો તે મુજબ સમગ્ર અમેરિકામાં વધુ લોકોએ પેપ્સીના સ્વાદ કરતાં ન્યૂ કોકનો સ્વાદ પસંદ કર્યો હતો, પરંતુ હકીકતમાં થયું જુદું. ન્યૂ કોક બજારમાં આવી અને લોકોને પસંદ ન પડી. કંપનીને નવાઈ

એ લાગી કે લોકો પેપ્સી તરફ વળવાને બદલે જૂના ક્લાસિક સ્વાદની કોકા-કોલા ફરીથી બજારમાં મૂકવાની માગણી કરવા માંડ્યા. ઘણી વખત કંપનીનો મસમોટો પગાર લેતા ટેસ્ટરો અને ટેસ્ટ ડિઝાઈનરો ખાસ કામના હોતા નથી. લોકો પર ચીજનો પ્રયોગ થાય ત્યારે ખરી વસ્તુસ્થિતિ જણાઈ આવે.

ત્યાર બાદ જે થયું તે વળી વધુ રહસ્યમય હતું. એવી વાત વહેતી મૂકાઈ કે હજારો લોકોએ પત્રો લખીને, ફોન કરીને કોકા-કોલા કંપનીને જૂના સ્વાદની કોક ફરીથી લાવવા આગ્રહ રાખ્યો હતો. થોડા મહિનાઓ બાદ ન્યૂ કોકને બજારમાંથી ઉઠાવી લેવામાં આવી. એવી વાત પણ વહેતી મૂકાઈ કે ઓલ્ડ ક્લાસિક કોકને ફરીથી પ્રસિદ્ધ અને પ્રચલિત બનાવવા માટે કોકા-કોલા દ્વારા આ ગતકડું અજમાવવામાં આવ્યું હતું. કંપની તરફથી નવા કેમ્પેન બાદ પેપ્સીને બદલે ક્લાસિક કોકનું વેચાણ વધ્યું હતું. ન્યૂ કોક એક સ્ટ્રેટેજી તરીકે બજારમાં મૂકાઈ અને પાછી ખેંચી લેવાઈ હતી. કોકા-કોલાનું ફોર્મ્યુલા ગુપ્ત છે તેમ આ રહસ્ય પણ ગુપ્ત છે. શક્ય છે કે પડ્યા તોય એક ટાંગ ઊંચી રાખવાનો પ્રયત્ન થયો હોય.

પેપ્સિકો પણ આવા વિવાદથી અછૂત રહી નથી. ૨૦૧૭માં પેપ્સીએ યુ-ટ્યૂબ માટે એક કોમર્શિયલ રિલીઝ કરી હતી, જ્યારે અમેરિકામાં ગોરા-કાળાઓ વચ્ચેના ઝઘડા ખૂબ ચાલી રહ્યા હતા. એ ઍડમાં અમેરિકાની સુપર મૉડેલ કેન્ડલ જેનરને રોકવામાં આવી હતી. અમેરિકન પોલીસ સામે વિરોધ નોંધાવી રહેલા અશ્વેત તરફી જૂથની જાહેરખબરમાં અમુક યુવાનો અને હિજાબધારી મુસ્લિમ મહિલાની વચ્ચે થઈને કેન્ડલ જેનર હાથમાં પેપ્સીના કપ સાથે પોલીસમેન સુધી જાય છે અને એ પોલીસ અધિકારીના હાથમાં પેપ્સીનો કપ આપે છે. આ ઍડમાં આમ તો કોઈ જ વાંધો નથી, પરંતુ એક લોબીએ સોશિયલ મીડિયામાં ચણભણ શરૂ કરી કે 'બ્લેક લાઇવ્સ મેટર' મૂવમેન્ટનો ઉપયોગ કંપનીએ પોતાની પ્રોડક્ટ વેચવા કર્યો. આપણે ત્યાં બે ઝઘડતા પક્ષોને ચા પીવડાવીને સમાધાન કરાવવાની

રોનાલ્ડોની જેમ ખેલાડી પોગ્બાએ બીઅરની બોટલો ઊંચકીને બાજુ પર મૂકી દીધી હતી

વાત સહજ અને ઇચ્છનીય ગણાય છે, પણ જેઓને વાંક ગુના બતાવવા હોય તેમને કારણો મળી જ રહે છે. અહીં વાતનું વતેસર ત્યારે થયું જ્યારે પેપ્સિકોએ પોતાની ઍડ કેમ્પેનનો બચાવ કર્યો. આખરે કંપનીએ માફી માગી લઈને વિવાદનો અંત આણ્યો.

ડવ કંપનીના સાબુ, લોશન વગેરે જાણીતા છે. તેની એક ઍડમાં એક સ્ત્રી એક પછી એક ટીશર્ટ બદલે છે. એક કાઢે ત્યારે તેની નીચેથી જુદા રંગનું ટીશર્ટ પહેરેલું હોય. એક કૉફી કલરનું ટીશર્ટ કાઢ્યું તેની નીચેથી ક્રીમ કલરનું શર્ટ નીકળ્યું. આ ઉપમા અલંકાર દ્વારા કંપની એ સંદેશ આપવા માગતી હતી કે ડવના પ્રસાધનો વાપરવાથી ડાર્ક ત્વચા ગોરી બને છે. આજથી ૧૪૦ વરસ અગાઉ કંપનીઓ અમેરિકામાં આવી જાહેરખબરો આપતી હતી. તે જૂના પોસ્ટરો ફરીથી વહેતા થયા અને કંપની કાળા-ગોરાનો ભેદ પાડી રહી છે તે રજૂઆત સાથે ડવનો બહિષ્કાર કરવાનું અભિયાન સોશિયલ મીડિયામાં શરૂ થયું. ડવ કંપનીએ નિવેદન બહાર પાડી ભૂલ કબૂલી અને ઍડ પાછી ખેંચી લીધી. ભારતમાં શાહરુખ ખાને વરસો સુધી ગોરા બનવા માટે ફેર એન્ડ લવલી અને બાદમાં ફેર એન્ડ હેન્ડસમ ક્રીમની જાહેરાતો કરી.

શું કરોડો રૂપિયા ફી તરીકે વસૂલતા કેમ્પેન ડિઝાઇનરો મૂર્ખ હશે? ના. બિલકુલ નહીં. તેઓ ઇચ્છતા હોય છે કે વિવાદ થાય. વિવાદથી જે પબ્લિસિટી મળે છે તે અમસ્તા નથી મળતી

નાના નાના વિવાદો થયા, પરંતુ કંપની કે શાહરુખને કોઈ મોટી આંચ ન આવી. અગાઉ અશ્લીલતા, જાતિવાદ, ભેદભાવ, રંગભેદ વગેરેને પ્રોત્સાહનો આપવા બદલ ઘણા ઍડ કેમ્પેનો માફી સાથે કંપનીઓએ રદ કરવા પડ્યા છે. ઉદાહરણોની એક લાંબી વણજાર છે. શું કરોડો રૂપિયા ફી તરીકે વસૂલતા કેમ્પેન ડિઝાઈનરો એટલી હદે મૂર્ખ હશે? ના. બિલકુલ નહીં. તેઓ ઇચ્છતા હોય છે કે વિવાદ થાય. વિવાદથી જે પબ્લિસિટી મળે છે તે અમસ્તા નથી મળતી. રાખી સાવંતને આજે આખો દેશ ઓળખે છે. શા માટે? પબ્લિસિટી જગતમાં એવું મનાય છે કે પોતાની શ્રદ્ધાંજલિ સિવાયની તમામ પબ્લિસિટી ભલું જ કરે છે.

રોનાલ્ડો કોકા-કોલાના વિવાદની માર્કેટ પર જે અસર થઈ તેવી જ અસર ૨૦૧૮માં સ્નેપચેટની માલિક કંપની પર થઈ હતી. સ્નેપચેટ એક મેસેજિંગ સર્વિસ છે અને રિઅલિટી સ્ટાર કાયલી જેનરે એક ટ્વિટ કર્યું હતું કે, પોતે સ્નેપચેટનો ઉપયોગ કરતી નથી. બસ, આ એક ટ્વિટને કારણે સ્નેપચેટની પેરેન્ટ કંપનીના વેલ્યુએશનમાં એક અબજ ત્રીસ કરોડ ડૉલરનો ઘટાડો નોંધાયો હતો. હમણાના રોનાલ્ડો અને કોકા-કોલાના વિવાદમાં ફેવિકોલને મજા પડી ગઈ. ફેવિકોલ સાંપ્રત ઘટનાઓ માટે ફની ઍડ બનાવવા માટે વરસોથી જાણીતી છે. કંપનીએ એક ઍડ તુરત જ રિલીઝ કરી દીધી. જેમાં બોટલના તળિયે ફેવિકોલ લગાડીને મૂકવામાં આવે તો? કંપની ઍડમાં કહે છે; 'ના બોટલ હટેગી, ના વેલ્યુએશન ઘટેગી.' ■

કચ્છમાં કોરોનાના કારણે સ્કૂલો બંધ થવાની સંખ્યા વધશે

કોરોના કાળમાં વાલીઓને ખાનગી સ્કૂલોની ફી પરવડતી ન હોવાથી સરકારી શાળામાં પ્રવેશ મેળવનારા વધશે અને તેના પગલે નાની અને આર્થિક ભારણ ખમી ન શકનારી સ્કૂલો બંધ થવાની શક્યતા વધશે. કચ્છમાં આ વર્ષે ત્રણ ગણી વધુ શાળાઓ બંધ થવાની શક્યતા સેવાઈ રહી છે.

suchita@sambhaav.com

કચ્છમાં ભૂકંપ પછી આવેલા બદલાવમાંથી શિક્ષણ પણ બાકાત રહ્યું નથી. અહીં પ્રાથમિક, માધ્યમિક શાળાઓની સંખ્યા વધી છે, વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષકોની સંખ્યા પણ વધી છે. ગુજરાતી જેટલું જ મહત્ત્વ અંગ્રેજી માધ્યમની શાળાઓને પણ મળી રહ્યું છે. જોકે છેલ્લાં પાંચ- સાત વર્ષ દરમિયાન અંગ્રેજીનું મહત્ત્વ ગુજરાતી શાળા કરતાં પણ વધુ ગણાવા લાગ્યું છે. તેના પરિણામે ગુજરાતી શાળાઓ બંધ થઈ રહી છે અથવા સરકારી શાળાના અમુક વર્ગો અન્ય શાળાઓ સાથે મર્જ થઈ રહ્યા છે. જ્યારે સામી બાજુએ અંગ્રેજી શાળાઓ ગામડાંમાં પણ ખૂલી રહી છે. અત્યાર સુધી વિદ્યાર્થીઓ અને વાલીઓ સરકારી કરતાં ખાનગી શાળાઓ વધુ પસંદ કરતા હતા, પરંતુ કોવિડ- ૧૯ના કેરે પરિસ્થિતિમાં જબરો મોટો બદલાવ આણ્યો છે. આર્થિક કટોકટી ભોગવતા વાલીઓ માટે બાળકોની શાળાની ફી ભરવું મુશ્કેલ બન્યું છે. આથી અનેક વાલીઓએ પોતાનાં બાળકોને સરકારી શાળામાં પ્રવેશ અપાવવાનું યોગ્ય માન્યું છે. નાની અને સધ્ધર ન હોય તેવી ખાનગી શાળાઓ બંધ થવા લાગી છે. આમ તો ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ થવાનો ટ્રેન્ડ તો છેલ્લાં થોડાં વર્ષોથી ચાલુ થયો જ હતો, પરંતુ કોરોના કાળમાં તેને વેગ મળવાની આશંકા છે. અત્યારે સરકારી શાળાઓના અમુક વર્ગો ઓછા વિદ્યાર્થીઓના કારણે અન્ય શાળામાં સમાવિષ્ટ કરાઈ રહ્યા છે, શહેરો અને ગામડાંમાં અંગ્રેજી માધ્યમની શાળાઓ વધી રહી છે.

અત્યારે કચ્છમાં ૧૬૯૭ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે. જે પૈકીની ૨ અંગ્રેજી માધ્યમની અને ૭ હિન્દી માધ્યમની છે. બાકીની ૧૬૯૦ ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓ છે. જ્યારે નોન ગ્રાન્ટેડ કે ખાનગી પ્રાથમિક શાળાઓ અંદાજે ૩૭૦થી વધુ છે. જિલ્લાની બધી જ પ્રાથમિક શાળાઓમાં મળીને લગભગ સવા બે લાખ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. જે પૈકી ૧.૮૦ લાખ જેટલાં બાળકો સરકારીમાં, ૧૦થી ૧૨ હજાર વિદ્યાર્થીઓ ખાનગીમાં અને અંદાજે ૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગ્રાન્ટેડ શાળાઓમાં છે.

જિલ્લામાં ૩૭૧ જેટલી ખાનગી શાળાઓ પૈકી ૧૯૧ જેટલી અંગ્રેજી માધ્યમની, ૧૬૯ ગુજરાતી માધ્યમની અને ૧૧ હિન્દી માધ્યમની શાળાઓ છે. અબડાસા જેવા સરહદી વિસ્તારનાં ગામડાંમાં પણ ૭ અને લખપત તાલુકામાં ૩ અંગ્રેજી માધ્યમની શાળાઓ છે. જેની સામે ગુજરાતી માધ્યમની અબડાસામાં ૩ અને લખપતમાં ૪ શાળાઓ છે. સૌથી વધુ અંગ્રેજી શાળા ગાંધીધામ તાલુકામાં ૬૨ અને ભુજમાં ૪૨ છે. જ્યારે સૌથી વધુ ગુજરાતી શાળાઓ ભુજ તાલુકામાં ૪૫ અને ગાંધીધામમાં ૩૬ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્રમાંથી જાણવા મળ્યા મુજબ, 'છેલ્લાં થોડાં વર્ષોમાં સરકારી અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં વધારો થાય છે, પરંતુ ગુજરાતી શાળાઓ બંધ થઈ રહી છે. તેમાં પણ નાની અને આર્થિક રીતે સધ્ધર ન હોય તેવી ખાનગી શાળાઓ વધુ બંધ થાય છે. એક અંદાજ મુજબ દર વર્ષે પાંચેક જેટલી શાળાઓ બંધ થાય છે. જેમાંની મોટા ભાગની ગુજરાતી હોય છે. જોકે જે અંગ્રેજી શાળાઓ ગામડાંમાં ચાલુ છે તેની સ્થિતિ પણ બહુ સારી નથી. અનેક શાળાઓ બંધ થવાના વાંકે ચાલી રહી છે. તેમાં પણ કોરોના કાળમાં ખાનગી શાળાઓની સ્થિતિ વધુ કપરી બની ગઈ છે. અનેક વાલીઓ ખાનગી શાળાની ફી ભરી શકે તેવી સ્થિતિમાં નથી. તેથી તેઓ સરકારી

શાળામાં બાળકોને મૂકવાનું વિચારી રહ્યા છે. તેના પરિણામે નાની અને ઓછી આર્થિક સધ્ધરતાવાળી શાળાઓની મુશ્કેલી વધી શકે છે. કોરોનાના કારણે શાળા બંધ થવાનું પ્રમાણ ત્રણ ગણુ વધવાની શક્યતા છે. બંધ થનારી મોટા ભાગની શાળાઓ ગામડાંની છે.'

આ જ સૂત્રો વધુમાં જણાવે છે કે, 'સરકારી નીતિના કારણે ગામડાંની અમુક સરકારી શાળાઓના વર્ગો ઘટી ગયા છે. ખાસ કરીને ધો. ૬ અને ૭ના વર્ગોની સંખ્યા ઘટી છે. પહેલા પાંચ પ્રકારની ખાનગી શાળાઓ હતી. ધો. ૧થી ૫, ધો. ૧થી ૬, ધો. ૧થી ૭, ધો. ૧થી ૮ અને ધો. ૬થી ૭ની શાળાઓ હતી, પરંતુ ત્યાર પછી ઘડાયેલી સરકારી નીતિમાં બે પ્રકારની જ પ્રાથમિક શાળાઓ હોવાથી ધો. ૧થી ૫ અને ધો. ૧થી ૮ની શાળાઓ ચાલુ રાખવાની હતી. જે મુજબ જે શાળાના ધો. ૬, ૭ અને ૮ના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તે વર્ગોને નજીકની શાળાના વર્ગોમાં મર્જ કરવામાં આવ્યા છે. ગયા વર્ષે જ ધો. ૬ અને ૭ના લગભગ ૧૭૯ જેટલા વર્ગો બંધ થયા છે. આ વર્ગોના વિદ્યાર્થીઓને નજીકની શાળામાં સમાવી લેવાયા છે.'

ગામડાંમાં ખાનગી અંગ્રેજી શાળાઓ વધુ ખૂલી રહી છે, તેનું કારણ જણાવતા આ સૂત્રો કહે છે, 'આજે નલિયા જેવા નાના સેન્ટરમાં સરકારી કર્મચારી, એરફોર્સમાં કામ કરનારા અને આસપાસની કંપનીઓ કામ કરનારા જિલ્લા બહારના લોકોની વસતી વધી છે. આવા લોકો પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવા ઇચ્છતા હોવાથી નાનકડાં નલિયા અને તેની બાજુના કોઠારામાં મળીને ૩ અંગ્રેજી માધ્યમની શાળા છે. આ ઉપરાંત કેન્દ્રીય વિદ્યાલય તો અલગ જ. જોકે ભુજ તાલુકાના ખાવડા પંથકમાં, ભચાઉ તાલુકાના ખડીર વિસ્તારમાં, લખપત અને અબડાસા તાલુકામાં સ્થાનિક પ્રજા ગુજરાતી પણ મહામુશ્કેલીથી સમજી શકે છે. અહીં મોટા ભાગના લોકોની મુખ્ય ભાષા કચ્છી જ હોવાથી અહીંનાં બાળકોને અંગ્રેજી તો દૂર ગુજરાતી શાળામાં પણ ભણવામાં મુશ્કેલી પડે છે. આમ છતાં ભચાઉ તાલુકામાં ૧૨ ગુજરાતીની સામે ૧૧ અંગ્રેજી માધ્યમની ખાનગી શાળાઓ છે. અબડાસામાં તો ગુજરાતી કરતાં અંગ્રેજી માધ્યમની ખાનગી શાળાઓ વધુ છે. આ તાલુકામાં ૩ ગુજરાતી માધ્યમની અને ૭ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ છે.'

કચ્છમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ખાનગી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ ૧૦૦ અને ગુજરાતી માધ્યમની શાળાઓ ૯૧ અને હિન્દી માધ્યમની શાળાઓ ૬ હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨માં ખૂબ વધી ગઈ છે. ૨૧-૨૨માં અંગ્રેજી માધ્યમની પ્રા. શાળા ૧૯૧, ગુજરાતી ૧૬૯ અને હિન્દી ૧૧ થઈ ગઈ છે. આમ શાળાઓની સંખ્યા વધતી હોવા છતાં બંધ થવાની સંખ્યા પણ વધે છે, તે હકીકત છે.

આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે. પી. પ્રજાપતિને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, 'ખાનગી શાળાઓ બંધ થઈ જાય છે તે હકીકત છે. તે માટે ઓછા વિદ્યાર્થીઓ અને શાળાની નબળી આર્થિક સ્થિતિ જવાબદાર હોય છે. જ્યારે સરકારી શાળાઓ બંધ થઈ નથી, પરંતુ અમુક વર્ગોમાં સંખ્યા ઓછી હોવાના કારણે તે નજીકની અન્ય શાળામાં મર્જ થઈ ગયા છે. આ વર્ષે કોરોનાના કારણે વધુ શાળાઓ બંધ થવાની શક્યતા છે.'

પ્રાથમિક શાળાઓ બંધ થાય છે, તે રીતે માધ્યમિક શાળાઓ બંધ થાય છે કે કેમ તે અંગે માધ્યમિક શિક્ષણાધિકારી ભગવાનભાઈ પ્રજાપતિને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, 'સરકારી માધ્યમિક શાળાઓ બંધ થઈ નથી. ગુજરાતી માધ્યમની શાળાઓની સંખ્યામાં દર વર્ષે વધારો થતો જાય છે. અમુક ખાનગી શાળાઓ બંધ થઈ છે, પરંતુ સરકારીમાં તો વર્ગો અન્ય શાળામાં મર્જ થઈ જાય છે. આ વર્ષે સરકારી શાળામાં વિદ્યાર્થીઓનો પ્રવાહ વધવાની પૂરી શક્યતા છે. વાલીઓને ખાનગી શાળાની ફી પોસાતી ન હોવાથી તેઓ હવે સરકારી તરફ વળી રહ્યા છે.'

આમ પણ સરકારી શાળાઓનું સ્તર પણ સુધરી રહ્યું હોવાનું જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રો જણાવે છે. ગામે ગામ નવા બિલ્ડિંગો સાથે, મોટી મોટી શાળાઓ બની છે. પહેલા કચ્છમાં શિક્ષકોનું પ્રમાણ ઘણુ ઓછું હતું. અત્યારે ઘટ ગણનાપાત્ર ધોરણે નિવારાઈ છે. આમ છતાં અન્ય જિલ્લામાંથી કચ્છમાં નોકરી કરવા આવેલા શિક્ષકો પાંચ વર્ષનો સમયગાળો પૂરો કરીને પોતાના વતન જતા રહેતા હોવાની ફરિયાદ તો ઊભી જ છે. તે માટે હવે જ્યાં કચ્છી, ગુજરાતીભાષી શિક્ષકોની ખાસ જરૂર છે તેવા વિસ્તારો લખપત, અબડાસા તાલુકા, ભુજ તાલુકાના ખાવડા વિસ્તાર, ભચાઉ તાલુકાના ખડીર વિસ્તારમાં નિમણૂક લેનારા શિક્ષકો પાસેથી ૧૦ વર્ષનો રૂ. ત્રણ લાખનો બોન્ડ લેવામાં આવે છે. આ શિક્ષકો દસ વર્ષ સુધી માત્ર જિલ્લા જ નહીં, પરંતુ તાલુકા બહાર પણ બદલી કરાવી નહીં શકે. આ ઉપરાંત શિક્ષકો સ્થાનિક બાળકો સાથે સરળતાથી ભળી શકે, બાળકોની સાથે સારી રીતે વાતચીત કરી શકે તે હેતુથી તેમને કચ્છી ભાષાની તાલીમ આપવામાં આવે છે. આથી સરકારી શાળાનું સ્તર પણ સુધરી રહ્યું હોવાનું લોકો સ્વીકારી રહ્યા છે. આ વાતની જ સાબિતી છેલ્લાં ત્રણ વર્ષથી મળી રહી છે. ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં આવનારાં બાળકોનું પ્રમાણ કચ્છમાં વધી રહ્યું છે. આ માટે વર્ષ ૨૦૧૮માં કચ્છ ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે રાજ્યમાં ૬ઠ્ઠા નંબરે રહ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૧૯માં કચ્છનો રાજ્યમાં ત્રીજો નંબર આવ્યો હતો.

આમ ખાનગી શાળાઓ બંધ થવાની પ્રક્રિયા છેલ્લા થોડા સમયથી ચાલી રહી છે, તેને કોરોનાના કારણે વેગ મળશે અને દર વર્ષ કરતાં ત્રણ ગણી ખાનગી શાળાઓ આ વર્ષે બંધ થશે તેવી શક્યતા જોવાઈ રહી છે. ■

‘ફ્લાઇંગ શીખ’ મિલ્ખા સિંહનો જીવન બોધપાઠ

‘પીછે મૂડકર ન દેખ, ભાગ મિલ્ખા ભાગ...’

કોમનવેલ્થ સહિતની સ્પર્ધાઓમાં દેશનું નામ રોશન કરનારા અને અનેક સન્માનો મેળવનારા ફ્લાઇંગ શીખ એથ્લેટ મિલ્ખા સિંહનું ૯૧ વર્ષની વયે નિધન થયું. મિલ્ખા સિંહ હંમેશાંથી ખેલાડીઓ માટે પ્રેરણારૂપ રહ્યા છે. મિલ્ખા સિંહના જીવન સાથે જોડાયેલા કિસ્સાઓ અને વિવાદો હંમેશાં લોકોને તેમની સાથે જોડી રાખવાનું કામ કરતા આવ્યા છે.



કોરોનાની અસર હવે દેશભરમાં ઓછી થઈ ગઈ છે છતાં એની અસર તળે અકાળે મૃત્યુને ભેટનારાઓની સંખ્યા હજુય વધી રહી છે. એમાં બે નામ ઉમેરાયા છે - નિર્મલ મિલ્ખા સિંહ અને મિલ્ખા સિંહ. મિલ્ખા સિંહ (૧૯૩૫ - ૨૦૨૧) ભારતીય દોડવીર હતા, જેમણે રોમ ખાતે ૧૯૬૦ ગ્રીષ્મ ઑલિમ્પિક તથા ટોક્યો ખાતે ૧૯૬૪ ગ્રીષ્મ ઑલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. મિલ્ખા સિંહના નામે ચાર વખત એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ જીત્યાનો વિક્રમ નોંધાયેલો છે. ૧૯૫૮ કોમનવેલ્થ ગેમ્સમાં સૌ પહેલીવાર ગોલ્ડ મેડલ જીતીને અનોખો વિક્રમ રચનારા મિલ્ખા સિંહને ૧૯૫૯માં પદ્મશ્રી સન્માનથી નવાજવામાં આવ્યા હતા. ૧૯૬૦ના રોમ ઑલિમ્પિકમાં વિક્રમ તોડવા છતાં ૪૦૦ મીટર ફાઇનલમાં ચોથા સ્થાને આવતા મેડલ-વંચિત રહ્યા એ કારણે પણ હંમેશાં ચર્ચામાં રહ્યા છે. એમને ‘ફ્લાઇંગ શીખ’ તરીકે ઓળખવામાં આવતા હતા. આ ખિતાબ તેમને પાકિસ્તાન તરફથી મળ્યો હતો. મિલ્ખા સિંહે જ્યારે પાકિસ્તાનના લાહોર ખાતેની દોડ સ્પર્ધા પાકિસ્તાનના સૌથી ચર્ચિત દોડવીર અબ્દુલ ખાલિકને હરાવ્યા ત્યારે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ફિલ્ડમાર્શલ અયુબ ખાને મિલ્ખા સિંહને કહેલું કે, ‘આજે તમે દોડ્યા નથી, પણ ઊડ્યા છો. એટલે હું તમને ‘ફ્લાઇંગ શીખ’ તરીકે કહું છું.’ ત્યાર પછી દુનિયાભરમાં મિલ્ખા સિંહ ‘ફ્લાઇંગ શીખ’ તરીકે વિખ્યાત થઈ ગયા.

મિલ્ખા સિંહ તેમની કારકિર્દી દરમિયાન કૉમનવેલ્થમાં એક સુવર્ણપદક સાથે એશિયાઈ રમતોત્સવમાં કુલ ચાર સુવર્ણપદક જીત્યા હતા, પરંતુ આજે પણ તેમની કારકિર્દીની ચર્ચા થાય એટલે રોમના ઑલિમ્પિકમાં માત્ર ૦.૧ સેકન્ડના ફરકથી પદક ચૂકવાના કિસ્સાની ચર્ચા ચોક્કસ થાય. મિલ્ખા સિંહે એમની દીકરી સોનિયા સાથે મળીને લખેલી તેમની આત્મકથા ‘ધ રેસ ઑફ માય લાઇફ’માં એ ઘટનાક્રમનો ઉલ્લેખ કરતા લખે છે, “ક્વાર્ટર ફાઇનલ તથા સેમિ-ફાઇનલમાં બીજા નંબરે રહ્યો હતો, છતાં આ રેસ માટે મને ફેવરિટ માનવામાં આવી રહ્યો હતો. ફાઇનલમાં કાર્લ કોફમૅનને પહેલી, ઓટિસ ડેવિસને બીજી લેન મળી, જ્યારે મને પાંચમી લેન મળી. પાસેની લેન ઉપર જર્મનીનો દોડવીર હતો, જેને હું અગાઉ અનેક વખત હરાવી ચૂક્યો હતો એટલે આ દોડને એ જૂના અનુભવ આધારે ‘જજ’ કરવામાં મારાથી ચૂક થઈ.”

મિલ્ખા સિંહે આગળ લખે છે કે, “જ્યારે સ્ટાર્ટરે ‘ઑન યૉર માર્ક’ની બૂમ પાડી. મેં ધરતીમાતાને પ્રાર્થના કરી કે, હે મા, તમે મને અગાઉ પણ ઘણુ આપ્યું છે અને આજે પણ તમારી પાસેથી આશા રાખું

છું.' મેં માથું ઝુકાવ્યું અને ઊંડો શ્વાસ લીધો. પિસ્તોલની અવાજ આવી કે હું દોડવા લાગ્યો. લગભગ અઢીસો મીટર સુધી હું દોડતો રહ્યો. ત્યારે અચાનક જ મને વિચાર આવ્યો કે મિલ્ખા સિંહ તમે ખૂબ જ ઝડપભેર દોડી રહ્યા છો, જો આ રીતે દોડશો તો કદાચ દોડ પૂર્ણ પણ ન કરી શકો. આથી મેં મારી દોડને થોડી ધીમી કરી.''

''જ્યારે મેં છેલ્લો કર્વ પૂર્ણ કર્યો અને છેલ્લા ૧૦૦ મીટર ઉપર આવ્યો, ત્યારે જોયું કે જે ત્રણ-ચાર છોકરા મારાથી પાછળ હતા, તેઓ મારાથી આગળ નીકળી ગયા હતા. મેં તેમને આંબી જવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ પણ બરાબરના ખેલાડી હોય છે. જો કોઈ ખેલાડી ત્રણ-ચાર મીટર આગળ નીકળી જાય તો પણ તેમનાથી આગળ નીકળવાનું મુશ્કેલ બની જતું હોય છે. એ સમયે મારાથી જે ભૂલ થઈ કે મારા નસીબ. મારા હાથમાંથી ભારતનો મૅડલ છૂટી ગયો.''

આ મુદ્દે કેટલાક વિવેચકો સતત કહેતા રહ્યા છે કે, મિલ્ખા સિંહે ઘડીભર માટે પાછળ વળીને તેમના પ્રતિસ્પર્ધીઓને જોવાનો પ્રયાસ કર્યો, જેના કારણે તેમની ગતિમાં વિક્ષેપ ઊભો થયો અને તેઓ ચૂકી ગયા. એ બાબતને ખેલદિલીથી સ્વીકારતા મિલ્ખા સિંહ પણ કહી ચૂક્યા છે કે, 'મને આદત પડી ગઈ હતી. એશિયાઈ રમતોત્સવ હોય કે કૉમનવેલ્થ ગૅમ્સ. હું પાછળ વળીને જોતો કે હરીફ ઍથ્લિટ કેટલા પાછળ છે. રોમમાં પણ મેં એમ જ કર્યું હતું, પરંતુ મારી એ આદત મને ત્યાં ભારે પડી.'

૧૯૬૦ના દાયકામાં પાકિસ્તાની સેનાના મેજર અબ્દુલ ખાલિક તથા મિલ્ખા સિંહને એકબીજાના કટ્ટર સ્પર્ધક માનવામાં આવતા. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન ભારતનો હાથ ઉપર રહ્યો હતો. એ સમયે પાકિસ્તાનના કેટલાક સૈનિકો તથા અધિકારીઓને યુદ્ધબંધી તરીકે કેદ કરવામાં આવ્યા હતા અને તેમને ઉત્તર પ્રદેશના મેરઠ લાવવામાં આવ્યા હતા. જેમાંથી એક હતા મેજર અબ્દુલ ખાલિક. જેલમાં ભારતીય સેનાના ખેલાડીઓને દોડતાં-રમતાં જોઈને મેજર અબ્દુલ ખાલિકે મિલ્ખા સિંહને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. આ વાત ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચી. મિલ્ખા સિંહ મેજર ખાલિકને મળવા માટે મેરઠ પહોંચ્યા. લાહોરના સ્ટેડિયમમાં મિલ્ખા સિંહે લગભગ ૬૦ હજાર દર્શકોના 'પાકિસ્તાન ઝિંદાબાદ' અને 'મેજર અબ્દુલ ખાલિક ઝિંદાબાદ'ના નારા વચ્ચે ૨૦૦ મીટરની દોડમાં મેજર ખાલિકને પરાજય આપીને 'ફ્લાઇંગ શીખ'ની ઉપમા મેળવી હતી. મેરઠની જેલમાં બંને એકબીજાને મળ્યા તો તરત જ ભેટી પડ્યા. ત્યાર બાદ ભારત સરકાર દ્વારા મેજર ખાલિકને છોડી મૂકવામાં આવ્યા હતા.

કાર્ડિફ કૉમનવેલ્થ ગૅમ્સમાં તત્કાલીન વર્લ્ડ વિક્રમધારક માલ્કમ સ્પેન્સને હરાવીને સુવર્ણપદક જીતી મિલ્ખા સિંહે પોતાના નામની નોંધ લેવડાવી હતી. મિલ્ખા સિંહે પોતાના અમેરિકન કોચ હાવર્ડના સૂચન મુજબ ચારસો મીટરની દોડમાં પહેલાંથી જ ઝડપ પકડી હતી. જ્યારે વિજયરેખાથી માત્ર ૫૦ ફૂટનું અંતર હતું, ત્યારે મિલ્ખા સિંહે તેમની તાકાત લગાવી દીધી અને ઝડપ વધારી દીધી. જ્યારે મિલ્ખા સિંહે વિજયરેખા પાર કરી ત્યારે સ્પેન્સ તેમનાથી માત્ર અડધો ફૂટ દૂર હતા. વિજયરેખાને સ્પર્શતાંની સાથે જ મિલ્ખા સિંહ મેદાન ઉપર જ ફસડાઈ પડ્યા હતા. એમને સ્ટ્રેચર મારફત હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમને ઑક્સિજન આપવામાં આવ્યો. જ્યારે ભાન આવ્યું, ત્યારે તેમને જાણ થઈ કે તેમણે કેટલું મોટું પરાક્રમ કર્યું છે.

આ ઘટનાનું મહત્ત્વ ભારત અને મિલ્ખા સિંહ બેય માટે એટલા માટે અગત્યનું છે, કારણ કે પ્રથમ વખત કોઈ ભારતીયે કૉમનવેલ્થ ગૅમ્સમાં સુવર્ણપદક જીત્યો હતો. રાણી ઍલિઝાબેથે મિલ્ખા સિંહને પદક પહેરાવ્યો, જ્યારે ભારતીય ઝંડો ઊંચે જઈ રહ્યો હતો, ત્યારે તેમની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. એ વખતે એક મહિલા મિલ્ખા સિંહની પાસે દોડતાં આવ્યાં. ભારતીય ટીમના વડા અશ્વિની કુમારે એ મહિલાનો પરિચય આપ્યો, તેઓ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનાં નાનાં

'ભાગ મિલ્ખા ભાગ'નું પારિશ્રમિક ૧૯૫૮ની રૂ.૧ની નોટ



'ફ્લાઇંગ શીખ' તરીકે જાણીતા પ્રખ્યાત ઝડપી દોડવીર મિલ્ખા સિંહે તેમના જીવન પર બનાવેલી બાયોપિક માટે કોઈ રોયલ્ટી લીધી નથી. 'ભાગ મિલ્ખા ભાગ'માં, મિલ્ખા સિંહનું પાત્ર ફરહાન અખ્તર દ્વારા ભજવવામાં આવ્યું હતું. યંગ જનરેશન આ ફિલ્મ જોયા પછી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ જોઈને, ઘણા યુવાનોએ એથ્લેટ બનવાનું નક્કી કર્યું અને પછીથી મેડલ્સ પણ જીત્યા છે. મિલ્ખા સિંહને ફિલ્મના નિર્માતાઓએ પ્રમોશન માટે ટોકન મની તરીકે ૧ રૂપિયો આપવાનું નક્કી કર્યું હતું, પણ એ એક રૂપિયો વિશિષ્ટ હતો. સિક્કાને બદલે મિલ્ખા સિંહને જે એક રૂપિયાની નોટ આપવામાં આવી હતી એ ૧૯૫૮માં છપાઈ હતી. ૧૯૫૮ના વર્ષનું ભારત અને ખાસ તો મિલ્ખાસિંહ માટે ઘણું મહત્ત્વ છે. ૧૯૫૮માં, મિલ્ખા સિંહે સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં કોમન વેલ્થ ગેમ્સમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત એશિયન ગેમ્સમાં ૨ ગોલ્ડ મેડલ જીતીને તિરંગાની શાન રાખી હતી.

કાર્ડિફ કોમનવેલ્થ ગેમ્સમાં મિલ્ખા સિંહે જ્યારે સુવર્ણ ચંદ્રક જીત્યો ત્યારે એક મહિલા દોડતાં તેમની પાસે આવ્યાં અને મિલ્ખા સિંહને અભિનંદન આપ્યાં. એ મહિલા હતાં વિજયાલક્ષ્મી પંડિત

મિલ્ખા સિંહ તેમના વેક્સ સ્ટેચ્યુ સાથે

પત્ની નિર્મલ કૌર સાથે મિલ્ખા સિંહ

બહેન વિજયાલક્ષ્મી પંડિત હતાં. એ ઘટનાક્રમ અંગે મિલ્ખા સિંહ લખે છે કે, 'તેઓ મને ભેટી પડ્યાં અને અભિનંદન પાઠવ્યાં. તેમણે કહ્યું, પંડિત જવાહરલાલ નહેરુએ સંદેશ મોકલાવ્યો છે. આ વિજયના બદલામાં તમે ઇનામમાં શું લેવા ઇચ્છશો? એ સમયે મને કંઈ સમજમાં ન આવ્યું. મેં તેમને કહ્યું કે આ વિજયની ખુશીમાં દેશમાં રજા જાહેર કરી દેવામાં આવે. હું જે દિવસે ભારત પહોંચ્યો, તે દિવસે પંડિત નહેરુએ પોતાનો વાયદો પાળ્યો અને સમગ્ર દેશમાં રજા જાહેર કરી દેવામાં આવી.' સ્વતંત્ર ભારતમાં કોઈ ખેલાડીના વિજય સાથે દેશભરમાં રજા આપવામાં આવી હોય એવો કદાચ એકમાત્ર કિસ્સો હશે.

મિલ્ખા સિંહ ઘણા ઇન્ટરવ્યૂમાં કહી ચૂક્યા છે કે, 'રોમ ઑલિમ્પિક પહેલાં મેં લગભગ ૮૦ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાંથી લગભગ ૭૭ જીતી હતી. રોમમાં ભલે મને ઑલિમ્પિક પદક ન મળ્યો, પરંતુ બીજું એક પદક મળ્યું, જે આજેય મારી પાસે છે.' મિલ્ખા સિંહે નિર્મલ કૌર સૈની સાથે રોમ ઑલિમ્પિક પછી લગ્ન કર્યાં હતાં. મિલ્ખા સિંહના અવસાનના બરાબર પાંચ દિવસ પહેલાં નિર્મલ કૌર પણ કોરોનાને કારણે અવસાન પામ્યાં હતાં. મિલ્ખા સિંહ તેમનાં પત્ની નિર્મલને 'મામા' કહીને બોલાવતા, જ્યારે નિર્મલ તેમને 'સરદારજી' કહીને બોલાવતા. નિર્મલ ભારતીય વોલીબોલ ટીમનાં કૅપ્ટન પણ રહી ચૂક્યાં છે. તેમનો પુત્ર જીવ વિખ્યાત ગૉલ્ફર છે. મિલ્ખા સિંહની સિદ્ધિઓ જોતાં એમને 'ભારતરત્ન' નહીં મળવાનો વસવસો નિર્મલ નજીકના લોકો સમક્ષ વ્યક્ત કરતાં, એ સ્વાભાવિક હતું. જાતમહેનતે સિદ્ધિ-કીર્તિ-માનસન્માન મેળવનારા મિલ્ખા સિંહને વર્ષો પહેલાં રાજ્યસભામાં સિલેક્શન અંતર્ગત મોકલવાની વિચારણા થઈ હતી, પરંતુ એક અધિકારીએ તત્કાલીન નીતિનિયમ મુજબ 'એડવર્સ નોટ' કરી કે, ખેલાડીઓને રાજ્યસભામાં સંસદસભ્ય તરીકે નામાંકિત કરી શકવાની જોગવાઈ નથી, એટલે તેમની નિમણૂક ન થઈ શકી. જોકે, વર્ષો બાદ સચિન તેંડુલકર તથા હૉકીના ખેલાડી દિલીપ ટર્કી રાજ્યસભા માટે નામાંકિત થયા હતા.

ભારતરત્ન કે રાજ્યસભા સભ્યપદ સિવાય પણ કેટલાક મુદ્દે મિલ્ખા સિંહની અવગણના થતી રહી છે એ પણ હકીકત છે. જે ભારતીય સેનાએ એમને દેશવિદેશમાં આટલું માનસન્માન અપાવ્યું એ સેનામાં પ્રવેશ મેળવવા માટેના પહેલા ત્રણ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા હતા. આખરે ૪થી વખત એમની પસંદગી થઈ અને પછી તો જે થયું એ ઇતિહાસ છે. એથ્લેટિક્સમાં ભારત તરફથી સર્વપ્રથમ ગોલ્ડ જીતનારા મિલ્ખા સિંહનું નામ છેક ૧૯૬૧થી શરૂ થયેલા અર્જુન ઍવૉર્ડ માટે ક્યારેય મોકલવામાં આવ્યું નહોતું. ગત દાયકામાં વર્ષ ૨૦૦૧માં એમના નામની પસંદગી કરવામાં આવી ત્યારે મિલ્ખા સિંહે સન્માન સાથે એનો અસ્વીકાર કરતાં જણાવ્યું કે અર્જુન ઍવૉર્ડ માટે એમનું નામ પસંદ કરવામાં ૪૦ વર્ષ મોડું થઈ ચૂક્યું છે.

મિલ્ખા સિંહની સિદ્ધિ અસામાન્ય હતી એટલે તો વર્ષો સુધી એ વિક્રમ એમના નામે રહ્યો. વર્ષ ૧૯૫૮ એશિયન ગેમ્સમાં ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર બંનેમાં અનુક્રમે ૨૧.૬ સેકન્ડ અને ૪૭ સેકન્ડનો સમય મેળવતાં મિલ્ખા સિંહે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. એ વર્ષે ૧૯૫૮ કોમનવેલ્થ રમતોમાં પણ મિલ્ખા સિંહે ૪૦૦ મીટરની દોડ ૪૬.૧૬ સેકન્ડમાં પૂર્ણ કરી ગોલ્ડ મેડલ જીત્યો હતો. સ્વતંત્ર ભારતમાં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર 'ફ્લાઇંગ શીખ' મિલ્ખા સિંહે સર્વપ્રથમ ભારતીય હતા. ભારતની સૌથી મોટી જાહેર પ્રસારણ એજન્સી પ્રસાર ભારતી પાસે, તેના આર્કાઇવ્સમાં, અનેકવિધ મહાનુભાવોની જેમ મિલ્ખા સિંહની યાદોનો ખજાનો પણ છે. તાજેતરમાં પ્રસાર ભારતીએ આ ઓડિયો રેકોર્ડ મુલાકાતોને શ્રેણીબદ્ધ રીતે રેડિયો આત્મકથા રજૂ કરી, મિલ્ખા સિંહને વિશિષ્ટ રીતે શ્રદ્ધાંજલિ આપી હતી. 'અભિયાન' તરફથી પણ વિક્રમી દોડવીર મિલ્ખા સિંહને વંદન સહ શ્રદ્ધાંજલિ. ■

એથ્લેટિક્સમાં ભારત તરફથી સર્વપ્રથમ ગોલ્ડ જીતનારા મિલ્ખા સિંહનું નામ છેક ૧૯૬૧થી શરૂ થયેલા અર્જુન ઍવૉર્ડ માટે ક્યારેય મોકલવામાં આવ્યું નહોતું

કોરોના વેક્સિન : હજુ પણ ગ્રામીણ વિસ્તારોમાં ભ્રામક માન્યતા પ્રવર્તે છે

કોરોનાની બીજી લહેર સૌથી વધુ ઘાતક નિવડી છે. હવે માંડ-માંડ બધું રાબેતા મુજબ થઈ રહ્યું છે. જોકે, નિષ્ણાતોએ ત્રીજી લહેરની પણ ચેતવણી આપી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા કોરોના નાબૂદ કરવા અને દેશવાસીઓને આવનારા ખતરામાંથી ઉગારવા માટે સૌથી મોટું રસીકરણનું અભિયાન હાથ ધરાયું છે, પરંતુ કોરોનાની રસીને લઈને ભ્રામકતાના કારણે લોકો ડરી રહ્યા છે.

hetalrao@sambhaav.com

કોરોના સંક્રમણને હરાવવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની મદદથી વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રસીકરણ અભિયાનને લઈને આકરી ટીકા થતાં કેન્દ્ર સરકારે વેક્સિન મફત આપવાની જાહેરાત કરી છે. હવે કેન્દ્ર સરકારે રસીકરણની પ્રક્રિયા પોતાના હાથમાં લીધી છે. દેશમાં કોવેક્સિન, કોવિશિલ્ડ અને વિદેશની રસીઓનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સરકારી હૉસ્પિટલમાં મફત વેક્સિન આપવામાં આવે છે અને ખાનગી હૉસ્પિટલમાં રસી માટે રૂપિયા ચૂકવવા પડશે.

કેન્દ્ર સરકારે ડિસેમ્બરના અંત સુધી દેશમાં તમામ નાગરિકોને રસી મળી રહે તેવી વ્યવસ્થા કરી છે, પરંતુ દેશ તથા અનેક રાજ્યોમાં રસીકરણ અંગેની જાગૃતિનો અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે રસીકરણ અભિયાનમાં અનેક અવરોધો ઊભા થઈ રહ્યા છે. કોરોના વેક્સિનને લઈને એક બાજુ જ્યાં અમુક લોકોમાં જાગૃતિ જોવા મળી રહી છે ત્યાં, બીજી બાજુ લોકોમાં અવનવી ભ્રામકતાને લઈને નિરાશા જોવા મળે છે. સોશિયલ મીડિયા પર વાંચેલી, સાંભળેલી, જોયેલી માહિતીના આધારે લોકોમાં ગેરમાન્યતા ઊભી થઈ રહી છે. ગુજરાતનાં અનેક શહેરો અને ગામડાંમાં કોરોના રસી લેવા માટે લોકો તૈયાર થતાં નથી. તેમના માનસપટ પર વેક્સિન અંગે નકારાત્મકતા ઘર કરી ગઈ છે. અનેક નાગરિકો કોરોન રસી લેવાથી ડરી પણ રહ્યા છે.

કોરોનાની બીમારી સામે રક્ષણ મેળવવા માટે વેક્સિન જ એક માત્ર હાલ વિકલ્પ હોવાથી વેક્સિન લેવી અનિવાર્ય છે. કેન્દ્ર સરકાર સહિત રાજ્ય સરકાર અને નગરપાલિકા, પંચાયતો સહિત અનેક સેવાભાવી સંસ્થા દેશમાં વેક્સિનેશન માટે અભિયાન ચલાવી રહ્યા છે. સમાજમાં ફેલાઈ રહેલી અફવાની માનસિકતાને જાકારો આપવા તમામ સંસ્થાઓ કામે લાગી ગઈ છે. રેડિયો, ટેલિવિઝન, સોશિયલ મીડિયા સહિત અનેક માધ્યમોથી વેક્સિન અંગેની જાગૃતિ માટે જાહેરાત કરવામાં આવે છે. વેક્સિનના બે ડોઝ અતિ મહત્ત્વના હોય છે. તે લેવા હિતાવહ છે.

વેક્સિન મામલે ફેલાઈ રહેલી અફવા અને ભ્રામક વાતો કેવી છે તેની તપાસ કરતાં જાણવા મળ્યાં અનેક કારણો. આ કારણોને લીધે ગામડાં અને શહેરોમાં લોકો વેક્સિન લેવાનું

રસી લેશે તે પરિવાર અને સમાજને બચાવશે

કોરોના વાઇરસથી રક્ષણ મેળવવા વેક્સિન લેવી જ જોઈએ એવા અભિયાન સાથે ધર્મગુરુઓ પણ લોકોને સમજાવવા આગળ આવ્યા છે. કેન્દ્રીય લઘુમતી કલ્યાણ મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીની અપીલ પર દિલ્હી જામા મસ્જિદના શાહી ઇમામ, સૈયદ અહેમદ બુખારી, જૈન ધાર્મિક નેતા આચાર્ય લોકેશ મુનિ, ગુરુદ્વારા વ્યવસ્થાપન સમિતિના પ્રમુખ મજિંદર સિંહ સિરસા, અખિલ ભારતીય સૂફી સજ્જાદાનશીન સૈયદ નસિરુદ્દીન ચિશ્તી સાથે અનેક આગેવાનો પણ આ અભિયાનમાં જોડાયા છે. રસીકરણની જાગૃતિ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ઓછી છે. માટે લઘુમતી મંત્રાલયના અને ગ્રામીણ વિકાસ મંત્રાલયના અંદાજે ૨.૫ કરોડ સ્વ સહાય જૂથો આ અભિયાન સાથે જોડાયેલા છે. જુદા-જુદા માધ્યમો દ્વારા ધાર્મિક નેતાઓ જાગૃતિ લાવશે. શેરી નાટક દ્વારા પણ કહેવામાં આવશે કે આ રસી જીવન બચાવવા માટે છે, તેનાથી શરીર પર કોઈ આડઅસર થતી નથી. જે લોકો રસી લેશે તે લોકો પોતાને, પરિવારને અને સમાજને બચાવશે.

ટાળી રહ્યા છે. વેક્સિન લગાડવાથી નપુંસક થઈ જવાય છે, તેવી માન્યતા ઉપરાંત અનેક અન્ય કારણો પણ જાણવા મળ્યાં. લોકો એવું વિચારે છે કે કોરોના રસીના લીધે આયુષ્ય ઘટી જાય છે, તો કેટલાક કહે છે કે, રસી લેવાથી નબળાઈ આવી જાય છે અને અન્ય મોટા રોગો થઈ શકે છે. ઘણાબધા વેક્સિનની જોખમી આડઅસર થાય છે તેવું માની રહ્યા છે. જ્યારે ઘણા લોકો પાયાવિહોણા તર્ક આપી રહ્યા હતા, તેથી એક વાત સ્પષ્ટ થાય છે કે હજી પણ કોરોના રસી મામલે જાગૃતિનો અભાવ જોવા મળી રહ્યો છે.

ગ્લોબલ વાઇરસ નેટવર્કના સહ-સ્થાપક ડૉ. રોબર્ટ સી. ગેલોનાના જણાવ્યા અનુસાર વેક્સિન ન લેવા કરતાં વેક્સિન લઈ લેવી વધુ સારી વાત છે. વેક્સિન લેવાથી બીમાર થવાની શક્યતા ખૂબ ઓછી રહે છે, એ વાતને ક્યારે પણ નકારી શકાય નહીં. ઘણાબધા લોકો સોશિયલ મીડિયા પર આવતી દરેક સામગ્રી તસવીર કે વીડિયોને સાચા માની લે છે અને તેમના પર વિશ્વાસ કરી લે છે.

કોરોના વેક્સિન નહીં લેવાનો ખોટો ડર

ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાના વી.જી. સોમાણીના મતે આ રસીકરણ સાથે જોડાયેલી તમામ અફવાઓ તર્કહીન અને સંપૂર્ણપણે બકવાસ છે. નપુંસક થવું, બીમાર થઈ જવું એવું બધું કશું થતું નથી. લોકો માત્ર અફવાઓ ફેલાવી રહ્યા છે. વેક્સિન ૧૧૦ ટકા સુરક્ષિત અને સલામત છે. વેક્સિન લગાવવાથી સામાન્ય તાવ આવે તે સામાન્ય બાબત છે, તે કોઈ પણ રસીમાં આવી શકે છે. જ્યારે ઘણા લોકો એમ પણ કહે છે કે, હું સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરું છું. બહાર નીકળતા સમયે માસ્ક પહેરું છું. ખાસ એન-૯૫ માસ્ક યુઝ કરું છું. એ ના હોય તો કપડાના માસ્ક પર સર્જિકલ માસ્ક પહેરું છું. વારંવાર હાથ ધોવું છું, માટે મારે રસી લેવાની ક્યાં જરૂર છે! પણ બધું કરો તો પણ રસી લેવી જરૂરી છે.

મહિલાઓમાં ફેલાતી ખોટી માન્યતા એ છે કે, પિરિયડ્સના પાંચ દિવસ પહેલાં અને પાંચ દિવસ પછી વેક્સિન ના લેવી જોઈએ, કારણ કે વેક્સિનના પ્રથમ ડોઝમાં પ્રતિરોધક ક્ષમતા ઓછી હોય છે, પછી ધીમે-ધીમે વધે છે અને જો તે પિરિયડ દરમિયાન લેવામાં આવે તો સંક્રમણનો ભય વધી જાય છે. આ વિશે વાત કરતાં ગાયનેકોલોજિસ્ટ ડૉ. કલ્પના શાહ કહે છે, 'પિરિયડ એક નેચરલ પ્રક્રિયા છે. એટલા માટે જ્યારે પણ સમય મળે ત્યારે વેક્સિન લઈ લેવી જોઈએ. હવે તો મહિલા ઘરેની બહાર નિકળીને કામ કરે છે. તેમને પિરિયડ કોઈ પણ તારીખે આવી શકે છે. જો રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તો વેક્સિન લેવી જ જોઈએ.'

ખાસ કરીને ગામડાની મોટી ઉંમરની મહિલાઓમાં જોવા મળતી ગેરમાન્યતા એ છે કે, તેમને લાગે છે કે અમારી પુત્રવધૂ જો વેક્સિન લેશે તો તે ક્યારેય માતા નહીં બની શકે. માટે નવ પરણિત પુત્રવધૂઓએ વેક્સિન નહીં લેવાની. એટલું જ નહીં, પોતે પણ વેક્સિન નથી લેતાં, અમારી ઉંમર થઈ અને વેક્સિન લઈશું તો કંઈ થઈ જશે અને જિંદગીના બાકીના દિવસો પણ જીવ્યા વગર જ પરાણે મોતનો દિવસ આવી જશે. સરકારના કર્મચારીઓ વેક્સિનના ડોઝ આપવા જાય છે તો ઘણા ગામડાંઓમાં લોકો સંતાઈ જાય છે.

ભણેલાઓમાં પણ ભ્રામકતા

કેટલાક ભણેલા લોકોનો પણ ગેરમાન્યતાઓમાં સમાવેશ થાય છે. તે લોકો એમ માની બેઠા છે કે, કોરોનાની રસી ખૂબ જ જલ્દી બનાવવામાં આવી છે. તેની માટે વૈજ્ઞાનિક અભ્યાસ કે પરીક્ષણ કરવામાં નથી આવ્યા. માટે તે સલામત નથી. આ વાત પર નિષ્ણાતો ઘણી વાર જવાબ આપી ચૂક્યા છે કે, એ વાત બિલકુલ સાચી છે કે કોઈ પણ રસી વિકસાવવા માટે પાંચથી દસ વર્ષનો સમય લાગી શકે છે, પરંતુ કોરોનાએ જે રીતે મહામારીની શરૂઆત કરી હતી. એ જોતા રાજકીય, ઉદ્યોગ ક્ષેત્રો, મોટી ફાર્મા કંપનીઓ, સંશોધકો વૈજ્ઞાનિકો બધા સાથે આવ્યા. એટલું જ નહીં, સરકારે પણ પોતાની શક્ય તમામ શક્તિ આ કામ માટે લગાડી. માટે સામાન્ય રીતે જેટલો સમય રસી બનાવતા લાગે છે તેના કરતાં ઘણી જ વહેલી રસી તૈયાર થઈ છે.

કોરોના વેક્સિનની જાગૃતિ માટે લોકલ લેવલના લીડર, ગામના આગેવાન, ધર્મગુરુની સાથે ચર્ચા કરી કોરોનાની વેક્સિન તમામ લોકો ડર વગર લઈ શકે

શૈલેષ બી પરમાર,
ચીફ હેલ્થ ઓફિસર, અમ. ડિસ્ટ્રિક્ટ

વીડિયો કૉલિંગ, એસએમએસ અને તાલુકાઓમાં ઘરે ઘરે જઈને વેક્સિન માટે સમજ આપીએ છીએ, સેન્ટર પર લઈ જઈ રસી મૂકાવવા સપોર્ટ કરીએ છીએ

કરીમ મલેક,
પ્રમુખ,મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજ

દેશના રસીકરણની પ્રક્રિયાની સાર્થકતાને સિદ્ધ કરે છે વેક્સિન

સાવ ખોટી માન્યતાની વાત કરીએ તો લોકોને લાગે છે કે કોરોના વાઇરસનો વિકલ્પ વેક્સિન નથી. વેક્સિન લેવા છતાં વાઇરસ આપણી આસપાસ જ રહે છે અને અન્ય વાઇરસની જેમ જ કોવિડના વાઇરસનું સ્વરૂપ પણ બદલાઈ શકે છે. માટે નિશ્ચિત રીતે કહી ન શકાય કે આ વેક્સિનના ડોઝ લીધા પછી કશું જ નહીં થાય, પરંતુ અહીં એક હકીકત પણ સ્વીકારવા જેવી છે કે, રસીકરણના કારણે જ દેશમાંથી પોલિયો અને શીતળા જેવા રોગોની નાબૂદી થઈ શકી છે. ઉપરાંત ડિપ્થેરિયા, હિપેટાઇટિસ-બી સહિત અનેક બીમારીઓ માટે બાળકોને પહેલેથી જ રસી આપવામાં આવે છે. કોરોના વાઇરસ પર પણ રાતોરાત સફળતા નહીં મળે, પરંતુ એક વાત યાદ રાખવા જેવી છે કે દર વર્ષે ભારતમાં કરોડો બાળકો અને મહિલાઓને રસી આપવામાં આવે છે. બાળકોને બીસીજી, ડીટીપી અને પોલિયોની રસી આપવામાં આવે છે. આ તમામ વેક્સિન દેશના રસીકરણની પ્રક્રિયાની સાર્થકતાને સિદ્ધ કરે છે.

અધિકારી કહે છે...

આ વિશે 'અભિયાન' સાથે વાત કરતા અમદાવાદના જિલ્લાના ચીફ હેલ્થ ઓફિસર શૈલેષ બી. પરમાર કહે છે, 'અમદાવાદ જિલ્લાની વાત કરું તો અહીં લોકોમાં વેક્સિન લેવામાં લઈને ઓછી નિરસતા છે. અહીં સમજાવવામાં આવે તો સમજી જાય છે. હા, સૌરાષ્ટ્ર અને તેની આસપાસના વિસ્તારોમાં વેક્સિનને લઈને વધુ રસ નથી. અમદાવાદ જિલ્લામાં પાંચ છ લાખ કરતાં પણ વધુ લોકોને પ્રથમ ડોઝ અને એક લાખથી વધારે સેકન્ડ ડોઝ રસી આપવામાં આવી છે. નજીકના સમયમાં જ ૧૩૨ સેશન સાઇટ પર કામ શરૂ થઈ ગયું હશે. અત્યાર સુધી ત્રણ ચાર સેશન સાઇટ ચાલતા હતા. તેની જગ્યાએ હવે વધારી દીધા છે. ઇલેક્શનના હોય તેવા રસીકરણ માટે ૧૩૨ પોલિંગ બૂથ રાખવામાં આવ્યા છે. હવે રજિસ્ટ્રેશનની જરૂર નથી, સીધા બૂથ પર આવીને વેક્સિન લઈ શકાશે અને જે લોકોમાં ગેરમાન્યતા છે તેને પણ દૂર કરવાના પ્રયત્ન કરીએ છીએ. લોકલ લેવલના લીડર, ગામના આગેવાન, ધર્મગુરુની સાથે ચર્ચા કરી તેમને સપોર્ટ કરવાનું કહીએ છીએ. જેથી કોરોનાની વેક્સિન તમામ લોકો ડર વગર

લઈ શકે.'

જ્યારે આ વિશે વાત કરતા આઠ જિલ્લામાં કાર્યરત મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજના પ્રમુખ કરીમ મલેક કહે છે, 'નવ જિલ્લામાં જઈને અમે સાથે મળી કોરોના વેક્સિન માટે લોકોને જાગૃત કરીએ છીએ. એ માટે સૌથી પ્રથમ મે અને સમગ્ર પરિવારને રસી લેવડાવી છે. જેથી બધાને કહી શકીએ. મને પોતાને લાગે છે કે, રસી લેવાથી તમને કોરોના થવાનો ભય ૮૦થી ૯૦ ટકા ઓછો થઈ જાય છે. વીડિયો કૉલિંગ, એસએમએસ દ્વારા અને આ સંસ્થા સાથે જોડાયેલા તાલુકાઓના પ્રમુખ ઘરે ઘરે જઈને વેક્સિન માટે જાગૃતિ ફેલાવે છે. સેન્ટર પર લઈ જાય છે, નોંધણી કરાવે છે.'

સામાજિક સંસ્થાઓ પણ વેક્સિન અભિયાનમાં જોડાઈ છે. કલાસૂર્ય ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી સંગીતા પટેલ આ વિશે વાત કરતા 'અભિયાન'ને કહે છે, 'અમે અલગ-અલગ વેક્સિનેશનના જે કેમ્પ થતા હોય છે, તેમાં સાયન્ટિફિકેશન અને મેડિકલી જે રૂલ્સ અને રેગ્યુલેશન હોય છે તેની ઇફેક્ટ્સ વિશે જણાવીએ છીએ. વેક્સિન કેમ લેવી જોઈએ, તેનાથી તાવ કેમ આવે, માથું કેમ દુ:ખે તે એક્ઝેટલી કેવી રીતે વર્ક કરશે વગેરે જેવી માહિતી આપીએ છીએ. આ ઉપરાંત વૃદ્ધાશ્રમોમાં જે વડીલો હોય તેમને વેક્સિન લેવડાવવાની વ્યવસ્થા કરીએ છીએ. ઘણા લોકોમાં વેક્સિનને લઈને ગેરસમજ હોય છે. સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા ખોટા મેસેજોને લઈને એ લોકો એવું સમજે છે કે આ એવો વાઇરસ છે જે લોકોને પરમેનન્ટ ડિસેબલ કરી નાંખશે. ઉપરાંત લોકો એવું પણ સમજે છે કે વેક્સિન છે એ તમને વધારે વીક કરી દે છે અને લોકો મરી જાય છે. જ્યારે ભણેલા લોકો એમ માને છે કે વેક્સિનના કારણે એન્ટિબૉડી નથી બનતી માટે આપણે વીક થઈ જઈએ છીએ. આવી અનેક ખોટી ગેરસમજોને પણ અમે દૂર કરવાના પ્રયાસ કરી રસીકરણના અભિયાનને પ્રોત્સાહન આપીએ છીએ.'

લોકોમાં એવી ગેરસમજ છે કે કોરોનાની રસી લેવાથી વ્યક્તિ વીક થઈ જાય, જેથી લોકો મરી જાય છે, આ ડર દૂર કરી સાચી સમજથી કોરોના વેક્સિનનું મહત્ત્વ સમજાવીએ છીએ

સંગીતા પટેલ,
ફાઉન્ડર, કલાસૂર્ય ફાઉન્ડેશન

કોરોના વેક્સિન મામલે જે રીતે અફવા ફેલાઈ રહી છે તેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે અફવાઓ ફેલાવનાર સામે ફોજદારી કાર્યવાહી હાથ ધરવાના આદેશ આપ્યા છે. કોરોના મામલે જાગૃતિ લાવીને કોરોના વેક્સિન અંગે ચાલતી ભ્રામક વાતોને દૂર કરવા માટે સરકાર સાથે જાગતૃ નાગરિકોએ પણ પ્રયાસ કરી કોરોનાને મા'ત આપવી પડશે. ■

પશ્ચિમી જગતે પ્રજાને ફાધર્સ ડેના રવાડે ચડાવ્યા

જીવનભર માબાપની સાથે જ રહેલા મારા જેવાને જરાક નવાઈ લાગે કે બળ્યું ફાધર્સ ડે નામનું આ બધું શું તૂત છે? આપણે તો પીપળાને પિતૃ ગણીએ, પાણિયારે દીવો મૂકીને પિતૃને યાદ કરી લઈએ, કાગવાસ નાખીને પિતૃને જમાડ્યાનો સંતોષ લઈ લઈએ, છેડાછેડી છોડવા જઈએ ત્યારે સુરધન દાદા સાષ્ટાંગ દંડવત્ કરનારા, સાત પેઢી તો ફરફરાટ મોઢે બોલી જઈએ અને પાછા આવનારી પેઢી એકદમ રટ્ટો મારીને સાતે સાત પેઢી ગોખાવી દઈએ..! જરાક પણ જમીનથી જુદા ના પડનારી પ્રજાને ફાધર્સ ડેના રવાડે ચડાવી દીધી પશ્ચિમ જગતએ..!

એક કિસ્સો યાદ આવે છે. એક પરદેશી મિત્રનું અહીંયાં ભારત દેશમાં અવસાન થયું. એના સંતાનોને જાણ કરી કે તમારા ડેડીનું મૃત્યુ થયું છે..! સામે જવાબ આવ્યો, કંઈ વાંધો નહીં, ભગવાન એમના આત્માને શાંતિ આપે, તેઓ અમારા ડેડીનહોતા, ફક્ત બાયોલોજિકલ પિતા હતા, પિતા હોવાની કોઈ જવાબદારી એમણે નિભાવી નથી, જેથી તમે તેમની અંતિમવિધિ પતાવી દો..!!

ડેડી અને ફાધર જુદા..!!

ફાધર્સ ડેની "જરૂર" ત્યાં પડે..!!

મને તો પપ્પા ક્યારેય મારાથી જુદા પડ્યા હોય એવું લાગતું જ નથી. કોવિડ પહેલાંની પાંચમી જાન્યુઆરીએ મારા અને મમ્મીના હાથમાં પપ્પાએ દેહ મૂક્યો પછી એમ હતું કે એકાદી જાત્રા પપ્પા પાછળ કરી લઉં, આમ તો ઇચ્છા એવી હતી કે, જો મેળ બેસે તો દ્વાદશ જ્યોતિર્લિંગ અને થાય તેટલાં તીર્થ કરવા, પણ બળ્યો આ કોવિડ.. કોગળિયું ફાટી નીકળ્યું..!

પણ એક કામથી પુણે જવાનું થયું હતું એટલે ત્રંબકેશ્વર ત્યાંથી પહોંચી ગયો. જોકે પહેલાં શિરડી જવાનું મન થઈ ગયું એટલે રાત ત્યાં રોકાવું એવું નક્કી કર્યું. શિરડી પહોંચતા મોડું થઈ ગયું. લગભગ દસેક વાગી ચૂક્યા હતા રાતના, પણ દર્શન ખુલ્લાં હતાં એટલે દોડીને મંદિરમાં ઘૂસી ગયો, ઘણા દૂરથી દર્શન થયાં, પછી ટેરો આવી ગયો..!

રાત્રે થોડા અફસોસ સાથે ઊંઘી ગયો, ધરાઈને દર્શન ન થયાં..!

ઊંઘમાં સપનામાં પપ્પા આવ્યા.. અરે ગાંડા, આમ મૂંઝાય છે શું? ચલ હું દર્શન કરાવું.. હું પપ્પા સાથે સાંઈ મંદિરમાં ગયો. પપ્પા મને છેક અંદર બાબાનાં ચરણ સુધી લઈ ગયા. ધરાઈને દર્શન કર્યાં. પપ્પા શાંતિથી બાજુમાં ઊભા હતા. મને અદ્‌ભુત શાંતિ ફિલ થઈ રહી હતી. પછી મેં પપ્પાની સામું જોયું. પપ્પા સમજી ગયા કે એમનો ભગતડો રૂપિયા મૂક્યા વિના નહિ ખસે, પપ્પાને મંદિરોમાં દાન મૂકવું ઓછું ગમે, એ કોઈ વ્યક્તિને સીધી મદદ કરે, પણ મને મંદિરોમાં ભેટ મૂકવી ગમે, હું એવું માનું કે હજજારો લોકોને મંદિરમાં શાંતિ મળે છે, આશા મળે છે, હિંમત મળે છે, જીવન જીવવાની તાકાત મળે છે, તો મંદિરના મેન્ટેનન્સ માટે પણ કંઈક મૂકવું જોઈએ..!! ખૈર, પપ્પાએ એમના ખિસ્સામાં હાથ નાખ્યો અને મને બે હજારની નોટ કાઢીને આપી, લે મૂકી દે..!! બહુ નાનપણની મારી ટેવ. મંદિરમાં મૂકવા પૈસા પપ્પા પાસે માંગવાના જ અને એ આપે પણ ખરા..!! બોલો હવે મારે ક્યાં જરૂર છે ફાધર્સ ડેની, આજે દોઢ દોઢ વર્ષના વહાણા વાયે મને તો મારો બાપ હાજરાહજૂર

લાગે છે..!! મારા લગભગ તમામ મિત્રો મારી જેમ સંયુક્ત પરિવારમાં રહે છે. કોઈકનાં પપ્પા-મમ્મી છે અને કોઈકનાં નથી, પણ લગભગ એકે એકને ફાધર્સ ડેની જરૂર નથી..!!

હવે વાત બીજી એક કાળી બાજુની,

લગભગ દર વર્ષે ત્રીસેક હજારથી વધારે ગુજરાતી છોકરા છોકરીઓને અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયા ગળી જાય છે અને પછી ક્યારેક માબાપની ટણી કે અમને ત્યાં ના ફાવે, ક્યારેક છોકરાના ઈગ્નોરન્સ.. વાત અહીંયાં રહેતા 'છત્તે છોકરે વાંઝિયા' માબાપની.

એક ક્લિપ આવી હતી ફરતી ફરતી, જેમાં બાપા ગુજરી ગયા હોય છે અને એમના અગ્નિસંસ્કારના વીડિયો પરદેશ બેઠેલા બે છોકરા જોતા હોય છે અને ત્યાં જ એમના કાકાનો ફોન આવે છે. બંને ભાઈઓ કોન્ફરન્સમાં એમના કાકા જોડે વાતો કરે છે.

દેશમાં બેઠેલા કાકા આગ્રહ કરે છે કે તમે બંને ઝટ આવી જાવ. તમારી મમ્મી માટે, પણ બંને દીકરા અંદર અંદર એવું નક્કી કરે છે કે પપ્પા વખતે મોટા તું જઈ આવ, મમ્મી 'વખતે' હું જઈશ..!!

દેશમાં બેઠેલી એમની મા ફોન ઉપર થતો એમનો આ સંવાદ સાંભળે છે અને પોકે પોકે

> ભલું થાજો ટિફિન કરીને ખવડાવનારી એ પારકી વહુ દીકરીઓનું કે જેમના લીધે ક્વોરન્ટાઇન એવા છત્તે છોકરે વાંઝિયા ડોસા-ડોસી બે ટંકના રોટલા ભેગાં તો થયાં..!!

રડે છે..!!!

શું કહેવું? એ ઘણી ખમ્મા ડૉલરિયા દેશની રાણીને અને જુગ જુગ જીવજો રાજકુમારો..!!!

આ પહેલાં પણ લખી ચૂક્યો છું અને આજે ફરી લખું છું, મારા વ્હાલા મિત્રો કે, જો તમારું સંતાન પરદેશ સ્થાયી થવા જતું હોય તો જવા દેજો, પણ વધારેમાં વધારે બે વર્ષ, પછી એની પાછળ પાછળ ઊડીને ત્યાં જતા રહેજો, એના માથે કે એની સાથે..!!

બાકી તો અહીંયાં તમને એકલા રહેતાં ફાવી જશે અને ત્યાં એને..!!

સ્વતંત્રતાનો ચસ્કો અહીંયાં દેશમાં તમને લાગી જશે અને ત્યાં એમને,

પછી થઈ રહ્યું..!

આમ પોકે પોકે રડવાનો કોઈ જ મતલબ નહીં રહે..!!

અન્ન જુદા એના મન જુદા..!!

ફક્ત ફાધર્સ ડે અને મધર્સ ડેના ફોન આવશે..!!

ભારત દેશમાં અત્યારે હજ્જારો છોકરા છોકરીઓ રાહ જોઈને બેઠાં છે, એમ્બેસીઓ ખૂલવાની કે પછી ફ્લાઈટો રેગ્યુલર થવાની, કોઈકના ગગાને કેનેડા જવું છે અને કોઈકની ગગીને અમેરિકા..!!

અને હા, આ કોવિડ કાળમાં ઘણુબધું 'સાફ' થઈ ગયું છે..!!

અને ત્રીજો વેવ આવશે તો ઘણા છત્તે છોકરે વાંઝિયા પહેલાં 'ઊડી' જશે..!! કરનાર કોઈ હશે તો ટકાશે, દવાખાને ખાટલાની પોઝિશન તો આપણે જોઈ લીધી છે..!!

કાળા વાદળાની રૂપેરી કોર... ભલું થાજો ટિફિન કરીને ખવડાવનારી એ પારકી વહુ દીકરીઓનું કે જેમના લીધે કોવિડ પોઝિટિવ હોમ ક્વોરન્ટાઈન એવા છત્તે છોકરે વાંઝિયા મૂઆ ડોસા-ડોસી બે ટંકના રોટલા ભેગાં તો થયાં..!!

અને બીજું ભલું થાજો પેલા 'રથો' લઈને ફરતા મેડિકલ સ્ટુડન્ટોનું કે જન ખભે બંદૂક મૂકીને નેતાગણ તમને 'ને મને ભાષણો ઠોકે છે, એ બાળકો એ આવા છત્તે છોકરે વાંઝિયાને દવાઓ પહોંચાડી..!!

ઘણુ લખાય તેમ છે, પણ મર્યાદા છે શબ્દોની અહીંયાં અટકું છું..!!

સબ કો સન્મતિ દે ભગવાન..!! ■

આ અઠવાડિયાની

દસ બેસ્ટ સેલર બુક્સ

"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર

આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર **૨૦% ડિસ્કાઉન્ટ** મેળવો

બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. • ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

શ્યામની મા	: માતૃપ્રેમની કારુણ્યભરી મહાકથા (અપડેટડ સેકન્ડ એડીશન ૨૦૨૧)	સાને ગુરુજીકૃત	₹ ૨૫૦.૦૦
મા	: રશિયન માંથી ગુજરાતીમાં અનુવાદ થયેલી નોવેલ (૨૦૨૧ એડીશન)	જયા ઠાકોર	₹ ૩૩૦.૦૦
આકાંક્ષાનો અંડરબ્રિજ	: ઈન્સપીરેશનલ નિબંધો	ડૉ. ચંદ્રકાન્ત મહેતા	₹ ૨૦૦.૦૦
આત્મવિશ્વાસનો ઓવરબ્રિજ	: ઈન્સપીરેશનલ નિબંધો	ડૉ. ચંદ્રકાન્ત મહેતા	₹ ૨૦૦.૦૦
કાઈઝન	: જાપાની પદ્ધતિ દ્વારા સફળતા મેળવવાની કળા	વિરલ વૈષ્ણવ	₹ ૧૭૫.૦૦
તડાફડી	: વિવિધ વિષયો પરનાં શ્રેષ્ઠ લેખોનું કલેકશન	કિન્નર આચાર્ય	₹ ૨૦૦.૦૦
પોસ્ટર	: શોર્ટ સ્ટોરીઝ કલેકશન	સંજય છેલ	₹ ૩૫૦.૦૦
બેબીલોનનો રીચીએસ્ટ મેન	: સંપત્તિને સતત વધારવાની શાશ્વત નીતિઓ	જ્યોર્જ એસ. ક્લેસન	₹ ૯૯.૦૦
ઉત્તર ધ્રુવની હરાજી અને કેર કરાજે	: ચિલ્ડ્રન ફિક્સન (સેટ ઓફ ૨ બુક્સ)	જૂલે વર્ન	₹ ૪૪૯.૦૦
પુરુષાર્થ પોતાનો	: પ્રસાદ પ્રભિનો : ડૉ.એચ.એલ.ત્રિવેદીની આત્મકથા (રજી એડીશન)	ડૉ. અરુણા વી. વણીકર	₹ ૩૦૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ ફોન નં. ૦૭૯-૨૬૫૮૭૯૩૦

પોકેટ બુક સેન્ટર : અમદાવાદ. ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

'એટેક' વાળાએ કેરીનો ભાવ ન પૂછવો

૨૦૨૦ના કોરોના કાળમાં તો કેરી કે કેરીનો રસ ખાવાની હિંમત જ થાય એવું ક્યાં હતું? એ વખતે તો જે મળે, એ બસ, ઉકાળો પીવાની જ વાત કરતું. મહેમાનોનું આવવાનું સ્વયંભૂપણે બંધ થઈ ગયું હતું અને મહેમાન બનીને કોઈને ત્યાં જવાનું મન તો ઘણુય થતું, પણ ઘરની બહાર જવાનીય શક્તિ હોવી જોઈએને? શારીરિક નહીં, માનસિક.

અરે, પડોશમાંથી કોઈ એકબીજાંનાં ઘરે જવાનું સાહસ કરતું, તો પેલાં યજમાન બહેન પાણીનું પૂછવાને બદલે સીધું એવું જ પૂછે : 'લ્યો, ઉકાળો પીશો?' આપણે સાભાર વિવેક બતાવતાં કહીએ કે - થેન્ક્યુ ભાભી, ઉકાળાનો છેલ્લો ઘૂંટડો લઈને જ આવ્યો છું, પણ અતિથિ દેવો ભવ:ની ભાવના એટલી પ્રબળ અને બળવત્તર થઈ ગઈ છે કે પેલાં બહેન આતિથ્ય ભાવનાને વશ થઈને એટલું તો ચોક્કસ કહે, 'તો પછી નાસ લો. નાસ તો લેવો જ પડશે.' પડોશમાંથી આવેલી વ્યક્તિ આ પ્રકારની આતિથ્યભાવનાથી ભીંજાઈને કહેશે, 'સારું ત્યારે તમારો આટલો આગ્રહ છે તો ચા સાથે થોડો નાસ્તો ચાલશે.'

અને એ યજમાન બહેન નાસ લેવાનું વેપોરાઇઝર લાવીને પેલી મહેમાન વ્યક્તિ સામે મૂકતાં આગ્રહ કરે : નાસ તો લેવો જ પડે ભાઈ, અમે દા'ડામાં બે-ચાર વાર નાસ તો લઈએ જ છીએ...

૨૦૨૧માં પ્રવેશેલા કોરોનાના સેકન્ડ વેવે તો એવી વલે કરી કે ૨૦૨૦ના ફર્સ્ટ વેવની દાદાગીરીય ભૂલાવી દીધી. હમણા હમણા સેકન્ડ વેવ શાંત પડવા લાગ્યો છે ત્યારે કેરી અને કેરીનો રસ યાદ આવે.

થોડા સમય પહેલાં આવી ગયેલા વાવાઝોડાને કારણે હોય કે ગમે તે કારણે હોય - આ વરસે કેરીનો ભાવ પણ ભાવ ખાવા માંડ્યો છે. જેમ કોરોનાનું માન જાળવવા ઉકાળા પીવા પડે એમ ઉનાળાનુંય માન જાળવવા કેરીનો રસ તો પીવો જ પડે ને! જોકે બધા રસોમાં કેરીનો રસ એવો છે જેના માટે પીવો શબ્દપ્રયોગ નથી થતો, પણ 'ખાવો' શબ્દપ્રયોગ થાય છે. વાતવાતમાં આપણે એવું જ બોલતાં હોઈએ છીએ કે 'આજે તો કેરીનો રસ ખાધો!' પણ એવું કોઈનાય મોડે સાંભળવા મળતું નથી કે 'આજે તો કેરીનો રસ પીધો!'

સરકારી ગાઇડ લાઇન મુજબ ઑફિસો ખૂલી ગઈ એટલે ઑફિસમાં આપણને હાજર થયેલા જોઈને બૉસને જેટલી હાશ ન થાય એટલી, અરે એનાથીય અધિક હાશ ઘરના બૉસને થાય કે હા...શ, ઘરમાં હવે શાંતિ જળવાશે, 'ને બપોરના નિરાંતે ઊંઘાશે.

સવાલ કેરીનો નથી, રસનો છે. 'આ' કેરી જ છે? એવો ડાઉટ એક પણ કેરીને જોતાં ન થાય, પણ 'આ' કેરીનો જ રસ છે? એવી શંકા ચોક્કસ થવાની. કેરીને હિન્દીમાં 'આમ' કહે છે. કેરીને ઓળખી શકાય, રસને નથી ઓળખી શકાતો, આમ આદમી અને રાજકારણીમાં આટલો ફેર.

લગ્ન પછીના શરૂ શરૂના સમયમાં ઑફિસેથી છુટીને વાઇફને ઇમ્પ્રેસ કરવા હું જુદાં જુદાં શાકભાજી અને જાતજાતનાં ફ્રૂટ્સ

ખરીદીને લઈ જતો. મારા હાથમાં થેલીઓ જોઈને વાઇફને આશ્ચર્ય નહોતું થતું, પણ મારી મમ્મીને ખૂબ આશ્ચર્ય થતું કે અરે... લગ્ન પછી આનામાં જબરૂ પરિવર્તન આવી ગયું!

જોકે મારાં મમ્મીનું એ આશ્ચર્ય અને વાઇફને થયેલા આનંદનો હર્ષભાવ લાંબો સમય ટક્યાં નહીં. થેલીમાંથી શાકભાજી અને ફ્રૂટ્સ કાઢતાં વાઇફ તાડૂકી : આમાં અડધો અડધ શાકભાજી તો સડેલાં છે... અને આ કેરીઓ... સાવ રવૈયાં જેવડી લાયા છે, આનો રસ કેવી રીતે નીકળે?

બસ, ત્યારથી ખરીદી અભિયાન બંધ. ક્યારેક અણઆવડત પણ અવસર બની જતી હોય છે! આમ છતાં વરસો પછી ગયા અઠવાડિયે કેરીપીઠામાં કેરીઓ ખરીદવા ગયો. પ્રત્યેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે, (એ સ્ત્રી જો એ પુરુષની પત્ની ન હોય તો) એમ પ્રત્યેક પતિની ખરીદી પાછળ એની એકની એક પત્નીનો હાથ હોય છે. વાઇફને મારી પસંદગી પર પૂરેપૂરો અવિશ્વાસ તેમ છતાં આ વખતે એણે મને કેરી ખરીદવાની ભલામણ કરી. 'ભલામણ' શબ્દ પ્રયોગ મેં એટલા માટે કર્યો કે દર વખતની જેમ એણે સહેજ પણ ધમકી કે ચેતવણી નહોતી આપી.

'ઑફિસેથી આવતાં પાંચેક કિલો કેરીઓ ન લેતા આવો?' આવું પ્રાર્થનાજનક પ્રશ્નાર્થ વાક્ય સાંભળી અંદરથી હું હલી ગયો, આનંદથી!

'શ્યોર... શ્યોર,' મેં સ્મિત કર્યું, 'પણ આમ પાંચ કિલો કેરી?'

'વધારે ઊંચકી શકાય તો વધારે લાવજો,' વાઇફે મારી આર્થિક શક્તિ નહીં, પણ શારીરિક શક્તિનો મને પરિચય કરાવતાં કહ્યું, 'પાંચ કિલો જ લાવજો ને... વળી ક્યાંક મણકો-બણકો કે ગાદી-બાદી ખસી જશે તો ઉપાધિ...'

કેરીપીઠામાં પેસતાં જ અવનવી કેરીઓની સુગંધ આવવા લાગી. વાહ! જાતજાતની કેરીઓ એક જ જગાએ, તો પણ એમની ભિન્ન ભિન્ન સુગંધ... સુગંધ પરથી સાચો કેરી-એક્સપર્ટ કહી દે કે આ કેસર કેરી છે, સુંદરી કેરી છે, આફૂસ કેરી છે, લંગડો છે, રાજાપુરી છે કે પછી... સાવ કેરી જ છે! હું વિચારવા લાગ્યો કે માણસોમાં પણ આવું અનુભવવા મળતું હોત તો કેવું સારું કે આ સુગંધ આવે છે એ સજ્જન છે, આ સુગંધ આવે છે એ અડધો સજ્જન છે અને આ સુગંધ... ઓહ, આ તો દુર્ગંધ છે... સડી ગયેલી કેરીઓની જેમ સમાજના ટોપલામાં આવા સડી ગયેલા માણસો પણ હોય છે,. પણ પેલી કેરીઓ ઓળખાઈ જાય, આવા માણસો નથી ઓળખાતા.

'સાહેબ ચક્કર આવે છે?' બાજુમાં જ કેરીઓનો ઢગલો કરીને બેઠેલા વેપારીએ મને વિચારવંત બની ગયેલો જોઈને પૂછ્યું, 'પાણી આપું?'

'ના ભ'ઈ', મેં સભાન થઈ જતાં કહ્યું, 'ચક્કર નથી આવતાં, આ તો જરા વિચારમાં પડી ગયો તો, કે...'

'બીજે બધે પડવું સારું સાહેબ, પણ વિચારમાં પડવું બહુ જ ખરાબ.' વેપારીએ કેરીઓને નેપ્કિન વડે લૂછતાં લૂછતાં કહ્યું, 'મને એમ કે સાહેબને ચક્કર કેમ આવ્યા? મેં એમને કેરીનો ભાવ તો કહ્યોય નથી!'

'શું વાત કરે છે?' મારાથી બોલાઈ ગયું, 'ચક્કર આવે એવો ભાવ છે?'

'હવે નહીં આવે.' વેપારીએ કહ્યું, 'એક વાર ગ્રાહકને આછો આછોય અણસાર આવી જાય પછી વાંધો નહીં.'

'મારે પાંચ કિલો કેરી લેવી છે,' મેં હૃદયને મજબૂત કરી અને લથડી જતા અવાજને સ્થિર કરીને કહ્યું, 'મારે ભાવ જાણવો નથી, પણ વાજબી કરજો... પાંચ કિલો લેવાની છે.'

'અરે સાહેબ, પાંચ કિલો લો, કે પચાસ કિલો... એક જ ભાવ. ફિક્સ રેટ.'

'એ જે હોય તે... મને જરા વાજબી કરી આપજો... એકવાર તો એટેક આવી ગયો છે.'

મારા હાર્ટની દયા ખાઈને ભાવ વાજબી કરી આપે, એટલે હું જુઠ્ઠું બોલ્યો.

'તોય કેરીઓ ખરીદવાનું જોખમ લીધું?'

'ભાઈ, વાઇફનું કહ્યું તો કરવું પડે ને... અમુક જોખમો કરતાં અમુક જોખમો સારાં હોય...'

'પણ ભાવ સાંભળીને, ધારો કે તમને કંઈ થઈ ગયું, તો?'

'તો... એ એમ મન મનાવી આશ્વાસન લે કે કંઈ વાંધો નહીં... આજે કેરીને બદલે સક્કરટેટીથી ચલાવી લઈશ.'

મારો જવાબ સાંભળીને વેપારી આભો બની મારી સામે દયાભાવે જોઈ રહ્યો.

'ભાઈ,' મેં એને ધ્યાનભંગ કરતાં કહ્યું, 'પાંચ કિલો જોખી દો ને?'

'જુઓ સાહેબ... હવે કેરીઓ વજન પર નહીં, નંગ પર વેચાય છે.'

'નંગ?!'

'હું કેરીની વાત કરું છું સાહેબ, આમ અકળાશો નહીં.'

'શો ભાવ છે નંગનો?'

'હમણા તો તમે ભાવ જાણવાની ના પાડી'તી... મને તો વાંધો નથી, પણ ભાવ સાંભળીને જો તમને કંઈ થઈ ગયું, તો... ના સાહેબ ના, મારે કોઈ ઉપાધિમાં પડવું નથી...'

'એક કામ કરો,' મેં ધીમેથી કહ્યું, 'એક ચબરખીમાં લખીને આપો... સાંભળવાથી જે ઘા લાગે, એ વાંચવાથી ન લાગે... કદાચ લાગે તોય સહન થઈ શકે...'

એણે એક ચબરખીમાં મને ડઝન કેરીનો ભાવ લખીને આપ્યો. મેં ધીરે... ધીરે... નજર ફેરવીને વાંચ્યું, ૨૪૦૦ રૂપિયે ડઝન...

'એક કેરીના ૨૦૦ રૂપિયા?' મને ખરેખર એટેક જેવું લાગવા માંડ્યું.

મારા ચહેરા પર પરસેવો અને અવાજમાં કંપન જોઈને વેપારીએ ગભરાતાં ગભરાતાં કહ્યું, 'હું નહોતો કે'તો...'

મને ઓટલા પર બેસી પડેલો જોઈને એ વધારે ગભરાયો, 'લો... પાણી પી લો, પરસેવો ઓછો થઈ જશે.'

'પરસેવો એમ ઓછો નહીં થાય ભ'ઈ, તું ભાવ ઓછો કર, તો મારો પરસેવો આપોઆપ ઓછો થઈ જશે.' - આવું મારે એને કહેવું'તું, પણ હું કહી ન શક્યો, કારણ કે મને તરસ લાગી 'તી અને હજી પાણી પીવાનું બાકી હતું.

'ઠીક ત્યારે,' પાણી ગટગટાવી ખાલી ગ્લાસ પાછો આપતાં મેં વેપારીને કહ્યું, 'આના કરતાં તો કેરીનો રસ સારો...'

'સારો... ખૂબ સારો,' વેપારી દાઢમાં બોલ્યો, 'જોકે એ રસ ખરેખર કેરીનો જ રસ હોય તો...'

છેવટે હું કેરી લીધા વિના જ ઘરે પાછો ફર્યો. ■

વાઇફે મારી આર્થિક શક્તિ નહીં, પણ શારીરિક શક્તિનો મને પરિચય કરાવતાં કહ્યું, 'પાંચ કિલો જ લાવજો ને... વળી ક્યાંક મણકો બણકો કે ગાદી-બાદી ખસી જશે તો ઉપાધિ...'

બાળકોના **માનસિક સ્વાસ્થ્યને મજબૂત** બનાવો

લોકોને કોરોના મહામારીના સંકટમાંથી થોડી રાહત મળી છે. હવે ઓલમોસ્ટ મોટા ભાગના નિયમો હળવા થઈ ગયા છે. રોજિંદી ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે, પણ બાળકો માટે ગઇકાલે જે માહોલ હતો આજે પણ એ જ છે. પરિણામે બાળકોને જેટલી અસર શારીરિક થઈ છે એનાથી અનેકગણી માનસિક અસર થઈ છે, પણ શારીરિક અસર આપણે સૌ જોઈ શકીએ છીએ, જ્યારે માનસિક અસર કળવી મુશ્કેલ છે. તે અનુભવવી જરૂરી છે. તેથી જ બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું જરૂરી બની જાય છે.

હેતલ ભટ્ટ

કોરોના કાળ દરમિયાન સૌથી કપરી સ્થિતિ જો કોઈની હોય તો તે બાળકોની હતી. બાળમાનસ દુનિયામાં કે આસપાસના વાતાવરણમાં શું ચાલી રહ્યું છે તે સમજી શકવા અસમર્થ હતું. પરિણામે તેઓ લાંબો સમય સુધી ઘરમાં જ રહેવાને કારણે પરેશાન થઈ ગયા. તેમના માટે આજની તારીખે પણ સ્થિતિમાં કોઈ ઝાઝો ફેર નથી આવ્યો. ઉપરાંત કોરોનાની સંભવિત ત્રીજી લહેરને લઈને પણ માતા-પિતા, વાલીઓ બાળકોના સ્વાસ્થ્યને લઈને ચિંતામાં છે. જેને પરિણામે બાળકોને હજુ પણ થોડા મહિનાઓ સુધી હાલમાં જે પરિસ્થિતિ છે તેની સાથે તાલમેલ સાધતા રહેવું પડશે. જે પરિસ્થિતિ નિષ્પન્ન થઈ છે તેને કારણે બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ ઊંડી અસર થઈ છે. તેથી જ બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું જરૂરી બની જાય છે. બાળકોને શારીરિક રીતે સ્વસ્થ રાખવાની સાથે માનસિક રીતે સ્વસ્થ અને પ્રફુલ્લિત રાખવા આજના સમયની જરૂરિયાત બની છે.

સૂર્યની હાજરી બનાવશે ઊર્જાવંત

સવારનો કૂણો અને હૂંફાળો તડકો તમારા મનને પ્રસન્ન બનાવવાનું કામ કરશે. બાળકોને લઈને સવારના હૂંફાળા તડકાનો આનંદ માણો. ચાર દીવાલોની બહાર એટલે કે ગેલરી, ઓસરી, છત, ઘરના બગીચામાં બાળકોને લઈને સમય વીતાવો. ખુશનુમા વાતાવરણ, હરિયાળી, આકાશ દર્શન બાળકોને મોકળાશ, તાજગીનો અનુભવ કરાવશે. ઊંઘવાનો સમય

નક્કી રાખો, એવી જ રીતે ઊઠવાનો સમય પણ નિશ્ચિત રાખો. શક્ય હોય તો વહેલી સવારે ઊઠવાનું રાખો. સવારનું આહ્લાદક વાતાવરણ, પંખીઓનો કલરવ, પ્રદૂષણમુક્ત હવા બાળકોમાં રોજ નવી ઊર્જાનો સંચાર કરશે. બાળકોને ફિઝિકલ એક્ટિવિટીનો મોકો નથી મળી રહ્યો. એટલે તેઓ થાક પણ નથી અનુભવતા. હા, પણ માનસિક થાક અનુભવે છે. આ માનસિક થાક એ તાણનો જ એક પ્રકાર છે. તેને કારણે માતા-પિતા જ નહીં, બાળકોમાં પણ અનિદ્રાનું પ્રમાણ જોવા મળે છે. આ પરિસ્થિતિ નિવારવા માટે રોજ રાત્રે હળવું સંગીત સાંભળો, બાળકોને એમનાં ગમતાં ગીતો સંભળાવો, વાર્તા સંભળાવવાની રાખો. બાળકો હળવા મન સાથે નીંદરનો આનંદ માણે તેવા પ્રયત્નો કરો.

વ્યાયામ અને આહાર

શાળાએ જવાનું નથી થતું, મિત્રોને મળવાનું નથી થતું પરિણામે બાળકો જોઈએ એવી રમત-ગમત કે ખેલકૂદમાં શારીરિક શ્રમ નથી કરી શકતાં. આવા સમયે ઘરમાં જ તેમને વ્યાયામ કરાવવો જરૂરી બની જાય છે. સંશોધનોના આધારે સાબિત થયું છે કે વ્યાયામ કરવાથી મગજમાંથી એવા હોર્મોન રિલીઝ થાય છે, જે વ્યક્તિના શારીરિક સ્વાસ્થ્યમાં તો સુધારો કરે જ છે, પણ સાથે માનસિક સ્વાસ્થ્યને પણ મજબૂત કરે છે. એક વર્ષથી પાંચ વર્ષ સુધીનાં બાળકોને તેમની ઉંમર પ્રમાણે ટેકનિક દ્વારા વ્યાયામ કરાવો. વ્યાયામ કરાવવો એટલે માત્ર કસરત કરાવવી એમ નહીં. તેમને કોઈ પણ પ્રકારે શારીરિક રીતે સક્રિય રાખો. પાંચ વર્ષથી મોટી ઉંમરનાં બાળકો કસરતને સમજી શકશે, તેથી માતા-પિતા તેમને પોતાની સાથે રાખીને કસરત કરાવે. તેના કારણે બાળકોનું ઇમ્યુનિટી તો વધશે, તેઓ શારીરિક રીતે સક્રિયતા અનુભવશે. બાળકો સાથે એવી રમતો રમો



જેમાં વસ્તુઓની એકબીજાના હાથમાં આપલે ન કરવાની હોય. વ્યાયામ ઉપરાંત આહાર ઉપર પણ ધ્યાન આપો. જંકફૂડ ખાવાથી બચો અને બાળકોને પણ જંકફૂડ-ફાસ્ટફૂડ આપવાનું ટાળો. ઘરમાં હેલ્થી ફૂડ બનાવીને આપો. તેને હેલ્થ સાથે ટેસ્ટની પણ મજા આવે એ પ્રકારે ફૂડ બનાવીને આપો. હવે ચોમાસાની ઋતુ છે. આ ઋતુમાં બાળકોમાં ફ્લુ અને પાચનતંત્રને લગતી બીમારીઓ મહત્તમ પ્રમાણમાં જોવા મળતી હોય છે. તેથી બાળકોને પ્રોટીનની સાથે વિટામિન સી સભર ફૂડ અને ડ્રિન્ક આપો. બાળકોને લીંબુ શરબત પીવાની આદત પાડો.

મદદની ભાવના જગાવો

બાળકોમાં મદદની ભાવના જગાવો. ઘરમાં વડીલોની મદદ કરતા શીખવો. આમ કરવાથી બાળકોમાં મદદની ભાવના અને આભારની લાગણી વિકસશે. મદદ અને આભાર માનવીય મૂલ્યોનો પાયો છે. અન્યોના સકારાત્મક અભિગમ વિશે બાળકો સાથે વિચાર વહેંચો.

વાતચીતનો તંતુ સાધો

બાળકો સાથે કામ વિના અને કામ વગરની વાતો કરવાનું પણ રાખો. હળવી વાતો, હળવી રમૂજ બાળકના મનને તાજગી આપે છે. આપણે જે રીતે વીડિયો કૉલિંગ કે વોઇસ કૉલિંગના માધ્યમથી મિત્રો-સંબંધીઓ અને સ્નેહીજનો સાથે જોડાયેલા રહીએ છીએ, એવી જ રીતે બાળકોને પણ તેમના મિત્રો સાથે જોડાઈ રહેવામાં મદદ કરો. તેમને પણ વીડિયો કૉલિંગના માધ્યમથી મિત્રો સાથે વાતો કરાવો. સારા શ્રોતા પણ બનો.

સ્ક્રીન સમય સીમિત કરો

ટીવી અને મોબાઇલ ફોન પર સમય ગાળવાને બદલે બાળકો સાથે સમય ગાળો. આમેય આપણે જોઈએ છીએ કે બાળકો બિનજરૂરી રીતે મોબાઇલના બંધાણી બની રહ્યા છે. બાળકો માતા-પિતા અથવા પરિવારના સભ્યોનું જ અનુકરણ કરતા હોય છે. જ્યારે માતા-પિતાના હાથમાં તેઓ સતત મોબાઇલ જુએ છે ત્યારે તેઓ એમ સમજે છે કે વ્યક્તિ કરતાં મોબાઇલ મહત્ત્વનો છે. તેથી તેઓ પણ મોબાઇલના આદિ બની જાય છે. સમય જતાં શારીરિક અને માનસિક બીમારીઓનો ભોગ બને છે. તેથી માતાપિતાની જવાબદારી છે કે તેઓ મોબાઇલ કરતાં બાળકને પ્રાથમિકતા આપે. તેમની સાથે ગીતો ગાઓ, ડાન્સ કરો.

સારી આદતનું ડિસ્કશન કરો

હંમેશાં બાળકોને રોકટોક કરવી જરૂરી નથી. બાળકોને નિશ્ચિત સમય માટે મોબાઇલ પર કાર્ટૂન, રાઇમ્સ, વીડિયો, સ્ટોરી જોવાની છૂટ આપો. ત્યાર બાદ તેમણે જે વીડિયો જોયા છે તેમાં શું બન્યું અને એ વીડિયોમાંથી તેમણે શું સમજ મેળવી તેની ચર્ચા કરો. આ રીતની ચર્ચાથી બાળકમાં વૈચારિક શક્તિ, ચર્ચાના મહત્ત્વ અને ક્ષમતાનો વિકાસ થશે. જો તેમણે વીડિયોમાંથી ખોટી સમજ મેળવી હશે તો માતાપિતા તેમને સાચી સમજ પણ આપી શકશે.

બાળઉછેર હંમેશાંથી ચેલેન્જિંગ ટાસ્ક રહ્યો છે, પણ પહેલાના સમયની અને અત્યારની પરિસ્થિતિમાં ઘણુ પરિવર્તન આવી ગયું છે. આ પરિવર્તન સાથે માતાપિતાએ પોતાની પેરેન્ટિંગ સ્કિલમાં પણ પરિવર્તન લાવવું જરૂરી બની ગયું છે. પરિવર્તન લાવો, પેરેન્ટિંગ સ્કિલ વિકસાવો અને બાળકોને માનસિક રીતે સ્વસ્થ બનાવો. ■

શાળાએ જવાનું નથી થતું, મિત્રોને મળવાનું નથી થતું પરિણામે બાળકો જોઈએ એવી રમત-ગમત કે ખેલકૂદમાં શારીરિક શ્રમ નથી કરી શકતાં

જૂઠ બોલે, કૌઆ કાટે

વર્ષ ૨૦૦૦ની આ સત્ય ઘટના છે.

વિદ્યા કુલકર્ણી ૨૪ વર્ષની તેજસ્વી કોમ્પ્યુટર નિષ્ણાત યુવતી. અમેરિકામાં કોમ્પ્યુટર પ્રોફેશનલોની ઊભી થયેલ માગનો લાભ લઈ ત્યાં એચ-૧બી વિઝા ઉપર સર્વિસ કરવા જવા ઇચ્છતી હતી, પણ એ ગ્રેજ્યુએટ નહોતી.

વિદ્યા બાપટ પણ ૨૪ વર્ષની જ યુવતી હતી. એ ગ્રેજ્યુએટ હતી.

આ બેઉ યુવતીઓ ગાઢ મૈત્રિણીઓ હતી. કુલકર્ણીએ બાપટનાં ડિગ્રી સર્ટિફિકેટો, માર્કશીટ, બર્થ સર્ટિફિકેટ આ બધું તફડાવીને એક અમેરિકન કંપનીમાં નોકરી મેળવી. એ કંપનીએ કુલકર્ણીના લાભ માટે એચ-૧બી વિઝાની પિટિશન દાખલ કરી. એ એપ્રૂવ્ડ થઈ અને કુલકર્ણી બાપટ બનીને અમેરિકા નોકરી કરવા ચાલી ગઈ. એણે ઉત્તરોઉત્તર પ્રગતિ કરી. હોશિયારી અને આવડતના કારણે એણે થોડા સમયમાં જ એક બીજી કંપનીમાં પ્રેસિડન્ટનો હોદ્દો મેળવ્યો. આ દરમિયાન એના લાભ માટે દાખલ કરવામાં આવેલ ગ્રીનકાર્ડની પિટિશન એપ્રૂવ્ડ થઈ. વિદ્યા કુલકર્ણી જે વિદ્યા બાપટ બની ગઈ હતી એણે ગ્રીનકાર્ડ મેળવ્યું. પછી એણે અમેરિકન જોડે લગ્ન કર્યાં. પોતે પણ અમેરિકન સિટીઝન બની. એક દીકરી અને એક દીકરો આમ બે સંતાનોને એણે અમેરિકામાં જન્મ આપ્યાં. વાર્ષિક ત્રણ લાખ ડૉલરનો પગાર મેળવતી કુલકર્ણીમાંથી બાપટ બનેલી વિદ્યાએ અમેરિકામાં ખૂબ જ પ્રગતિ કરી. એનો અમેરિકન હસબન્ડ પણ ખૂબ જ હોશિયાર અને એક બીજી કંપનીનો પ્રેસિડન્ટ હતો. વિદ્યાનો સંસાર ખૂબ જ સમૃદ્ધ અને સુખી હતો.

મુંબઈમાં રહેતી વિદ્યાની વિધવા મા માંદગીમાં પટકાઈ. માની ખબર કાઢવા, એની કાળજી લેવા અને હવે વૃદ્ધત્વને આરે પહોંચેલ મા જોડે થોડો સમય વીતાવવા બાપટ બનેલી વિદ્યા કુલકર્ણી એક વર્ષની રજા લઈને મુંબઈ આવી.

થોડો સમય માની પાસે રહ્યા બાદ વિદ્યાને કંટાળો આવવા લાગ્યો. એણે વિચાર આવ્યો કે ઇન્ડિયામાં જ કોઈ કંપનીમાં બે-ચાર કલાક કન્સલ્ટેશનનું કામ કરું. એણે મુંબઈમાં આવેલ એક મલ્ટિનેશનલ કંપનીમાં અરજી કરી. અરજીની સાથે એણે પોતાના એટલે કે બહેનપણીના ચોરી કરેલાં સર્ટિફિકેટો પણ મોકલાવ્યાં. એ કંપનીનો એચઆર મેનેજર હકીકતમાં જે વિદ્યા બાપટ હતી એનો પતિ હતો. એણે જોયું કે અરજી કરનાર વ્યક્તિનું નામ વિદ્યા બાપટ હતું. એણે સાથે મોકલાવેલાં બધાં જ સર્ટિફિકેટો જોયાં અને તપાસ્યાં. એને ખાતરી થઈ કે એ બધાં જ સર્ટિફિકેટો એની પત્નીનાં છે.

એણે એની પત્નીને એ બધાં સર્ટિફિકેટો દેખાડ્યા. એ નવાઈ પામી ગઈ. 'અરે! આ તો મારા વર્ષો પહેલાં ખોવાઈ ગયેલાં સર્ટિફિકેટો છે. તમને એ ક્યાંથી જડ્યાં?' પતિએ એને સઘળી વાત કરી. વિદ્યા બાપટને ખાતરી થઈ કે એની બહેનપણી વિદ્યા કુલકર્ણીએ જ એનાં સર્ટિફિકેટો ચોર્યા હતાં.

બીજા દિવસે એ એની બહેનપણીને મળવા ગઈ. બેઉ વર્ષો બાદ મળ્યાં હતાં એટલે એકબીજાને ભેટ્યાં. ખબરઅંતર પૂછ્યાં. પછી વિદ્યા બાપટે એની બહેનપણી વિદ્યા કુલકર્ણીને પૂછ્યું કે, 'એણે એનાં સર્ટિફિકેટો ચોર્યા અને વાપર્યા છે?' પહેલા વિદ્યા કુલકર્ણીએ ના પાડી. પછી એને વિચાર આવ્યો કે આ વાતને વર્ષો વીતી ગયા છે. હું હવે અમેરિકન સિટીઝન બની ચૂકી છું. મને કશો વાંધો આવે એમ નથી. આમ વિચારીને એણે બહેનપણી પાસે કબૂલ કર્યું કે, 'હા, મેં તારા સર્ટિફિકેટો એચ-૧બી વિઝા મેળવવા માટે લીધાં હતાં.' વિદ્યા બાપટે એને કહ્યું, 'આપણે કેટલા સારા મિત્રો છીએ. મારા સર્ટિફિકેટો ચોરવાને બદલે તેં જો મારી પાસે માંગ્યા હોત તો હું તને એ રાજીખુશીથી આપત. તેં આવું ખોટું શા માટે કર્યું?'

વિદ્યા બાપટના હસબન્ડને જ્યારે જાણ થઈ કે એની પત્નીનાં સર્ટિફિકેટો એની બહેનપણીએ ચોર્યા હતાં અને પછી એની પત્નીના નામથી જ એણે એચ-૧બી વિઝા મેળવ્યા હતા, ગ્રીનકાર્ડ અને પછીથી સિટીઝનશિપ પણ એની પત્નીના નામથી જ એણે મેળવ્યું હતું એટલે એણે વિદ્યા બાપટ બની બેઠેલી વિદ્યા કુલકર્ણીને કહ્યું, 'મારી પત્નીનાં સર્ટિફિકેટો થકી તું અમેરિકન સિટીઝન બની છે. તારે એની કિંમત ચૂકવવી જોઈએ.' એણે રૂપિયા પચીસ લાખની માગણી કરી.

'આવી માગણી કરતા શરમ નથી આવતી?'

'તારી બહેનપણીનાં સર્ટિફિકેટો ચોરીને એનું નામ વાપરતાં તને શરમ નહોતી આવી?'

'આ વાત હવે ભૂતકાળ છે. હું અમેરિકન સિટીઝન છું. તું મારું કંઈ પણ બગાડી શકે એમ નથી. પચીસ લાખ તો શું પચીસ રૂપિયા પણ હું તને નહીં આપું.'

વિદ્યા બાપટના વરે વિદ્યા કુલકર્ણીની છેતરપિંડીની જાણ અમેરિકન કોન્સ્યુલેટને કરી. કોન્સ્યુલેટે એ ફરિયાદ ઉપર તપાસ કરી. એમને જણાયું કે એ ફરિયાદ સાચી હતી. કોન્સ્યુલેટે વિદ્યા બાપટ બની ચૂકેલ વિદ્યા કુલકર્ણીનો અમેરિકન પાસપોર્ટ કેન્સલ કર્યો. એને જણાવ્યું કે, 'તારે જો અમેરિકા પાછા જવું હોય તો અમે તને ટ્રાવેલ ડોક્યુમેન્ટ આપીશું. જેનાથી તું મુંબઈથી સીધી સેન ફ્રાન્સિકો જ્યાં તું રહે છે ત્યાં જઈ શકશે. બીજે કશે તું અમેરિકન સિટીઝન તરીકે ટ્રાવેલ કરી નહીં શકે.'

બાપટ બનેલી કુલકર્ણી એ ટ્રાવેલ સર્ટિફિકેટ લઈને જ્યારે સેન ફ્રાન્સિકો ગઈ ત્યારે એરપોર્ટ ઉપર જ એની ધરપકડ કરવામાં આવી. એની સામે છેતરપિંડી વાપરીને અમેરિકામાં પ્રવેશવાનો, ગ્રીનકાર્ડ મેળવવાનો અને સિટીઝન બનવાનો ગુનો નોંધવામાં આવ્યો. કોર્ટે એની અમેરિકન સિટીઝનશિપ પાછી ખેંચી લીધી. એક લાખ ડૉલરનો દંડ કર્યો. એક વર્ષની જેલની સજા કરી. સજા પૂરી થતાં એને ઇન્ડિયા ડિપોર્ટ કરવાનો હુકમ કર્યો.

બાપટ બનેલી કુલકર્ણીના અમેરિકન હસબન્ડે એની પત્નીથી છૂટાછેડા લઈ લીધા. એનાં બેઉ બાળકોએ મા જોડે રહેવાની ના પાડી. ઇન્ડિયા પાછી આવ્યાં બાદ વિદ્યાને કોઈ પણ કંપનીએ પોતાને ત્યાં નોકરી ન આપી.

હવે બાપટ બનેલી વિદ્યા કુલકર્ણી પોશ પોશ આંસુએ રડે છે. એને હિન્દીની પ્રચલિત કહેવત વારંવાર યાદ આવે છે.

'જૂઠ બોલે કૌઆ કાટે' ■

મરિન એન્જિનિયરઃ સારા હોદ્દા સાથે ઉચ્ચ કારકિર્દી

સમગ્ર વિશ્વમાં ઉદ્યોગ-ધંધાના વિકાસ અને વિસ્તાર માટે દરિયાઇ માર્ગ મહત્ત્વનો છે. એટલે જ દુનિયાના જુદા જુદા દેશો દરિયાઇ માર્ગનો ઉપયોગ કરીને જુદા જુદા ઠેકાણે પોતાનો સામાન પહોંચાડે છે. વ્યવસાય ઉપરાંત દેશોની દરિયાઇ સીમા, વિવિધ સી-ઇન્ડસ્ટ્રીઝને ધમધમતા રાખવામાં મરિન (દરિયાઈ) એન્જિનિયર દ્વારા બનાવવામાં આવેલાં અદ્યતન જહાજો, બંદર અને અનેક તકનીકી સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે મરીન એન્જિનિયરની બોલબાલા રહે છે. મરીન એન્જિનિયર વિજ્ઞાનના સિદ્ધાંતોનો ઉપયોગ કરી બાંધકામથી લઈને પાણી સંબંધિત સાધનો અને સંસાધનોના સંચાલન સહિતનું કાર્ય કરે છે. ઉપરાંત તેમને સમુદ્રના વાતાવરણને અનુરૂપ થઈ શકે તેવાં જહાજો, બંદરો, પાવર પ્લાન્ટ, દરિયામાંથી તેલ નિકાળી શકે તેવાં સાધનો જેવા માળખાને બનાવવવાનું અને સંચાલન કરવાની જવાબદારી સોંપવામાં આવે છે.

પ્રવેશ પ્રક્રિયા : મરિન એન્જિનિયર તરીકે કારકિર્દી બનાવવા ઇચ્છતા યુવાનોએ માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી મરિન એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરવી જરૂરી છે. દેશમાં ઘણીબધી સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા મરિન એન્જિનિયરનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. ૬૦ ટકા સાથે ધોરણ ૧૨ સાયન્સ પાસ કર્યું હોય એવા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે. વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂ અને સાઇકોમેટ્રિક ટેસ્ટ પછી જ પ્રવેશ આપવામાં આવે છે. ઉપરાંત તબીબી તપાસ પણ ફરજિયાત રીતે કરાવવી પડે છે.

જવાબદારી : મરિન એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ મિકેનિકલ એન્જિનિયરિંગ જેવો જ છે. મરિન એન્જિનિયરિંગમાં પસંદ થયેલા વિદ્યાર્થીઓને દરેક પ્રકારના શિપ એન્જિનો અને તેના એક્સેસરિઝ બનાવવા અને સંચાલિત કરવાનું શીખવાડવામાં આવે છે. પ્રશિક્ષિત પ્રોફેશનલ્સ એન્જિનિયરિંગ કેડેટના હોદ્દા પર જોબ શરૂ કરે છે, આગળ જતા તે અનુભવ અને ક્ષમતાના આધારે ચીફ એન્જિનિયરના પદ પર જોબ કરી શકે છે. પ્રોફેશનલ્સને જોબના આધારે પ્રાપ્ત થયેલું લાઇસન્સ આગળ વધવામાં હેલ્પફુલ બને છે. લાઇસન્સનું લેવલ વધે છે તેમ પ્રોફેશનલ્સની જવાબદારીમાં પણ વધારો થાય છે. ચીફ એન્જિનિયર બનવા માટે પ્રોફેશનલ્સે સતત અભ્યાસ કરવો જરૂરી છે. સર્વેયર બનવા માટે પણ પ્રોફેશનલ્સે સખ્ખત મહેનત કરવી પડે છે.

વિકલ્પ : મરિન એન્જિનિયર માટે નેવલ આર્કિટેક્ટ સહિત અનેક તક ઉપલબ્ધ છે. આ ફિલ્ડમાં સાઇટ મેનેજર, શિપ બિલ્ડર, મેટલ વર્કર અને કાર્બન ફાઇબર ટેક્નિશિયન જેવા વિકલ્પ છે. વર્તમાન સમયમાં મરિન એન્જિનિયરની માગ વધી રહી છે. પારંપરિક કામ જેવા કે શિપ ડિઝાઇન અને ઊર્જા ક્ષેત્રમાં પણ પ્રોફેશનલ્સની ડિમાન્ડ રહેલી છે. હવે એવા ઉપકરણો અને મશીનોના નિર્માણને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, જે પર્યાવરણ માટે નુકસાનકારક ના હોય. આજના મરિન એન્જિનિયર એવા મરિન મશીનની ડિઝાઇન કરવાની તૈયારી કરી રહ્યા છે, જે દરિયાકાંઠે તેલનું સંશોધન કરી રહેલી કંપનીઓને મદદરૂપ બની શકે. આ પ્રોફેશનલ્સને મેનેજમેન્ટ લેવલના પદની જવાબદારી નિભાવવાની તક પણ મળી રહે છે. કેટલાક મરિન એન્જિનિયર સેલ્સમાં પણ કાર્ય કરે છે.

મુખ્ય કોર્સ

- બીટેક ઇન મરિન એન્જિનિયરિંગ
- બીટેક ઇન નેવલ આર્કિટેક્ટ એન્ડ ઓશન એન્જિનિયરિંગ
- ડિપ્લોમા ઇન મરિન એન્જિનિયરિંગ
- નેવલ આર્કિટેક્ટ (આ વિષયનો અભ્યાસ માસ્ટર લેવલે વિસ્તારથી કરાવવામાં આવે છે)

યોગ્ય ક્ષમતા : જે યુવાનો આ ફિલ્ડમાં કરિયર બનાવવા ઇચ્છતા હોય તેમને દરેક પ્રકારનાં મશીનોની જાણકારી હોવી જરૂરી છે. દરિયામાં દરેક પ્રકારની પરિસ્થિતિ વચ્ચે કામ કરવાની ક્ષમતા પણ હોવી જોઈએ. સમુદ્રમાં કામ કરવાનું હોવાથી મહિનાઓ સુધી પરિવારથી દૂર રહેવું પડે છે, સતત ઊભા રહીને કામ કરવાની કુનેહ અને તમામ પ્રકારની જવાબદારી નિભાવી શકવાની આવડત તમને સારા મરિન એન્જિનિયર બનાવી શકે છે.

પગાર ધોરણ : અનુભવના આધારે તમે સારી કમાણી કરી શકો છો. ■

- હેતલ રાવ
hetalrao@sambhaav.com

હું ન્યૂકમર છું : મીનાક્ષી શેષાદ્રી

બોલિવૂડમાં વીતેલા જમાનાની ટૉપ અભિનેત્રીઓનું નામ આવે એટલે તેમાં મીનાક્ષી શેષાદ્રીના નામનો સમાવેશ કરવો જ રહ્યો. જેમણે પોતાનાં અભિનય, ડાન્સ અને આગવી અદાથી લોકોનાં દિલ પર રાજ કર્યું છે. આજે પણ તેમનું નામ આવે એટલે હીરો, શહેનશાહ, નાચે નાગીન ગલી ગલી, ઘાતક, ઘાયલ, જુર્મ, દામિની, સ્વાતિ, ઘરાના, મેરી જંગ, સત્યમેવ જયતે જેવી અનેક ફિલ્મો નજર સમક્ષ તરવરી ઊઠે.

મીનાક્ષી શેષાદ્રીની કારકિર્દી ટોચ પર હતી ત્યારે તેઓ ૧૯૯૫માં લગ્ન કરી અમેરિકામાં ઠરીઠામ થઈ ગયાં હતાં. લગ્ન પછી પણ તેમને ઘણી સારી ફિલ્મોની ઑફર મળી હતી, પરંતુ તેમને પરિવારને પ્રાધાન્ય આપ્યું અને ત્યાં જ સેટ થઈ ગયાં. લગ્ન પછી પણ ફિલ્મો પ્રત્યેનો પ્રેમ યથાવત્ હતો, પરંતુ અમેરિકા અને ભારત બંને જગ્યાએ મેનેજ કરવું શક્ય ન હોવાના કારણે બોલિવૂડને અલવિદા કહી.

એક ઇન્ટરવ્યૂ દરમિયાન મીનાક્ષીએ કહ્યું કે, હવે જ્યારે તેમનાં સંતાનો મોટા થઈ ગયા છે ત્યારે હું ફરી કમબેક કરવા ઇચ્છું છું. આ વિશે જ્યારે મેં ફિલ્મ મેકર્સને વાત કરી તો તેમણે પણ ઉત્સાહ સાથે કહ્યું, તમે કમબૅક કરો તો ચોક્કસથી એવા રોલ છે જે તમારા અભિનય માટે જ બન્યા છે.

પોતાના સમયની અન્ય અભિનેત્રીઓ વિશે તેમણે કહ્યું હતું કે, હું નથી જાણતી કે તેમની પ્રોફેશનલ લાઇફ કેવી છે, પણ હા, હું મારા વિશે જાણુ છું. અત્યારે હું એક ન્યૂકમર છું. લાંબા સમય પછી કામ શરૂ કરી રહી છું. મને કેવા રોલ મળશે અને હું તેનો સ્વીકાર કરી શકીશ કે કેમ એ બધું આવનારા ભવિષ્ય પર ટકેલું છે. મીનાક્ષી શેષાદ્રી ભલે માને કે તેમનું કામ ભવિષ્ય નક્કી કરશે. મીનાક્ષી શેષાદ્રીના ચાહકો તેમની રી-એન્ટ્રી ની રાહ જોઈ રહ્યા છે. ■

રક્ષાબંધન ફિલ્મનું શૂટિંગ શરૂ, દિવાળી પર થશે રિલીઝ

બોલિવૂડમાં સૌથી વધુ આવક કરનારા અભિનેતામાં અક્ષયકુમારે ગત રક્ષાબંધને પોતાની બહેન અલકા હીરાનંદાનીને જે ફિલ્મ ભેટમાં આપી હતી, તેનું શૂટિંગ મુંબઈમાં શરૂ થઈ ગયું છે. ફિલ્મનું નામ રક્ષાબંધન છે જે ભાઈ-બહેનોના અતૂટ પ્રેમના સંબંધને રજૂ કરશે. તેના નિર્દેશક આનંદ એલ રાય છે. ૨૦૨૦ની રક્ષાબંધને તેને પોતાની બહેનને આ ફિલ્મ ભાઈબીજ પર રજૂ કરવાનું વચન આપ્યું છે. કોરોનાના કારણે શૂટિંગ મોડું શરૂ થયું છે, પરંતુ જો બધું બરાબર રહેશે તો અક્ષયના કહ્યા પ્રમાણે ફિલ્મ રિલીઝની ડેટ ડીલે નહીં થાય. અક્ષય કુમારે પોતાના ટ્વિટર એકાઉન્ટમાં ફિલ્મ વિશે લખ્યું છે કે આ ફિલ્મની સ્ટોરી હૃદય સ્પર્શી છે. માટે મેં કશું જ વિચાર્યા વગર ફિલ્મ સાઇન કરી લીધી. રક્ષાબંધન ફિલ્મને મારી બહેન અલકા અને વિશ્વના સૌથી પ્રેમ ભરેલાં ભાઈ-બહેનના સંબંધને સમર્પિત કરું છું. ફિલ્મના પોસ્ટરમાં અક્ષય કુમાર તેની બહેનો સાથે છે અને તેના નીચે લખેલું છે, બસ બહેને દેતી હૈ ૧૦૦ પ્રતિસત રિટર્ન. અક્ષયની બહેનોના રોલમાં સાહેજમીન કૌર, દીપિકા ખન્ના, સાદિયા ખતીબ અને સ્મૃતિ શ્રીકાંત જોવા મળશે.

ઉલ્લેખનીય છે કે અક્ષય કુમાર પોતાની બહેનની સૌથી વધુ નજીક છે અને ઘણી વખત તેણે ઇન્ટરવ્યૂમાં પોતાની બહેન સાથેના કિસ્સા પણ શેઅર કર્યા છે. ત્યારે તેના ચાહકો માટે આ ફિલ્મ દિવાળીની ગિફ્ટ સાબિત થાય છે કે કેમ તે જોવું રહ્યું. ■

તમારું વીક કેવું જશે?

૨૬ જૂનથી ૦૨ જુલાઈ ૨૦૨૧

મેષ (અ,લ,ઈ): આ સપ્તાહે તમને કોઈ સ્થાવર સંપત્તિ પ્રાપ્ત થઈ શકે છે. તમે કોઈ વાહનની ખરીદી પણ કરી શકો છો. આવકમાં વધારો થશે. કેટલાક નવા બિઝનેસ પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે.

તુલા (ર,ત): આ સપ્તાહે ઘરમાં કોઈ વડીલનું આરોગ્ય તમારું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કરશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે તમારા સામીપ્યમાં વધારો થઈ શકે છે. પ્રણય જીવનમાં ખુશનુમા પળો વ્યતીત કરવા મળશે.

વૃષભ (બ,વ,ઉ): ઘણી નવી યોજનાઓ આ સપ્તાહે તમારી મહેનત અને તમારી સમજદારીની રાહ જોઈ રહી છે. સફળતા તમારા કદમ ચૂમશે. તમને પૈસા, પ્રસિદ્ધિ તેમ જ ખ્યાતિ પણ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક (ન,ય): સપ્તાહની શરૂઆતના સમય દરમિયાન તમે કોઈ પ્રવાસ પર જઈ શકો છો. પ્રવાસમાં આરોગ્ય અને નાણાનું ધ્યાન રાખવું જરૂરી બનશે. વેપારીવર્ગને ખૂબ સારો નફો આપનારા સોદા હાથ લાગશે.

મિથુન (ક,છ,ઘ): આ સપ્તાહ તમારા માટે તમારી આશાને અનુરૂપ જ રહેશે. જેનાથી તમને ઘણા લાભની પ્રાપ્તિ થવાની છે. સપ્તાહની શરૂઆતમાં જ કોઈ બિઝનેસ ડીલથી સારા એવા ધનની પ્રાપ્તિ થશે.

ધન (ભ,ફ,ધ,ઢ): તમારું આ સપ્તાહ રોમાન્સથી ભરપૂર રહેશે. જેના કારણે તમારું ગૃહસ્થ જીવન ખૂબ જ સારું રહેશે. તમારા અંતરંગ સંબંધોમાં પણ વધારો થશે અને તમારા જીવનસાથી તમારી મદદ કરશે.

કર્ક (ડ,હ): સપ્તાહની શરૂઆતમાં જ તમે પોતાની જાતને થોડી વિચલિત અનુભવશો. કોઈ પણ નિર્ણય લેવામાં અસહજતાની અનુભૂતિ કરશો. જોકે તમારી કાર્યક્ષમતા અને દૂરંદેશીમાં વધારો થતો અનુભવશો.

મકર (ખ,જ): તમને આ સપ્તાહ દરમિયાન સ્થાવર અને જંગમ મિલકતોનો લાભ મળશે. લાંબા સમયથી જે કામ કરવાથી ખચકાટ અનુભવી રહ્યા હતા તે કામ થવાથી અચાનક જ ફાયદો પ્રાપ્ત થવાના યોગ સર્જાશે.

સિંહ (મ,ટ): આ સપ્તાહે તમારે કોઈ પણ પ્રકારે મૂડી-રોકાણ કરવું અહિતકર સાબિત થશે. આરોગ્યનું ધ્યાન રાખવું જરૂરી બનશે. લગ્ન સાથે સંબંધિત કોઈ ખુશખબર તમને પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ,ષ): સપ્તાહની શરૂઆતના સમયમાં તમારા ખર્ચાઓમાં એકાએક વધારો થશે. તમારું નાણાકીય મેનેજમેન્ટ સુવ્યવસ્થિત રાખવું જરૂરી થઈ પડશે. ગૃહસ્થ જીવન ખુશનુમા રહેશે.

કન્યા (પ,ઠ,ણ): સપ્તાહની શરૂઆતના સમયમાં તમે કોઈ કામમાં અડચણો આવતી હોવાનો અનુભવ કરશો. તમે કોઈ વાહનની ખરીદી કરી શકો છો. ગૃહસ્થ જીવન સારું રહેશે.

મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહની શરૂઆતથી જ તમારી આવકમાં તેજી જળવાઈ રહેશે. કેટલીક નવી યોજનાઓ પર પણ કામ કરશો. તમારા કામની સ્થિતિ જોઈને કેટલાક નવા લોકો તમારી સાથે હાથ મિલાવી શકે છે.

સમસ્યા અને નિરાકરણ

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

પ્રશ્ન : જ્યોતિષાચાર્યજી, મારે મારા પુત્રને આઇપીએસ બનાવવો છે, પણ તેનું મગજ કોમ્પ્યુટરને લગતા વિષયોમાં જ રચ્યુંપચ્યું રહે છે, આપને એની જન્મકુંડળી મોકલું છું. શું એ ક્લાસ વન ઓફિસર બની શકશે? - પ્રીત પટેલ, સુરત

જવાબ : પ્રીતભાઈ, તમારા પુત્રની જન્મકુંડળીના અભ્યાસ પરથી ફલિત થાય છે કે, એના ગ્રહો બળવાન છે તથા તેની જન્મકુંડળીમાં રાજયોગ હોવાથી જો તેના રસ પ્રમાણે શરૂઆતથી અભ્યાસમાં માર્ગદર્શન મુજબ મહેનત કરાવવામાં આવે તો જરૂરથી તે આઇપીએસ બનશે. છતાં તેના રસ અને રુચિ મુજબ તે પોતાની અભ્યાસની લાઇન પસંદ કરશે તો તેમાં પણ તે ઉચ્ચ કારકિર્દી બનાવે તેવા યોગ છે. ઇષ્ટદેવની નિયમિત પૂજા કરો અને હર મંગળવારે ગણપતિજીના મંદિરે બુંદીના લાડુનો પ્રસાદ અર્પણ કરશો. ભાગ્યોદય અવશ્ય થશે.

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', ' અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ત્રુટક લાઇનવાળી આ કૂપન અવશ્ય બીડવી.

કરમકઠરા

જગદીપ ઉપાધ્યાય

૧૬

પૂર્વકથા એ બ્યુટીફુલ...ભૂરી...ભૂરી છોકરી સલોત સાહેબને મળવા માગે છે. સોલત સાહેબ તેને સાંજે સાડા પાંચ વાગ્યે જનતાબાગમાં મળવા બોલાવે છે. થોડું અસમંજસ અનુભવ્યા પછી સલોત સાહેબ નિયત સમય કરતાં વહેલા બાગમાં પહોંચી જાય છે. બાગમાં એક વૃદ્ધ સાથેની વાતચીત દરમિયાન તેમનું ભીતર અકળાઈ ઊઠે છે. પોતે પણ એક કુંવારી કન્યામાં આસક્ત થઈને અવાવરું જગ્યાએ ભટકવા આવ્યા હતા એ તમોગુણમાં પ્રવૃત્ત થવા સિવાય બીજું શું હતું. છોકરી આવતી દેખાતી નહોતી. છોકરીની રાહ જોતાં જોતાં મોડું થયું. તેમણે ઘરે જવાના વિચાર સાથે ગેટ તરફ પગ ઉપાડ્યા. એટલામાં એક સ્કૂટર પર ત્રણ જુવાનિયા આવીને સલોત સાહેબ પાસે અભદ્ર વર્તન કરવા લાગ્યા. તેમને ધમકાવવા લાગ્યા.એક મવાલીએ છરી કાઢીને સલોત સાહેબ તરફ ઘા કર્યો. પછી તરત જ અંધારામાં ઓગળી ગયા. સલોત સાહેબ આ ઘટનાથી હતપ્રભ બની ગયા. મોત નજીકથી પસાર થઈ જતું અનુભવ્યું. **હવે આગળ વાંચો...**

એ બ્યુટીફુલ... ભૂરી ભૂરી છોકરીની આંખમાં ઝળઝળિયાં હતાં.

સલોત સાહેબને હતું કે સાંજે બાગમાં મળવા ન આવી શકેલી એ છોકરી સ્કૂલે તો મળવા આવશે જ. 'ને પ્રથમ તાસથી જ તેઓ એ છોકરીની રાહ જોવા લાગ્યા હતા. આઠેય તાસ પૂરા થઈ ગયા. 'રખે ને પોતાની બહેનપણીઓને મળવા આવેલી છોકરી તેની સાથે વર્ગમાં બેસી ગઈ હોય અને રજા પડતા બહાર આવે.' તેમ વિચારી તેઓ હંમેશની જેમ ઉપરની લોબીમાં દાદરા પાસે ઊભા રહી ગયા. દાદર નીચે ઊતરતા એક એક છોકરા-છોકરીને ધ્યાનથી જોયા, પણ અફસોસ... આજે એ બ્યુટીફુલ... ભૂરી... ભૂરી... છોકરી મોહક નજરે પાછું વાળું જોતી દાદર નીચે ન ઊતરી. સલોત સાહેબ ખાલી દાદરા જેવા ખાલીખમ્મ થઈ ગયા.

દાદરા પાસે તેઓ કેટલીક વાર સુધી વિચારશૂન્ય સ્થિતિમાં ઊભા રહ્યા અને પછી બિલ્ડિંગ બહાર આવ્યા તો છોકરીનાં કાકી સલોત સાહેબની રાહ જોતા ઊભાં હતાં તે મળ્યાં. તેમણે પોતાની ઓળખ તાજી કરાવતાં, ભાવથી સલોત સાહેબને પ્રણામ કર્યા 'ને કહ્યું, 'વડોદરા જવાની તૈયારીમાં પડ્યા હોવાથી તમને મળવા બેનબા નથી આવી શક્યા, પણ તમને મળવા એમણે મને ખાસ મોકલી છે.' છોકરીનાં કાકી છોકરીને 'બેનબા' કહીને માનથી સંબોધન કરતાં હતાં. તેઓએ કહ્યું, 'બેનબા કાલે તમોને બગીચે મળવા માટે આવવાના હતા, પણ અમારી જ નાતના બે-ત્રણ છોકરાઓ હમણા હમણાથી તેમને પરેશાન કરતા હોવાથી જનતાબાગ જેવા નિર્જન સ્થળે અમોએ તેમને ન આવવા દીધા. એકાદ દિવસ માટે અમારા આદમી માણસને ક્યાં ફરિયાદ કરવી? નકામી મોટી માથાકૂટ થઈ જાય! સોનપરામાં ત્રીજી શેરીમાં પહેલું જ 'રામદેવ કૃપા' નામનું અમારે એક મકાન છે તે એરિયો પણ હવે નકામો બનતો જતો હોવાથી અમારે એ મકાન વેચી નાખવું છે. આવતી કાલે

કેટલાક માણસો એ મકાન જોવા આવવાના હોવાથી હું બપોર પછી એ મકાન સાફ કરવા આવવાની છું. એ મકાને મારી સાથે બેનબાને સાથે તેડતી આવીશ. હું ત્યાં નજીક રહેતા એક ઓળખીતાને ત્યાં થોડું કામ હોવાથી કદાચ ગઈ હોઈશ, પણ બેનબા તો એ મકાને જ હશે. તમો આવજો. બેનબાને તમોને મળવું છે અને લ્યો... આ પ્રેઝન્ટ.... બેન બાએ તમોને મોકલી છે.' એમ કહી તેણે પ્રેઝન્ટનું બોક્સ સલોત સાહેબને આપ્યું. જતાં જતાં વંદન કરી 'સાહેબ! તમે અમારા બેનબાને હોશિયાર કરી દીધા. તમારો ખૂબ આભાર.' કહેતાં, બપોરે મળવા આવવાનો ફરી આગ્રહ કરીને છોકરીનાં કાકી ગયાં.

સલોત સાહેબને છોકરીએ પ્રેઝન્ટમાં શું મોકલાવ્યું છે તે જોવાની ઉત્કંઠા થઈ આવી. તેમણે બોક્સ ખોલ્યું તો તેમાંથી કોઈ વિરહાની તસવીરને બદલે ઊંના બૅકગ્રાઉન્ડવાળી સરસ્વતીજીની સુંદર મૂર્તિ નીકળી. સલોત સાહેબને મનમાં થયું કે, 'હવે પોતાને છોકરી વિષેના રંગીન ખ્યાલો છોડી દેવા જોઈએ અને બને તો બપોરે મળવા પણ ન જવું જોઈએ, પણ સલોત સાહેબને છોકરીના વિચારોમાં ક્યારે જમી લીધું અને ક્યારે ત્રણ વાગવા આવ્યા એ ખબર ના રહી.

'જેની સાથે સંબંધનો કોઈ પાયો નથી, જ્યાંથી નિરાશા સિવાય કંઈ પ્રાપ્ત થવાનું નથી, જે દૂર ને દૂર જતા રહેતા ઝાંઝવામાં હાથ પણ બોળવા મળવાનો નથી!, જીવને એક શૂન્યતા ઘેરી વળવાની છે, એક વધુ આઘાત પ્રાપ્ત થવાનો છે એ નક્કી જ છે, તો પણ શું કામ તારે એ છોકરીને મળવા જવું છે?' એમ ભીતર રોકતું હતું. તો મન, 'એક વાર છોકરીને મળી લેવા.. ચૂમી લેવા... ભેટી લેવા ને એથી આગળ..?' ખેંચતું હતું. ભીતર કહેતું હતું, 'ઠૂંઠા પાસે છાયાની અપેક્ષા નિરર્થક છે. થોર પાસે ગુલાબની અપેક્ષા નિરર્થક છે. રણ પાસે જળની અપેક્ષા નિરર્થક છે.' તો મન કહેતું હતું, 'ક્યાં આખું જીવન જોઈએ છે, માત્ર મરજી મુજબની એક પળ જોઈએ છે. ક્યાં બાગ જોઈએ છે, એક લીલો ટહુકો જોઈએ છે. ક્યાં ચોમાસા જોઈએ છે, એક ભીનું ઝાપટું જોઈએ છે. જે છોકરીએ આટલો સ્નેહ આપ્યો તેને એક વાર મળવા પણ નહીં જવાનું?' એમ વિચારી સલોત સાહેબ એ છોકરીના કાકીએ આપેલા સરનામે પહોંચી ગયા. જોયું તો એ

સલોત સાહેબને છોકરીએ પ્રેઝન્ટમાં શું મોકલાવ્યું છે તે જોવાની ઉત્કંઠા થઈ આવી. તેમણે બોક્સ ખોલ્યું તો તેમાંથી ઊંના બૅકગ્રાઉન્ડવાળી સરસ્વતીજીની સુંદર મૂર્તિ નીકળી. સલોત સાહેબને મનમાં થયું કે, 'હવે પોતાને છોકરી વિષેના ખ્યાલો છોડી દેવા જોઈએ

ઘર બંધ હતું. 'પાછું વળી જવું કે શું કરવું?' એમ વિચારતા તેમને મનમાં થયું કે, 'કહ્યું છે એટલે એ લોકો આવશે જ, માટે થોડી રાહ જોવી જોઈએ.' તડકામાં કાયા બળતી હતી. પગ ઓગળતા હતા. કંઠ સૂકાતો હતો. કોઈ ઓળખીતું તો હતું નહીં? ક્યાં બેસવું? છેવટે સામેની બંધ દુકાનના ઓટલે બહાર કાઢેલા છજાના અર્ધા પર્ધા છાંયે તેઓ બેઠા. પસાર થતાં કોઈ કોઈ માણસો સલોત સાહેબને અજાણી નજરે જોતા હતા. એવામાં કંઈક ઠીક લાગતો એક ગ્રાહક આવ્યો ને 'હજુ દુકાન ખૂલી નથી?' એમ પૂછતો દુકાન ખૂલવાની રાહ જોતો સલોત સાહેબ પાસે બેસી ગયો. 'કેમ છો સાહેબ?'થી શરૂઆત કરીને 'કેમ આ બાજુ આવવાનું થયું? ક્યાં રહો છો?, શું કરો છો?' વગેરે પ્રશ્નો પૂછતો તે વાત કરવા લાગ્યો. એટલામાં દુકાનદાર આવ્યો અને દુકાન ખોલી. પેલા ગ્રાહકે થોડી ચીજવસ્તુ ખરીદવાની સાથે દુકાનદારને આ ચીજવસ્તુ સહિત અગાઉના બાકી બિલનો પણ હિસાબ કરી લેવા કહ્યું. દુકાનદારે હિસાબ કર્યો, 'ચાર હજારને ત્રણસો રૂપિયા. પેલા ગ્રાહકે રૂપિયા દસ હજાર દુકાનદારને પકડાવ્યા. બંને વચ્ચે મીઠો ઝઘડો થયો. દુકાનદાર કહે ,'આટલા બધા જમા રાખવાની જરૂર નથી.' પેલો ગ્રાહક કહે , 'ભલે રહ્યા. મારું કાંઈ ઠેકાણુ નહીં.' પેલો ગ્રાહક ગયો. પેલા દુકાનદારે સલોત સાહેબનો પરિચય કર્યો. સલોત સાહેબે જિજ્ઞાસાથી પૂછ્યું, 'હમણા ગયો એ ગ્રાહક કોણ હતો?' પેલા દુકાનદારે ટાઢા કોઠે કહ્યું, 'સાહેબ! ઈ ચોર હતો. ચોરી કરવાનો ધંધો કરે છે. બહુ પ્રમાણિક હો! એને સારો માલ હાથ લાગે ત્યારે એ એનો બાકી બધો હિસાબ કરાવી જાય 'ને ઉપરથી અમુક રકમ જમા કરાવી જાય.'

સલોત સાહેબ સડક થઈ ગયા. એમને થયું કે પોતે એ અજાણ્યા ગ્રાહક વિષે ક્યાં પૂછી બેઠા? પેલા દુકાનદારે આગળ ચલાવ્યું, ''સાહેબ! તમારો ધંધો સુંવાળો, આમનો ધંધો જોખમી! પણ સાહેબ! 'સાહસે શ્રી પ્રતિવસતિ!' ધનની ત્રણ ગતિ છે; દાન, ભોગ અને નાશ. લોભિયા દાન પણ કરે નહીં, ખાય પણ નહીં ત્યારે એની ત્રીજી ગતિ થાય. આવાને સજા કરવા જ ભગવાને આ લોકોને નિર્માણ કર્યા છે.'' અંદરથી અણગમો અનુભવતા સલોત સાહેબ દુકાનદારની ગજબની ફિલસૂફી સાંભળી રહ્યા. તેણે આગળ વાત ચાલાવી, 'જોકે સાહેબ! તમને આવું બધું નો ગમે પણ શું થાય? તમારા શિક્ષકોનું ખરાબ બોલવાનો મારો ઈરાદો નથી, પણ આ તો ખાલી વાત કરું છું. આ છોકરો બહુ સોજો હતો, પણ કોઈક નકામા છોકરાએ પ્રાર્થના વેળાએ બીજા છોકરાના પુસ્તક અને કંપાસની ચોરી કરીને આના દફ્તરમાં મૂકી દીધા. તેને એમ કે રિસેસ વેળા ફરી રૂમ ખાલી થશે એટલે પોતે આ બધું કાઢી લઈને ઘેર લઈ જશે, પણ જેની વસ્તુઓ ચોરાઈ હતી એ છોકરાએ ફરિયાદ કરતા શિક્ષકે બધાના દફ્તર ચેક કરાવ્યા 'ને

સલોત સાહેબે રસ્તામાં થોડા કામકાજ પતાવ્યા, પણ તેમાં રેલવે સ્ટેશને જવાનો સમય ભરાઈ ગયો. તેઓનું મન તો રેલવે સ્ટેશને પહોંચી ગયું. પોતાની રાહ જોતી છોકરી પોતાને જોતા જ ટ્રેનના ડબ્બામાંથી, હૃદયમાં ઊઠતા વિદાયના વસમાં ભાવોથી દ્રવતી, નીચે ઊતરી

આ છોકરાના દફ્તરમાંથી ચોરીની વસ્તુઓ મળી આવતા શિક્ષક તેને પ્રિન્સિપાલ પાસે લઈ ગયા. આ છોકરો 'પોતે ચોરી નથી કરી' એમ ઘણુ કરગર્યો, પણ તેનું કંઈ જ ન સાંભળતા પ્રિન્સિપાલે એને નિશાળમાંથી હાંકી કાઢ્યો. એની આ છોકરાના મગજ પર એવી વિકૃત અસર થઈ કે આ છોકરો ચોરીના રવાડે ચડી ગયો. સાહેબ! આ છોકરાએ તો ચોરી નહોતી કરી, પણ કદાચ કરી હોયને તો પણ ગુરુઓએ સુધારવો જોઈએ!'

સલોત સાહેબના ભીતરે આઘાત અનુભવ્યો, 'એક ચોરીની માત્ર શંકા છોકરાને ચોર બનાવી શકે છે તો પોતે? પોતે તો એક છોકરીને વિદ્યાર્થી અવસ્થાથી જ કામવૃત્તિમાં પ્રવૃત્ત કરવા માગતા હતા. મોટી થઈને આ છોકરી શું થાત? પેલો દુકાનદાર સાચું જ કહે છે. કદાચ એ છોકરી અસંસ્કારી હતી તો પોતે એને સુધારવી જોઈતી હતી. એને બદલે પોતે....?!'

દુકાનદારે જાણે કાંઈ નવાઈ ન હોય તેમ વાત શરૂ રાખી, 'શું કરીએ સાહેબ! ધંધો લઈને બેઠા છીએ એટલે લતા પ્રમાણે ઘરાક સાચવવા પડે. ખાનગીમાં અમારે દારૂની બોટલોય વેચવી પડે અને એમાં જ અમોને ખરો નફો મળે. સાહેબ! ક્યારેક છાંટો પાણી કરવાનું મન થઈ જાય તો કહેવું હો!' સલોત સાહેબથી આવું બધું સંભળાતું નહોતું અને દુકાન પાસેથી ઉઠાતું પણ નહોતું. એટલામાં છોકરી તો ન આવી, પણ છોકરીના કાકા પેલા મકાન જોવાવાળાને લઈને આવ્યા. તેને સલોત સાહેબને આવી દુકાને બેઠેલા જોઈ નવાઈ લાગી. સલોત સાહેબને શું વાત કરવી તે સૂઝ્યું નહીં, પણ પેલી છોકરીના કાકાએ સલોત સાહેબને સામેથી બોલાવ્યા, 'આવો સલોત સાહેબ... આવો આવો...' અને તેણે સલોત સાહેબના આવવાના પ્રયોજનનો ખ્યાલ હોય તેમ કહેવાનું શરૂ કર્યું, 'મારા ઘરના સાથે બેન તમને મળવા આવવાની હતી, પણ આ લોકો આવતી કાલને બદલે આજે જ મકાન જોવા આવી જવાના હોવાના સમાચાર મળવાથી, મારા ઘરવાળા એકલા આવીને મકાન વહેલા સાફ કરી ગયા. અત્યારે તો બેન અમારા મોટાભાઈને ઘેર મળવા ગઈ છે એટલે ઘેર પણ નહીં હોય, એમ કરોને સાહેબ! શક્ય હોય તો સાંજે સાત પહેલાં રેલવે સ્ટેશને જજોને. બેનને મળી લેવાશે. વળી, તમે મળશો તો બેનનો પણ ઉત્સાહ વધશે.' 'ચાલોને ટ્રાય કરું...' એમ કહી પાછા વળવા કરતાં સલોત સાહેબને રોકી છોકરીના કાકાએ પેલાની દુકાનમાંથી બધા માટે ઠંડા પીણાની બોટલો મંગાવી. સલોત સાહેબને ઠંડા પીણાની બોટલ પીતા પીતા શરાબના ઘૂંટડા ભરતા હોય તેવી પ્રતીતિ થઈ.

સલોત સાહેબે રસ્તામાં થોડા કામકાજ પતાવ્યા, પણ તેમાં રેલવે સ્ટેશને જવાનો સમય ભરાઈ ગયો. તેઓનું મન તો રેલવે સ્ટેશને પહોંચી ગયું. જાણે પ્લેટફોર્મ પર ગાડી ઊભી હતી. આંખોમાં પ્રાણ લાવી પોતાની રાહ જોતી છોકરી પોતાને જોતા જ ટ્રેનના ડબ્બામાંથી, હૃદયમાં ઊઠતા વિદાયના વસમાં ભાવોથી દ્રવતી, નીચે ઊતરી. સલોત સાહેબને નમી પગે લાગી ને તેના હાથને ચૂમીને માથે ચઢાવ્યો. સલોત સાહેબે તેની આંખોમાં જોયું. એ બ્યુટીફુલ... ભૂરી.. ભૂરી... છોકરીની આંખમાં ઝળઝળિયાં હતાં. એટલામાં ટ્રેન ઊપડવાનો પાવો વાગતા એ રૂંધાયેલા કંઠે કશું બોલ્યા વિના સ્નેહના અણકથ્યા ભાવો લઈને ટ્રેનમાં બેસી ગઈ. ટ્રેન ઊપડી અને છોકરીને 'બાય' કહેવા સલોત સાહેબનો ઉપર ઊઠેલો હાથ હવામાં ઉપર રહી ગયો. એ રેલવે સ્ટેશને માંડ પહોંચ્યા. એક ગાડી ઊભી હતી. તેમણે બાઈક ઝડપથી પાર્કિંગમાં પાર્ક કર્યું. પાર્કિંગ પણ આજે સલોત સાહેબને છેટું લાગ્યું. તેઓ રેલવે સ્ટેશનના પગથિયા ચડે તે પહેલાં જ ટી.ટી.એ વ્હીસલ મારી અને ટ્રેન પાવો વગાડતી ઊપડી. સલોત સાહેબને પ્લેટફોર્મ ટિકિટ લેવાનું વેળા પણ ન રહી. 'ઊપડેલી ટ્રેન બરોડાની તો કદાચ નહીં હોય?' તેમ વિચારતા તેઓ પ્લેટફોર્મમાં દાખલ થયા. ત્યાં સામેથી આવતા કોઈ હમાલને તેમણે પૂછ્યું કે, 'કઈ ટ્રેન ગઈ?' તો તેણે જવાબ આપ્યો, 'બોમ્બે વાયા બરોડા....!' સલોત સાહેબ એ દૂર જતી ટ્રેન પાછળ જોઈ રહ્યા. એ ટ્રેનનો ધુમાડો પોતાની અંદર ફેલાઈ રહ્યો. ટ્રેન અદૃશ્ય થતાં તેઓ પ્લેટફોર્મના એક બાંકડે બેસી ગયા. એવામાં એક પાગલ સ્ત્રી બરાબર સલોત સાહેબની સામે આવીને ઊભી રહી 'ને દીવાનગી ભર્યું હસીને બોલી, 'હાય....! મેરે દિલબર...' સામે ચાની દુકાને ઊભેલા માણસોમાંના કેટલાક સલોત સાહેબની સામે જોઈને 'હાય ...દિલબર...' કહેતા મોટેથી હસવા લાગ્યા. સલોત સાહેબને થયું, અરેરેરે.... જ્ઞાનનો ઉપાસક એવો હું એક રેત કન્યા માટે અવાવરું બાગમાં!, ચોર ઉચ્ચકા રહે છે તેવી ગલીમાં!, પાગલો સામે આવીને ગમે તેમ લવારા કરે છે તેવા ખાલીખમ્મ રેલવે સ્ટેશનમાં! એમ ક્યાં ક્યાં ભટક્યો? એક સફેદ વાળવાળો વૃદ્ધ સામેની બાંકડીએ મોટેથી ખાસતો હતો. ભીતર બોલ્યું, 'તને ખબર છે કે એક વાર તારી કાયાની દશા પણ આવી થવાની છે તો પણ મોહને વશ થઈ સામાન્ય જનની જેમ તુંયે આત્મ ચેતનાની ઉપાસના ભૂલી જાય છે?'

'ને તેઓ 'હવે પછી કોઈ છોકરીને ટ્યૂશનમાં ન બોલાવવાનો' નિર્ણય કરીને રેલવે પ્લેટફોર્મના બાંકડેથી ઊઠ્યા. ■

(ક્રમશઃ)

TOP FM

Jab Suno Top Suno

Top ગીતો , Top વાતો
એટલે Top FM

13 Stations 1 Network

Junagadh 91.9 ▪ Jamnagar 91.9 ▪ Bhavnagar 93.1 ▪ Godhra 93.1 ▪ Veraval 93.5 ▪ Porbandar 93.5
Bharuch 105.2 ▪ Mehsana 92.7 ▪ Leh 91.1 ▪ Kargil 91.1 ▪ Kathua 91.1 ▪ Poonch 94.3 ▪ Bhaderwah 94.3

www.topfm.in I Follow Us on :

Pioneer in spices since 60 years

JHAVERI's MAST !

Desh ka Swad

Biryani Masala (with Saffron)

Available in 50g, 100g & 1kg (Jar)

jspl JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 4384/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO. AHD-380 002 ON SATURDAY 03-07-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015